

કુમાર

સળંગ અંક

તંત્રી · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક

૧૨૦

કુમાર

માગશર ૧૯૯૦

અંક ૧૨૦

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.


¶, વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશના ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે.

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

સુરતના એજન્ટ : વનરાજ બ્રધર્સ : લીમડા ચોક : સુરત

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ

મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



ઝરૂખે

ચિત્રકાર · રસિકલાલ પરીખ

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

કુમાર

માગશર
૧૯૯૦

અમારી યુગલક્ષ્યકૂચ

• પૃથ્વી •

અમારી યુગલક્ષ્યકૂચ મહીં કોઈ રસ્તા નથી;
ચિલા સકલ છોડી, તોડી સહુ માર્ગજાળાં જૂઠાં,
ધરાતલ અખૂટ પંથહીણપંથ લીધો અમે,
ધપી અદમ પૌરુષે કદમકૂચ ખેડી રહ્યા.
વહ્યાં સરિતવ્હેણ આજ લગી ટૂંકડી નીકમાં,
પરંતુ પૂર મોકળાં વહી જતાંની વાતો જુદી;
ખૂંદી જમીનખેડ, ડુંગર ઉખેડી ઓળંગીને
નિરંકુશ વહંત માત્ર વડી સિન્ધુમાઝા ગ્રહે.

અમારી ઉરઊર્મિને નજરમાં કિનારા નથી,
કુલેલશઢ નાવને ન ભવસાગરે માર્ગ કો,
ન બંદર નજીકમાં, જળ અફાટ ગર્જે, ફકત
પણે ક્ષિતિજટોડલે અજરજ્યોત તારોડિયો
ઝબૂક ઝબકંત વ્યોમ ધ્રુવદીવડો, લક્ષ્ય એ!
યકીન બસ એ ધરી ઉર ધપ્યે જતા કાફલા!

ઉમાશંકર જોષી

ઉન્નત આત્મભાનની ઉક્તિવાળાં આવાં કાવ્યોની ખરીખોટી પણ શરૂઆત કર્યાનો પ્રયત્ન 'કુમારે' છેલ્લાં દસ વર્ષથી જે કર્યો છે તેમાં, નિયમિત વાંચનારા જોતા આવતા હશે કે, ધીમેધીમે ભાવ અને લઢણના ફેરફારો થયા કર્યા છે. 'હું તૈયાર, હું તૈયાર!' જેવાં ચમૂગીતોથી માંડીને 'સૈનિકોને નયન રમતા મૃત્યુનો હું ઉમંગ' જેવાં ઉદાત્ત આદર્શોની તમન્ના અને મહેચ્છાની મસ્તીથી ભરેલાં સુમધુર કલ્પનારંગી સૉનેટો અને 'વિશ્વમાનવી' જેવાં વિરાટ ભાવનાભર્યાં કાવ્યખંડો સુધીની વિવિધતા એમાં આવ્યા કરી છે. આ કાવ્યમાં, એવાં કાવ્યોમાંનો વ્યક્તિગત અસ્મિતાવાળો 'હું' વિસ્તરીને આધુનિક સંઘશક્તિના યુગને અનુરૂપ 'અમે' બન્યો છે. કૂચ પણ 'ટૂંકો પથવિસ્તાર કાપવાની નથી, પણ 'યુગલક્ષ્યકૂચ' છે,—જેમાં કોઈ નિશ્ચિત રસ્તા જ નથી; કેમકે બધા જૂના ચીલા અને જૂઠાં માર્ગજાળાં છોડીને ધરાતલમાં અખૂટ એવો 'પંથવિનાનો પંથ લીધો છે; 'આજ સુધી સરિત્વ્હેણ ટૂંકી નીકમાં વહ્યાં જતાં હતાં; પણ હવે તે મોકળાં વહી જતાં પૂરની વાતો જુદી છે એ નિરંકુશ પ્રવાહને માત્ર સિંધુની જેમ એક જ મોટી માઝા છે.'...આમ કાવ્યપ્રવાહ સરળ છે. એ જ ઉદાત્ત આત્મભાન છે; 'અમારી ઉરઊર્મિને નજરમાં કિનારા નથી' જેવી એ જ અનંત વિસ્તારવ્યાપી મહેચ્છા અને કલ્પનાવિશાળ આદર્શની તમન્ના છે. પણ એ તમન્ના પોલી નથી. 'પંથહીણ પંથ લીધેલી', 'નજરમાં કિનારા વિનાની', 'અફાટ ગરજતાં જળ' વચ્ચેની એ 'યુગલક્ષ્યકૂચ'ને પણ 'ક્ષિતિજટોડલે એક અજરજ્યોત તારોડિયો' છે;–કલ્યાણનો ધ્રુવદીવડો. અને એ જ લક્ષ્ય ઉપર યકીન ધરીને કાફલા ધપ્યે જાય છે. રૂપ સૉનેટનું છે, પણ અંત જોઈએ તેટલો જોરદાર લાવી શકાયો નથી એટલું ખૂંચે છે. —બ.શા.



■ એક મિત્રના પત્રમાંથી: '. . . હવે 'કુમાર' માટે મિત્રભાવે કંઈક લખું તો ક્ષમા કરશો. 'કુમાર' ઉત્તરોત્તર સારું થાય એ ઇચ્છા હોવાથી જ કેટલુંક લખું છું.

(૧) 'કુમાર'ની અનિયમિતતા અક્ષમ્ય છે. 'કુમાર'નો પ્રથમ સંદેશો અનિયમિતતા કેમ હોઇ શકે? આપને મુશ્કેલીઓ તો હરરોજ; પણ એને નિયમિત કરો.

(૨) 'કુમાર'માં આવતાં જીવનચરિત્રો પહેલાંના જેવાં—એટલે કે પાણીદાર ભાષામાં લખાએલાં આવતાં નથી. 'દરિયાનો દાનવ' એ ચરિત્રની તથા તેના લેખકની ભાષા સુંદર છે. એવા લેખકને હાથે જીવનચરિત્રો લખાવો તો સાચી પ્રેરણા મળે.

(૩) 'કુમાર'માં અધૂરી રહેલી વાતો મારા મિત્રમંડળમાં—'કુમાર'ના પ્રશંસકોમાં કચવાટનું કારણ સકારણ થઈ પડી છે.

(૪) 'કુમાર' પહેલાંનાં જેવું હવે નથી આવતું એવી બૂમ ઘણે સ્થળેથી સાંભળી છે. કુમારનું 'સ્ટાન્ડર્ડ' ઓછું થતું જાય છે તે તરફ પણ ખાસ ધ્યાન ખેંચું છું.

'કુમાર'માં સંસ્કારસ્મરણ આવતાં હતાં ત્યારે જ આ બધું લખવા વિચાર હતો. સંસ્કારસ્મરણની માફક આવું કંઇ આવ્યું છે ખરું? ને આવે તો ઝગોખરા?'

આ ભાઇને અન્યાય ન લાગે માટે અમે તેમના પત્રની હકીકત અત્રે ઉતારી છે; પરંતુ 'કુમાર'ની મિજલસ બરોબર વાંચનારા જાણતા હશે કે અમે અમારા દોષ કદી છુપાવ્યા નથી. તેનાં કારણો પણ સ્પષ્ટ રીતે ચર્ચ્યાં છે. હજુ થોડા જ માસ પર અમારા કાર્યનું કડક નિરીક્ષણ કરતો આવો જ એક પત્ર અમે પ્રકટ કર્યો હતો અને તેના પરિણામે તો 'દરિયાનો દાનવ' લખનાર મિત્રે તુરત લખ્યું હતું કે 'પાતાળ નૌકા' તેઓ પહેલી તકે મોકલી આપશે. અને અમને આશા છે કે આવતા વર્ષમાં અમે તે પ્રકટ પણ કરી શકીશું.

સંસ્કારસ્મરણ [૬]

'કુમાર'નું સ્થાન ગુજરાતનાં બધાં માસિકોમાં અનન્ય છે ઘણાની જેમ 'કુમારે' જ મારું જીવન ઘડ્યું છે, એ કહેવામાં હું જરા યે અતિશયોક્તિ નથી કરતો 'કુમાર' ન હોત તો હું ક્યાં કેવી સ્થિતિમાં હોત તેની કલ્પના કરી શકતો નથી. 'કુમાર'માં સુધારાવધારાને અવકાશ છે, છતાં બધાં માસિકો કરતાં એનું સ્થાન મને હમેશાં પૂજનીય લાગ્યા કર્યું છે ને લાગશે. —મણિલાલ મિસ્ત્રી

લેખોની કક્ષા વિષે તો, ગુજરાતના શિષ્ટ લેખકોમાં હોઇ શકે તેનો સંપૂર્ણ લાભ 'કુમાર'ને મળે છે; એટલે તે બાબતમાં તે ભાઈ નવા લેખકો જન્મ લે તેની આશામાં ધીરજ રાખે એટલુંજ ઇચ્છીશું. 'કુમાર'ના લેખકમંડળમાં ગુજરાતના અગ્ર લેખકોનો જબરો ભાગ છે એ વાત સુવિદિત છે. તેમનાં લખાણનો ફાલ જોઇએ તેટલો ન આવી શકે તેમાં કોનો વાંક? લેખકો માટે ગુજરાત ફળદ્રુપ ભૂમિ ત્યારે જ નીવડે જ્યારે લેખકોને સંપૂર્ણ નિર્વાહ આપી શકે એવું પત્રકારિત્વ જામે; અને વિશાળ વાચકસમુદાય વિના એટલું ખર્ચાળ પત્રકારિત્વ શી રીતે નભે? આજ સુધીમાં 'કુમારે' ક્વચિત જ ૧૬૦૦ ગ્રાહકોની હદ વટાવી હશે આઠ કે દસ હજારની ગ્રાહકસંખ્યા ગણાવનારા પત્રકારોની સ્થિતિ લેખસાહિત્યમાં તપાસો તો જ 'કુમાર'નું 'સ્ટાન્ડર્ડ' સમજાશે. સંસ્કારસ્મરણ રજુ કરવામાં અમારો એ જ આશય હતો કે અમારી ક્ષતિઓ છતાં યે તેને ન્યાયપૂર્વક નિહાળનારો એક વર્ગ છે.

■ 'કુમાર'ના તંત્રીની ઇચ્છા છે કે 'કુમાર' માત્ર વાચન પૂરું પાડનારું સાધન ન બનતાં જીવનમાં ક્રિયા ને પ્રયોગનો પ્રચાર કરનારું યોગ્ય તંત્ર બની રહે. એ હેતુને વધુ સફળ બનાવવાને અમે એક યોજના વિચારી રાખી છે, અને તેનો અમલ આવતા વર્ષથી જ કરવાના નિશ્ચયથી 'કુમાર'ના સંચાલનમાં કેટલાક ફેરફારો નિરધાર્યા છે.

તેમાં પ્રથમ ફેરફાર રૂપે તંત્રી, લેખ અને સાહિત્યસંભાળવાના ભારથી મુક્ત થઇ ઉપરોક્ત ક્રમાનુસાર પોતાની યોજના પાછળ જોડાશે અને શ્રી બચુભાઈ રાવત 'કુમાર'નું લેખસાહિત્ય અને પત્રવિધાન સંભાળશે; એટલેકે આજ સુધી અવ્યક્તપણે સહતંત્રી હતા તે જાહેર રીતે હવે પત્રના સંપાદકતરીકેનો સર્વ ભાર ધારણ કરશે. તેથી ગુજરાત તેમની શક્તિ ને સંસ્કારને સમજી શકશે. તંત્રી તરફથી વખતોવખત સૂચક લેખસામગ્રી, ચિત્રસમાલોચના, ફોટોગ્રાફિક હરીફાઇની ચર્ચા વગેરે તો બરોબર ચાલુ રહેશે. મિજલસનું સ્વરૂપ પણ જરા બદલાશે. 'મારી નજરે' એવા મથાળા નીચે તંત્રીના પરિચયમાં આવતાં માનવીઓ, પ્રસંગો, પુસ્તકો અને પ્રયોગો ઉપર ટૂંકીટૂંકી નોંધો આવશે.

ગ્રાહકોને અમે ખાત્રી આપીએ છીએ કે 'કુમાર'ને નિયમિત તેમજ સમૃદ્ધ કરવાને અમે પહેલાં કરતાં વધારે સાહિત્ય, સાધન અને માણસોની ગોઠવણમાં પ્રવૃત્ત છીએ; પરંતુ 'કુમાર'નું સ્વરૂપ બગાડી, તેને ગમેતેમ બહાર પાડી દઇ માત્ર નિયમિતતાને વળગી રહેવાનો આદર્શ અમને સ્વીકાર્ય લાગતો નથી. જે પત્રો સામયિક સમાચારો અને પ્રવૃત્તિઓ સાથે જોડાએલાં હોય છે તેને એવી વ્યવસ્થાની પૂર્ણ જરૂર છે, પણ જે પત્ર ચિરંજીવ અને ચિરસ્થાયી કલા તથા સાહિત્યપ્રસાદ આપવા ચાહે છે તેનું લક્ષ્ય સમય કરતાં સફળતા પર હોવું જોઇએ એમ પણ અમે માનીએ છીએ.

નેપથ્યમાંથી

પૃથ્વી સમું ગૌરવગાઢ ધૈર્ય,
સંદેશસંવાહક મેઘ શો ને
વાયુ તણું સૂક્ષ્મ પ્રબુદ્ધ શૌર્ય,
ચૈતન્યની અંતર તેજદૃષ્ટિ,
એ સૌ તારી, પ્રિયતમ, હજો આત્મની રિદ્ધિસિદ્ધિ.

—દેશળજી પરમાર

નૂતન વર્ષ નિમિત્તે અનેક અભિનંદનોની આપલે તો થાય છે, પણ તેમાં આ ઉપરનું, સર્જનની કલા તરીકે સુઘટિત અને સુંદર હોવાથી, અંગત છતાં, એના કાવ્યગુણને ખાતર અહીં ઉતારવાની ધૃષ્ટતા કરી છે. પંચમહાભૂતના બનેલા માનવીને આશિષ આપવા માટે તે પાંચે તત્ત્વોમાં રહેલા વિશિષ્ટ ગુણધર્મમાંની એકેક મુખ્ય બલવત્તર ગુણાતિશયતા ઈચ્છવી એ કલ્પના અને ભાવ અભિનવ છે. પ્રત્યેક લીટીમાં પ્રત્યેક ભાવ સુસંયોજિત રીતે સમાવીને છેલ્લે આશિષમાં છલકાતા હૃદયભાવની પેઠે છેલ્લી લીટીમાં પણ છંદપલટો કરીને ઉક્તિને છલાવી છે.

卐

વિશાલ જ્ઞાનસાગરના અફાટ વિસ્તાર અને પ્રચંડમનોહર તેની લીલાને કુતૂહલ, અભીપ્સા તથા મહેચ્છાનાં દાબેલાં સ્વપ્નભરી આંખે નિહાળતા, અને કિનારા પરનાં તેનાં જલમાંથી ભરાય તેટલી અંજલિઓ ભરવા મથતા પંદર વર્ષના એક કાઠિયાવાડી હાઈસ્કૂલના વિદ્યાર્થીએ, પુસ્તકાલયની પોતાની રોજંદી મુલાકાતમાં ઈ. ૧૯૧૨ના જાન્યુઆરીની એક સવારે આસમાની પૂઠાનું એક નવું માસિક ટેબલ ઉપર આવેલું જોયું. ઝડપ્યું અને એક જ બેઠકે તેમાંથી લઇ શકાય તેટલી તૃપ્તિ લીધી. એ વેળાએ નીકળતાં માસિકોમાં કંઇક નવું જ સ્વરૂપ ધારતા એ નવા આગન્તુકે એના બાલક મન ઉપર ઊંડી છાપ પાડી દીધી.

卐

શાળાના શિક્ષણ બહાર પણ વિદ્યાર્થીઓને જાણવા જેવું ઘણું હોય છે એનો અનુભવ કરાવનાર એક સાહિત્યરસિક શિક્ષક હાઈસ્કુલમાં હતા. બપોરે પોતાનો સમય લેવા આવ્યા ત્યારે એ નવું આવેલું પેલું માસિક સાથે લેતા આવ્યા. અભ્યાસકાર્ય થઇ રહ્યા પછી સૌ સમક્ષ એનું વાદળીઆ રંગનું પૂઠું ધરીને કહે 'આજે આ એક નવું ગુજરાતી માસિક આવ્યું છે...' અને આગળ કહેવા માટે કંઇક થોભીને તેઓ સૌ સામે જુએ છે ત્યાં તો, સવારે પોતે જે તૃપ્ત આસ્વાદ લીધેલો તે વ્યક્ત કરવાના બાલક ઉત્સાહમાં પેલો વિદ્યાર્થી વચ્ચે જ બોલી ઊઠ્યો: 'હા સાહેબ, એ ઘણું જ સરસ છે!' બીચારાની જ્ઞાનપિપાસાની કદરને અભાવે, કે એણે બતાવેલી ધૃષ્ટતા પ્રત્યેના અણગમાથી, ગમે તેમ, પણ તરત એક ધીમો ઉપાલંભ શિક્ષક તરફથી આવ્યો: '...ચાલો, અભિપ્રાય પણ મળી ગયો!' એ ઉપાલંભે ખડકેલા શરમના બોજાથી પેલાનું શિર નમી પડ્યું.

卐

ગુજરાતી પત્રસાહિત્યમાં પોતાનું વિશિષ્ટ સ્થાન ધારનાર તથા ટકાવી રાખનાર એ આસમાની રંગના પૂઠાવાળા માસિક 'સાહિત્ય'ના સાહિત્યનું પાન તે પછી હમેશાં, લાગટ, નિયમિત તેણે કર્યું. 'ચર્ચાપત્રો' અને 'ગ્રંથાવલોકનો'ના વિભાગોમાં જણાતાં એના તંત્રીનાં તાટસ્થ્ય, ગૌરવ ને ગિરાભક્તિ જોઇ એ મુગ્ધ થયો અને એમનું નામ જાણવાની સ્વાભાવિક ઇંતેજારી એને થઈ પણ પૂઠા ઉપર 'પ્રકટકર્તા મગન હરગોવિંદદાસ કાંટાવાળા માટે' ફલાણા છાપખાનામાં ફલાણાએ છાપ્યું એ સિવાય ક્યાંય કશું જણાયું નહિ. . . . મોડી મોડી, વર્ષો પછી, તેને જાણ થઈ કે 'પ્રકટકર્તા' તરીકે આવતા એ તદ્દન સાદા નિરભિમાની નામની પાછળ જ એ માસિકના અવ્યક્ત તંત્રીનું ઉજ્જ્વલ વ્યક્તિત્વ છુપાયું છે. . . . અને પછી તો એ પણ જાણ થઇ કે એ ત્રણ અક્ષરનું સામાન્ય જણાતું એ નામ તો માત્ર વ્યવહારમાં આપવું પડતું નામ જ છે; બાકી એમના અંગત મંડળમાં, એ માસિકના અને એમના પોતાના જન્મસ્થાન વડોદરાના સમાજમાં, સાહિત્યક્ષેત્રના સમવયસ્કોમાં એમનું લોકપરિચિત નામ તો છે મટુભાઈ કાંટાવાળા.

卐

એમના પ્રત્યેના એના આદરભાવનાં અનેક કારણોમાં એક મોટું એ હતું કે દલપતરામના જેવા, 'શાણી ગુજરાતી રાણી' ગુજરાતી ભાષાના સાચી દાઝવાળા નીડર 'વકીલ' એ એને જણાયા. ખોટી વાક્યરચનાઓ ને વ્યાકરણદોષોથી, અંગ્રેજી ભાષાંતરિયા પ્રયોગોથી, સંસ્કૃત શબ્દોના બોજાથી, જ્યારેજ્યારે સરળ, સ્વાભાવિક, ગૌરવગતિ ગુર્જર ગિરાના પ્રવાહને કોઇ અભડાવતું કે રોધતું ત્યારેત્યારે તેની સામે એમનો પોકાર ઊઠ્યો જ હોય. એમની જાગતી ચોકી અને નીડર વિરોધે ધરેલી લાલ બત્તીઓ પોતાના જેવા અનેકની માર્ગદર્શક છે એ જાણી એનો એ આદરભાવ વધ્યો.

卐

બીજાં થોડાં વર્ષો વીતી ગયાં ને અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદની છઠ્ઠી (અને પહેલવહેલી) બેઠક જોવાનો એને અવસર મળ્યો ત્યાં પ્રમુખ હરગોવિંદદાસને પડખે એક વિચિત્ર ઘાટની પાઘડી-ટોપી પહેરેલી, ભીના વાનની, ભરાવદાર અને કદાવર છતાં ચપળ વ્યક્તિ જુદી તરી આવતી તેણે જોઇ. ઘણા સાક્ષરોની છબીઓ જોએલી, પણ આ વ્યક્તિ તેને અજાણ હતી. કોઇએ કહ્યું કે એ મટુભાઇ કાંટાવાળા. એ પરિષદ વેળા થએલી કેટલીક ચર્ચાને અંગે તે પછીના 'સાહિત્ય'ના અંકોમાં, અને ત્યાર બાદ સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ વખતે ભાવનગરમાં 'આમવર્ગને માટે જ સાહિત્ય'ની હિમાયત કરતો એમનો તીણો અવાજ બુલંદપણે ગાજી ઊઠતો એણે સાંભળ્યો.

卐

મ. ગાંધીજીની પ્રવૃત્તિથી રાષ્ટ્રભાષાને સિંહાસને હિંદી આરૂઢ થઇ તે સાથે રાષ્ટ્રલિપિની ચર્ચા પણ શરૂ થઇ. એ વેળા, ગુજરાતી લિપિનો મરોડ સુંદર, લખાવટ સરળ, દેવનાગરી સાથેનું તેનું ળળતાપણું વધારેમાં વધારે હોવાને લીધે રાષ્ટ્રલિપિ તરીકે પ્રચલિત થવાની શક્યતા મોટામાં મોટી તેની

[અનુસંધાન આગળ પૃ. ૪૫૫ ઉપર]

જગતપ્રગતિનું શતાબ્દી પ્રદર્શન


અમેરિકામાં મિશિગન સરોવરને કિનારે આવેલું શિકાગો શહેર એ દેશમાં તેમ જગતમાં અનેક વિશિષ્ટતાઓને માટે પ્રખ્યાત છે. પ્રચુર વસ્તી, ધીકતો ધંધો, સૌંદર્યભરી નગરરચના—તેમ બીજી બાજુ માથાફરેલી ગઠિયા ટોળીઓ (Gangsters).- એમ અનેકવિધ તત્ત્વો ધરાવતું આ શહેર જગતનાં વયમાં નવજવાન શહેરોમાંનું એક છે. છતાં સૌ કરતાં એણે વધારે ઝડપી અને તેજભરી પ્રગતિ કરી છે. આજથી ચાળીસ વરસ પહેલાં ઇ.સ. ૧૮૯૩માં એ શહેરને એક નવો વિચાર સૂઝ્યો. એ સાલમાં કોલંબસને અમેરિકા શોધ્યે ચારસો વરસ પૂરાં થતાં હતાં. એ પ્રસંગ ઉજવવાને શિકાગોએ 'કોલંબસ એક્સપોઝિશન' નામનો એક જંગી મેળો ભરેલો, જેમાં જગતની વિવિધ વિચિત્ર અને અદ્‌ભુત ચીજો તથા પ્રગતિ દર્શાવનારી વસ્તુઓ અને સાધનો રજુ થયાં હતા.

તે પછી આજ ચાળીસ વર્ષે–૧૯૩૩મા–શિકાગોએ એવો જ એક બીજો જંગી જગતમેળો ભર્યો છે. તેનો ઉદ્દેશ શિકાગોના ઇતિહાસનું શતવર્ષી ઉજવવાનો છે. ઈ.સ.૧૮૩૩માં માત્ર સાડાત્રણસો માણસની વસ્તીવાળું નાનું ગામડું શિકાગો હતું તે દિવસથી માંડીને આજે એ ઉદ્યોગધંધાથી ધીકતું ને માનવવસ્તીથી ઊભરાતું શહેર થયું ત્યાં સુધીના સો વરસના ગાળામાં એ શહેરે જ માત્ર નહિ પણ સમસ્ત જગતે પણ વિવિધ ક્ષેત્રોમાં કેટકેટલી પ્રગતિ સાધી છે તેનો આંક નજર સમક્ષ ખડો કરે એવું વિસ્તૃત, શિક્ષણદાયી, પ્રગતિદર્શક, રોચક, આનંદજનક અને વિચારપ્રેરક એક ગંજાવર પ્રદર્શન ભરવાની એણે યોજના કરી, અને ત્રણેક વર્ષની તડામાર તૈયારી પછી એ પાર પણ પાડી. જગતના દેશવિદેશથી નવાઈની, જ્ઞાનની, પ્રગતિની અનેકવિધ વસ્તુઓ ત્યાં લાવીને ખડી કરવામાં આવી છે. વિજ્ઞાન અને ઉદ્યોગનાં ક્ષેત્રોમાં જગત કુદકે ને ભુસ્કે કેટલું આગળ વધ્યું છે તેનાં પ્રત્યક્ષ પ્રમાણો સાથેનાં, અદનામાં અદના માણસ સમજી શકે એવાં ચિત્રો, આંકડા, પ્રયોગો અને નમૂનાઓ ત્યાં રજુ કર્યા છે. એના વિજ્ઞાનવિભાગને સફળ કરવા માટે અમેરિકાના વિજ્ઞાનીઓના મહામંડળે ફાળો આપ્યો હતો. એ આખું યે પ્રદર્શન અમેરિકન સરકારની જરાપણ સહાય વિના શિકાગો શહેરે જ યોજ્યું છે, અને આવા મંદીના વખતમાં પણ એને સફળ કરવા માટે બે કરોડ ને સાઠ લાખ ડૉલર જેવડી ગંજાવર રકમ દેશની ખાનગી વ્યક્તિઓએ જ મળીને તેની પાછળ નાખી છે. અને એ રકમ એળે નથી નાખી. લોકશિક્ષણમાં એ મોટામાં મોટો ફાળો આપશે એવી ગણત્રી છે. પાંચ કરોડ માણસો એનો લાભ લેશે એવી યોજના છે; અને એ પ્રદર્શનના પ્રમુખ મિ. રૂફસ ડૉસ કહે છે કે આના પછી મંદી નહિ રહે, વેપાર રોજગાર ખીલશે, લોકોના જ્ઞાનમાં વૃદ્ધિ થશે, દેશની નૈતિક શક્તિ વધશે, જ્ઞાનવિજ્ઞાન અને સમાજજીવન, વિદ્યા તેમજ કળામાં નવી ચેતના અને નવો પ્રાણ આવશે, અને હવે પછીના જગતનું નવું સ્વરૂપ ઘડવામાં તે સહાયભૂત થશે. આમ આ પ્રદર્શન જગતના ઇતિહાસમાં અદ્વિતીય આંક મૂકી જશે.

એ પ્રદર્શન ખુલ્લું મૂકવાની વિધિમાં પણ અદ્વિતીયતા હતી. સામાન્યતઃ બને છે તેમ કોઇ રાજામહારાજા, પ્રજાપ્રમુખ કે ધનકુબેરના હાથે એ પ્રદર્શનનો ઉદ્‌ઘાટનવિધિ નહોતો થયો, પણ પૃથ્વીથી ૨૪૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ માઇલ દૂર અંતરીક્ષમાં આવેલા આર્કટુરસ નામના તારાના પ્રકાશ વડે તે ખુલ્લું મૂકાયું હતું! પ્રકાશની ગતિ દર સેકંડે એક લાખ અને છયાશી હજાર માઇલની છે. પૃથ્વીથી જેટલે અંતરે એ તારો છે તે કાપીને અહીં પહોંચતાં એના પ્રકાશને બરોબર ૪૦ વરસ લાગે. એટલે આજથી ચાળીસ વરસ પહેલાં ઇ.સ. ૧૮૯૩માં શિકાગોમાં જગતમેળો ભરાએલો તે વખતે પ્રકાશનાં જે કિરણ એ તારામાંથી નીકળ્યાં હશે તે વડે આ પ્રદર્શન ખુલ્લું મૂકાય એવી યોજના હતી. અને એ અદ્‌ભુત યોજના બહુ ખૂબીપૂર્વક સફળતાથી પાર પાડવામાં આવી. નવાઇની વાત તો એ હતી કે તેને સફળ કરનાર ખગોળશાસ્ત્રી ડૉ. એડવિન બી. ફ્રૉસ્ટ આંખાપાની મુશ્કેલી હોવા છતાં વરસોની મહેનત પછી તેમાં ફતેહમંદ થયા. મહાન વિદ્યુતનિષ્ણાતો અને ખગોળશાસ્ત્રીઓની એમને સહાય હતી. કોઇપણ જાતનો સંદેહ બાકી રાખવામાં આવ્યો નહોતો. વાદળાંથી તારો વખતે ઢંકાઇ જાય તો તેની પણ ગણતરી કરી રાખી હતી.



'જગતપ્રગતિનું શતક: શિકાગો ૧૯૩૩'—દર્શાવતું જગતમેળાનું સંજ્ઞાચિત્ર. દિક્કાલના અવકાશમાં વેગથી ફરી રહેલી પૃથ્વીનું આ ચિત્ર સૂચક અને અસરકારક છે.



આ વિહંગ-દૃશ્ય મેળાના કયા વિભાગનું છે તે જાણો છો? એનું નામ છે 'જાદુઈ ટાપુ'. માનવજાતે કદી કલ્પના પણ નહિ કરી હોય એવી વિવિધ તરકીબો અને કરામતોવાળાં સાધનો લોકોનાં મનરંજન તથા મોજમજાહ માટે અહીં પાથર્યાં પડયાં છે. એનો મુખ્ય ઉદ્દેશ તો છોકરાંઓના મનરંજનનો છે, પણ મોટેરાંઓએ તેનો ઓછો લાભ નથી લીધો. રંગભરપૂર, રોમાંચક, અદ્‌ભુત—આ બધાં વિશેષણો એનું વર્ણન કરતાં ફિક્કાં પડે છે.

અંતે, ચાળીસ વરસની અંતરીક્ષની લાંબી સફર કરીને આવેલા એક ઝીણા ગુલાબી કિરણે, આ કાર્ય માટે ફોટો ઇલેક્ટ્રિક સેલવાળા ખાસ યોજાએલા એક યંત્ર (જેનું ચિત્ર અંક ૧૧૪માંના છેલ્લા પાનામાં આવી ગયું છે) મારફત એ પ્રદર્શનની વીજળીની સ્વિચ ઉઘાડી અને આખા પ્રદર્શનને પ્રકાશથી ઝળાંઝળાં કરી મૂકયું.


અને એ પ્રકાશમાં જગતે શું જોયું?

૩૩૮ એકર જમીન ઉપર ઠાંસીઠાંસીને ગોઠવેલા હજારો નમૂનાઓમાં છેલ્લાં સો વર્ષોના ઇતિહાસની અજાયબી અને વિજ્ઞાનની પ્રગતિના પ્રત્યક્ષ પ્રયોગ-ભવન જેવું જંગી પ્રદર્શન, જે જોઈ કેટલાક તેને ટૂંકામાં 'યુગદર્શન'નું નામ આપે છે. લાખો લોકો આ પ્રદર્શન નિરખીને નવા હુન્નરઉદ્યોગોનો જીવનમાં કેમ ઉપયોગ કરવો તેનો ખરો ખ્યાલ પામ્યા છે. જેમણે જેમણે તે જોયું છે તેની સમજણ અને અધિકાર વધ્યાં છે. તેઓ સત્વર તેમના ઘરમાં, ધંધામાં અને ઉદ્યોગમાં તેને લીધે નવી પરિસ્થિતિનો ઉપયોગ વધારે સરસ રીતે કરશે એ નિ:સંશય.

આ પ્રદર્શન જોનારને પહેલો જ ખ્યાલ એ આવે છે કે જગતનું ભાવિ સ્વરૂપ આવું જ થશે કે? અને એમ જ થવાનું હોય તો તેમાં આપણું સ્થાન કયાં?

સૌથી પ્રથમ તો પ્રદર્શનનાં મકાનો આપણું ધ્યાન ખેંચે એવાં છે. તેમાં સંચિત કરેલા નમૂનાઓ જેટલાં જ મહત્ત્વનાં તે મકાનોનાં રૂપનિર્માણ છે. શિકાગો જગતનું એક નવજુવાન નગર છે, અને કોઇપણ યુવકને છાજે તેમ, તેણે મકાનો બાંધવામાં જૂનકાળના નમૂના શોધ્યા નથી, પણ આવતીકાલની દુનિયામાં કેવા ખ્યાલથી મકાનો બંધાશે તેનો ખરેખરો અંદાજ લઈ સર્જન કરી બતાવ્યું છે. જગત જાણે પોતાની જન્મપત્રિકા કરવા બેઠું છે! જેમાં પડછાયા વગરનો પ્રકાશ મળે એવા ઘરના ખંડો બની શકે? વીજળી કહે છે: હા, હું હાલ જ તેમ કરી શકું છું. રેશમના કીડા નહિ હોય તો પણ રેશમને બદલે ખેતરની નિકાસમાંથી તેવા જ પદાર્થો આપવાની રસાયણ હિંમતથી હા કહે છે. આગ બાળે નહિ તેવાં મકાનો, વનનું વિવિધ વિચિત્ર જ્ઞાન, મહાન જનોનો નવી રીતે સર્વસુલભ સંપર્ક,—એવી કોઇ પણ, પહેલાં અશકય મનાતી માનવેચ્છાઓ કરો અને વિજ્ઞાન તે પૂરવા તત્પર થઇ ત્યાં ઊભું છે.

વીજળીના નમૂનાઓ તૈયાર કરનારી અહીંની કમિટીના ખુદ પ્રમુખ મિ. રૂફસ ડૉસની મંડળીને પણ વિજ્ઞાનનાં વિરાટ કદમોનો પહેલાં ખ્યાલ નહોતો આવ્યો. તેમણે પહેલાં તો વીજળી અને તેને લગતા ઉદ્યોગોના




આખા મેળાનું સૌથી વધારે ધ્યાન ખેંચનારું આ અંગ તે આકાશગાડી. એકબીજાથી ૧૮૫૦ ફીટને અંતરે આવેલા અને ૬૨૦ ફીટ ઊંચા પોલાદના જંગી મિનારાઓ વચ્ચે ૩૪ ઉતારૂઓને બેસાડીને હવાઇ ગાડીઓ જાણેકે ધનુષમાંથી બાણ છૂટ્યું હોય એવા વેગથી તેની વચ્ચે દોડયા જ કરતી હોય છે અને નવ મિનિટમાં તો તમને સામે પાર સહેલ કરાવીને પાછા લાવે છે. મિનારાઓ ઉપરની પ્રચંડ પ્રકાશ-શેડો આકાશ વીંધતી રાતને વખતે ભભૂકી રહે છે.

નમૂના એકાદે વર્ષ અગાઉથી તૈયાર કરી રાખવા ધારી મૂક્યું હતું, પણ પછી તો જણાયું કે તે બધા ૧૯૩૩માં તો જૂના થઈ જવાના! છેલ્લાં સો વર્ષોની પ્રધાન શક્તિ વીજળીની પ્રગતિનો પૂરો ખ્યાલ કોઈને નહોતો આવ્યો. શક્તિ અને પ્રકાશને ચોપાસ મોકલવાના વિજ્ઞાનથી આજનાં શહેરો અને વસ્તીના જીવનવિધાનમાં મોટો ફેરફાર ઊતર્યો છે. હવેનાં શહેરો ગીચ બનવાને બદલે અતીવ અમર્યાદ વિસ્તારમાં વસી શકશે અને ખુલ્લી સ્વચ્છ હંડી હવાવાળાં પરાંઓ જમાવી શકશે.

વીજળીની સાથે જ રસાયણી અને ભૌતિક વિજ્ઞાન-નાં કદમ પણ જોરમાં ઉપડ્યાં છે. છાપખાનાએ સર્વ જ્ઞાનનો વિસ્તાર કર્યો, રેડિયોનાં આંદોલનોએ જીવતી વાણીથી વ્યાખ્યાનો ને જ્ઞાન દૂરદૂર પ્રચારવા માંડ્યાં અને સીનેમાએ ઘેર બેઠાં અતીવ દૂરના મુલકોનો પરિચય રંગ અને સ્વર સાથે આપી પ્રવાસને ગૃહસુલભ બનાવ્યો.

વિજ્ઞાનનાં સાધનોથી ભવનનિર્માણના શાસ્ત્રમાં પણ મહત્ત્વનાં રૂપાંતરો થયાં છે ને તેનો પ્રત્યક્ષ પુરાવો આ શતાબ્દી પ્રદર્શનમાંના વિવિધ મહાલયો રૂપે ખડો છે. આઠ મહાપ્રસિદ્ધ સ્થપતિઓ તે માટે રોકાયા હતા. તેમણે ધાર્યું હોત તો પ્રાચીન ભવ્યતાઓની આબાદ નકલો ઊભી કરી શક્યા હોત, પણ પ્રગતિવિધાયકની દૃષ્ટિએ તે અસંગતિદોષ જ જણાયો. અભિનવ જગતના પ્રદર્શન માટે જેવું ઘટે તેવું જ સ્થાપત્યસ્વરૂપ રચાવું જોઇએને?

૧૮૯૩ના પ્રદર્શનમાં જે મકાનો થયાં હતાં તેમાં પ્રધાન મહાલયનો ઘાટ ગ્રીક ઢબ પર રચાયો હતો અને પ્રકાશ માટે પુષ્કળ બારીઓ મૂકી વચલી જગાઓમાં શોભાનમૂર્તિઓ મૂકી હતી; પણ આજના મહાલયને પ્રકાશ સ્વાધીન હોવાથી એ બારીઓની જરૂર રહી નહોતી. તેમજ શોભનની વધારેપડતી કૃતિઓની પણ ગરજ પડી નહિ. એટલે તેમણે આંખને વિરામ આપતા અંતરા નાખી લાંબા પટે મહાલયો બાંધ્યાં છે અને શોભામૂર્તિઓ પણ યથારૂચિ જ રાખી છે. આમ માત્ર ચાળીસ જ વર્ષમાં તેમણે બતાવ્યું કે પ્રાચીન જગતનું ઋણ હવે ચડાવ્યે જ રાખવાની કશી જરૂર નથી.




'પ્રકાશ' અને 'શક્તિ' એ બે વીજળીના ગુણધર્મ ડાબી બાજુએ 'પ્રકાશ'નું અને જમણી તરફને છેડે 'શક્તિ'નું ભાસ્કર્ય (અર્ધશિલ્પ) ધરાવતું, સરોવરતટે આવેલું, વિદ્યુતમહાલયનું આ મુખ્ય પ્રવેશદ્વાર--આંગણું-સ્થાપત્યયોજના અને રંગયોજનામાં ઘણું જ આકર્ષક અને સુંદર છે, અને રાત્રે તેના પર રંગબેરંગી પ્રકાશ પડે છે ત્યારે તો ભવ્ય-મનોહર લાગે છે.

આ પ્રદર્શનના દૃશ્યનું બીજું મહત્ત્વ તેની રંગલીલા છે. છાપરાં રાતાં ને ભીંતો સફેદ જ હોય એવી ઘર વિષેની આપણી માન્યતાને આ પ્રદર્શન ખળભળાવી મૂકે છે. બગીચામાં ઊગતાં ફૂલો જેટલી જ વિવિધતાભર્યા---પીળા, ભૂરા, સુરખી, અગ્નિતપ્ત, લાલ કે લીલા વગેરે રંગ ચારેકોર ભભકી રહેલા દેખાય છે. જાણે રંગોમાં વસંતની બહાર આવી! અને રાત પડતાં પાછી એમાં ઉમેરો કરતી વીજળીની રંગબેરંગી સેરો આકાશ ભરીભરીને ઊડતી દેખાય ત્યારે તો પ્રાચીન ઇંદ્રપુરીનું વર્ણન પણ લાજતું લાગે. ૧૮૯૩ના પ્રદર્શનમાં મિ. એડિસન પોતે તપાસ કરવા આવ્યા હતા. કેમકે પોતે શોધેલી વીજળિક રોશની ચાલુ રહેશે કે નહિ તે બાબતમાં તે આતુર હતા. એ વખતે પ્રદર્શનનું મહાન આશ્ચર્ય તે જ હતું; જ્યારે આજે પ્રદર્શનનાં આ ચિત્રો રંગમાં જોવાનાં જેમને મળે છે તેમને ખ્યાલ આવે છે કે આજની વાત તો ક્યાં યે પહોંચી ગઇ છે!

પ્રદર્શનમાં રજુ થએલા નમૂનાઓ બતાવવાની પદ્ધતિ પણ એટલી જ ચમત્કારિક અને ભવ્યતાભરી છે. હજારો માઇલ દૂરથી આણેલું ચીનના જેહોલ ગામનું બૌદ્ધ મંદિર જગપ્રસિદ્ધ પ્રવાસી સ્વેન હેડને અહીં રજુ કર્યું છે. ઇજિપ્ત, હિંદુસ્તાન, ઝેકોસ્લોવાકિયા, સ્વીડન, જાપાન વગેરે દેશોનાં મહાલયો પણ તેમની લાક્ષણિક વિવિધતા અને વિશિષ્ટતાથી ભરપૂર છે. રમતગમત તથા આનંદવિનોદની નવીનવી તરકીબો અને યોજનાઓ પણ એવી જ ચમત્કૃતિભરી અહીં ખડી કરાઇ છે. બાળકોના ઉદ્યાનમાં પરીકથાનાં વિવિધ પાત્રો અને દૃશ્યો જોવાનાં મળે છે.

વિજ્ઞાનમહાલય તો પ્રગતિનાં સાક્ષાત સ્વરૂપોને તમારી સાથે સીધા પરિચયમાં વાણી ને દર્શનથી લાવી દે છે. અભણ પણ સમજી જાય એવી રીતે જ્ઞાન અને વિજ્ઞાનની કરામતો અહીં સમજાવવામાં આવી છે. નીચે આપેલી એની કેટલીક હકીકતો ઉપરથી વાંચનાર જો કલ્પના લંબાવીને પોતાનો ખ્યાલ વધારી શકે તો તેને ખાત્રી થશે કે માનવની મહેચ્છા ગમે તેવા અદ્ભુત અને અકલ્પ્યને પણ વાસ્તવિક કરી શકે છે.

સાડા નવ એકરની ભૂમિમાં પથરાએલા એ વિજ્ઞાન-



ભાવિ જગતના સ્થાપત્યના નમૂના રૂપ આ જંગી મકાનમાં, વીજળી શોધાઈ તે દહાડાથી તે આજ પર્યંતની, વિવિધ ક્ષેત્રોમાં વિદ્યુત-વિજ્ઞાને કરેલા વિકાસની આખી કથા ચિત્રો, પ્રયોગો, રમકડાં ને આંકડા દ્વારા દર્શાવાઇ છે. આ આખો યે સુંદર મહાલય વીજળીની પ્રગતિની નોંધની દૃષ્ટિએ મનોરંજક તેટલો જ શિક્ષણદાયી અને ઉપયોગી છે.

મંદિરના જુદાજુદા ઓરડાઓમાં સજીવ જ્ઞાન ખીચોખીચ ભર્યું છે. પદાર્થવિજ્ઞાન (Physics)ના વિભાગમાં દરેક સિદ્ધાન્તને વાણી તથા હલનચલનની શક્તિ આપી સજીવ બનાવવામા આવ્યો છે. દાખલા તરીકે એક સ્થળે સાડા ત્રણ ફૂટનું એક વરસાદનું ટીપું સવારથી સાંજ સુધી વરસવાનું, વરાળ રૂપે ઊડી જવાનું, વાદળું બનવાનું અને ફરી વરસવાનું કામ કર્યા જ કરે છે!

એક સ્થળે એક કાળું ટેબલ છે. તે પર ગમે તેટલા બિલિયર્ડના દડા પથરાએલા છે. વચ્ચે એક છીછરો ખાડો છે. આ ખાડામાં એક ચોરસ લાકડાનો કટકો વધતી ઓછી ઝડપથી ફરે છે. આ ઝડપને ગરમીનું રૂપ આપીએ તો આ સુંદર રૂપક વરસાદનું પૂરેપૂરું જ્ઞાન આપે છે. ટેબલ વચ્ચેનો દડો એ વરસાદના ટીપાનું એક અણુ છે. જ્યારે ઝડપ વધે છે ત્યારે આ દડા છુટા પડીને ટેબલ પર વેરાઇ જાય છે; અને ઝડપ ઓછી થતાં—એટલે કે ગરમી ઓછી થતાં પાછા આ બધા અણુઓ વરસાદનું ટીપું બનાવવા ખાડામાં ભેગા થઇ જાય છે.

એની જ નજદીક વૈજ્ઞાનિક જાદુનો એક પ્રયોગ છે. એક કાચની નળીમાં ત્રાંબાનો તાર લાલચોળ થઇને ધગે છે. છતાં પ્રહલાદે જોએલી કડાઈની ધારની જેમ એના ઉપર પાણી ટપકતું ટપકતું બરફ થઇને જામી જાય છે! આ નથી જાદુ, કે નથી કોઇ નવો નૃસિંહાવતાર થવાની આગાહી. એ તો નાનોસરખો એક વિજ્ઞાનનો સિદ્ધાંત સમજાવે છે કે પાણી ઉકળીને ઊડી જવું એ માત્ર હવાના દબાણ પર અવલંબે છે. એ નળીમાંથી હવા તદ્દન કાઢી નાખેલી છે એટલે દબાણ નહિ જેવું હોતાં પાણી તરત ઊડવા માંડે છે. પણ એ ઊડી જવામાં પાણી એટલી બધી ઝડપથી ગરમી વાપરે છે કે તરત ત્યાં ખૂબ ઠંડી થાય છે અને બાકી રહેલું પાણી બરફ થઇને થીજી જાય છે!

બીજી કાચની ઓરડીમાં પ્રોફેસર પિકાર્ડ અંતરીક્ષમાં જે રીતે ઊડેલા તે નાના રૂપમાં બતાવવામાં આવ્યું છે. એક નાનું બલૂન ઊડે છે અને જેમ જેમ હવાનું દબાણ ઘટાડવામાં આવે છે તેમતેમ બલૂનની અંદરની હવા ફૂલતી જાય છે. એ દબાણ, આકાશમાં દસ માઈલ ઊંચે જે દબાણ હોય તે પ્રમાણનું જ રાખવામાં આવે છે. પછી પાછું એ બલૂનને નીચે ઊતરતું બનાવવામાં આવે છે. આની પડખે જ જેમાં પિકાર્ડ આટલી રેકર્ડ ઊંચાઇએ ઊડેલા એ એલ્યુમીનિયમનું સાચું બલૂન પણ બતાવ્યું છે. તેમજ ૩૨૦૦ ફુટ નીચે દરિયામાં વિલિયમ બીબ ઊતર્યા એ પોલાદનો દડો પણ બનાવ્યો છે. આમ ઊંચે અંતરીક્ષમાં ને નીચે દરિયાના ઊંડા તળ સુધી વધારેમાં વધારે અંતરે પહોંચનાર માનવીઓનાં સાધનો અહીં રજુ કર્યાં છે.

એની પાસે જ પાણીની એક અદ્દભુત છત્રી છે. પ્રવાહી પોતાની સપાટી ન તૂટવા દેવા જે જોર (Surface




એશિયાનું સ્વપ્ન
ચિત્રકાર - નિકોલસ રોરિશ



હિમાદ્રિના એક ખીણમાંથી દેખાતું હિમશિખર

ચિત્રકાર · વિનાયક માસોજી

આ યુવાન ચિત્રકાર છેલ્લાં કેટલાંક વર્ષોથી શાન્તિનિકેતનના પોતાના શિક્ષકજીવન દરમિયાન મળતી રજાઓમાં ભારતભ્રમણ કર્યાં જ કરે છે. તેમણે છેક કૈલાસ શિખરની પગપાળા પ્રદક્ષિણા કરી છે અને કાશ્મીરના અમરનાથનાં દર્શન કર્યાં છે. નેપાળના પશુપતિને પણ એ પ્રણામ કરી આવ્યા છે. એ કઠોર અને અત્યન્ત સાહસભર્યા પણ રમણીય પ્રવાસોનાં કેટલાંક દૃશ્યો જે તેમણે ત્વરિતપણે કરી લીધેલાં તેમાંનું આ એક છે.




રાજ્યતંત્રનાં મુખ્ય ત્રણ અંગ: ધારાસભા, કારોબારી અને ન્યાયખાતું. એ ત્રણ અંગોની સૂચના કરતું ઉપલું મકાન યુનાઇટેડ સ્ટેટ્સનાં સમવાય રાજ્યતંત્રનું છે. તે ત્રિકોણ આકૃતિનું છે અને તેને ત્રણ ખૂણાવાળા ત્રણ ઉંચા મિનારા છે. ત્રણ બાજુઓ ઉપર યુનાઇટેડ સ્ટેટ્સનાં ત્રીસ પ્રાંત-રાજ્યોનાં ચિહ્નો તથા ધ્વજ આવી રહેલા છે અને આધુનિક સ્થાપત્યના સૌંદર્યમાં વૃદ્ધિ કરતી એમની રંગમાલા બહુ ઉચિત રીતે ત્યાં સોહી રહે છે.


tension) વાપરે છે તે એ છત્રી બતાવે છે. ઘેર પાણીના નળ આગળ હથેળી રાખવાથી પ્રવાહીનું આછું પડ બનતું તો ઘણાએ જોયું હશે. આ પ્રદર્શનમાં નળીમાંથી પાણી નીકળે છે એ એક પહોળી બેઠક વાળા શંકુ પર પડે છે. આ શંકુના અંતરાયને લઇને પાણીની એક સુંદર છત્રી બની જાય છે, અને છેડે ઝાલરની માફક એ પાણી વેરાઇ જાય છે. થોડી વાર પછી ઉપર થોડું ઇથર રેડવામાં આવે છે. ઇથરમાં આ પટ–આકર્ષણ (Surface tension) નો ગુણ ઓછો હોવાને લઇને આ છત્રી એકદમ તૂટી જાય છે; પાછો ઇથર ઊડી જતાં અસલની માફક છત્રી તૈયાર થઇ જાય છે! આ સુંદર દૃશ્યને સુંદરતર બનાવવાને જુદાજુદા રંગના પ્રકાશ, આંખને ન દેખાય એવી રીતે, સપાટી પરથી ફેંકવામાં આવે છે, એટલે નીચે પડતું પાણી અમૂલ્ય ઝવેરાત જેવું સુંદર લાગે છે!

એક આખો ઓરડો તો જુદીજુદી જાતનાં કિરણ બતાવવામાં જ રોકાયો છે. ત્યાં ત્રણ ફૂટ મોટી એક કાચની આંખ છે. ટૂંકી નજર, લાંબી નજર વગેરે આંખની ખામીઓ કેમ થાય છે અને છતાં એક જ ઠેકાણે કિરણો કેમ કેન્દ્રીભૂત થાય છે એ ત્યાં બતાવ્યું છે.

એક સ્થળે શારીરવિજ્ઞાનશાસ્ત્રનો વિભાગ છે. તેમાંના અનેક નમૂનાઓમાં એક સ્વર સંબંધે છે. માણસના ગળાનો એક અતિ મોટો કાચનો નમૂનો બનાવ્યો છે અને એમાં બહુજ કાળજીથી ગળાના કાકડાના વધતા ઓછા તાણ પ્રમાણે જુદાજુદા માણસોનાં ગળાંમાંથી કેવી રીતે તીણા—જાડા સૂર નીકળે છે તે દેખાય છે. એને જ પડખે એક રાક્ષસી મગજ છે. શરીરસંચાલનની જુદીજુદી જાતની શક્તિ એ મગજનો કયોકયો ભાગ ચલાવે છે એ જુદાંજુદાં બટન દાબો કે તરત તેતે ભાગ પર પ્રકાશ પડીને આપણી આગળ ખડું થાય.

એ પૂરૂં જોઇ ન રહો ત્યાં તો તરત આઠ ફૂટનો એક જંગી બોલતોચાલતો દાંત નજરે પડે છે! પોતાને લોકો કેમ હેરાન કરે છે એની વીતકવાતો અને પોતાને કઇરીતે રહેવું ગમે છે એની શિખામણ એ દાંત તમને આપે છે. પછવાડેનું નાજુક યંત્ર દાંતમાં કેમ સડો બેસે છે એ બતાવે છે, અને તેની સાથે જ સમયાસે ચાલતું બીજું યંત્ર એ સડા વિષે તમારી સાથે વાતો કરે છે!





શિકાગો જગતમેળાનાં બધાં મકાનોની રચના છેલ્લામાં છેલ્લી ઢબના અદ્યતન સ્થાપત્ય (મૉડર્નિસ્ટિક આર્કિટેક્ચર)ની છે. તેના લાક્ષણિક નમૂનારૂપ આ મકાન 'હૉલ ઑફ સાયન્સ બિલ્ડિંગ'-વિજ્ઞાનપ્રાસાદ-છે. એ બરોબર મિશિગન સરોવરને કિનારે ખડો કરેલો છે. નીચલા ચિત્રમાં તેનું સમગ્ર દૃશ્ય છે. ઉપરના ચિત્રમાં તેના સ્થાપત્યની વિશિષ્ટતા બતાવતો એ પ્રાસાદનો મિનારો કૅરિલન ટાવર દર્શાવ્યો છે.

એ દાંતની બાજુમાં એક મોટી ચોપડી નજરે પડે છે. મોટી એટલે આઠ ફુટ લાંબી અને છ ફુટ પહોળી! અને પાનાં પોતાની મેળે ફરે! એ ચોપડીમાં શરીરની સુખાકારી જાળવવાના નિયમો અને કાળજીનું વિવેચન ભર્યું છે. આ ચોપડી જોઇને તમે આગળ ચાલો એટલે એક યંત્રમાનવ (Robot–રૉબૉ) નજરે પડે છે. આનું હૃદય ચામડાનું છે અને કાચની નસોથી એ હૃદય ધબકે છે! ધબકેધબકે લોહી રક્તશિરા (arteries)માં ફરવા માંડે છે અને ખરાબ વપરાએલું વાદળી રંગનું થઇ ગએલું લોહી પાછું ફરે છે. દેખાવમાં તો જાણે એમ જ લાગે છે કે એક જ નળીમાં આ જુદાંજુદાં લોહી જાય છે અને આવે છે, પણ વાસ્તવમાં તો એકની અંદર બીજી એમ નળીઓ ગોઠવેલી છે.

ત્યાં એક સેલ્યુલૉઇડનો બનાવેલો બીજો મનુષ્ય છે. એના શરીરના ભાગો એક પછી એક જુદાજુદા પ્રકાશિત થતા જાય છે અને તે ભાગોનાં એકબીજાને અનુરૂપ કયાં કયાં કામો છે એ બતાવવામાં આવે છે. આમાં રુધિરાભિસરણ—લોહીની વહનક્રિયા, જુદાજુદા જ્ઞાનતંતુ (nerves) તથા જુદાજુદા પ્રકારની ગ્રંથીઓ (glands)નાં ઠેકાણાં વગેરે દેખાડે છે અને એના ઉપયોગ સમજાવે છે. માનવશરીરનો આ એક જ નમૂનો બહુ જ સમજપૂર્વક અને ધ્યાનથી જોવાય તો સામાન્ય બુદ્ધિવાળા માણસને પણ શારીરશાસ્ત્રનું સુંદર જ્ઞાન મળી જાય.

રસાયનશાસ્ત્ર વિભાગમાં પણ એક આવો જ બીજો યંત્રમાનવી ખડો કરવામાં આવ્યો છે. તે દસ ફુટ ઊંચો છે. એના પગ પોલાદના અને શરીરનાં બાકીનાં અંગ એલ્યુમિનિયમ, કાંસું, પિત્તળ, લોઢું વગેરેના બીબ(casting)નાં છે. સાધારણ માણસની માફક એ પોતાનું મોઢું ચલાવે છે અને હોઠ ફફડાવે છે. વીજળિક મોટરની શક્તિથી એ પોતાનો ૪॥ ફૂટ લાંબો હાથ એક પ્રખર વક્તાની અદાથી ઊંચો કરે છે. થોડી વારમાં તો એનું જાકીટ ખુલવા માંડે છે અને એના પેટ ઉપર એક સફેદ પડદો દેખાય છે. પછી એના પેટ ઉપર–એટલે એ પડદા ઉપર–એક સીનેમાફિલ્મનું દૃશ્ય ચાલુ થાય છે, અને પોતાના પેટમાં ખોરાક કેમ ગયો, એ ખોરાકનું શું થયું, કયો ખોરાક કયાં પચ્યો વગેરેનું વીસ મિનિટનું ભાષણ એ ભાઇસાહેબ આપે છે! ભાષણ આપતાંઆપતાં પાછા પોતે દરેક ઠેકાણે આંગળી વતી બધું પોતાના પેટ પર બતાવતા પણ જાય!

પણ પ્રદર્શનના કાર્યકરો આગળ સૌથી કપરૂં કામ તો ગંધક કેમ ખોદાય છે એ દેખાડવાનું હતું. ગંધકની ખાણમાં પહેલાં ઉષ્ણતમ કરેલું (superheated) પાણી જોરથી દાખલ કરવામાં આવે છે અને ઓગળેલો

ખનીજ એમાં તરવા માંડે એટલે લઈ લેવાય છે. આ દેખાડવા માટે ત્રણ માસ તો પ્રયોગ કરવા પડેલા. તે પછી એક ચીતરેલી ભૂમિકા (background) પર નાનાં નાનાં પૂતળાં, દોરી તથા વીજળી વગેરેની મદદથી ચલાવીને એ ક્રિયા સરળતાથી સમજી શકાય એવું અદ્દ્ભુત દૃશ્ય તૈયાર કર્યું. આ એક જ દૃશ્ય પ્રદર્શનના કાર્યકર્તાઓની અથાગ મહેનતનું પ્રમાણપત્ર છે.

રસાયનવિભાગનું બીજું એક સુંદર દશ્ય એ જુદાં-જુદાં તત્ત્વોની પ્રકાશવાર ઓળખાણ આપવાનું છે. કાકીડાની માફક જુદાજુદા રંગ બદલતું પાણી અને રંગીન ભડકાઓ એ તત્ત્વોની સુંદર ઓળખાણ આપે છે. પડખે જ સૃષ્ટિનાં ૯૨ તત્ત્વો (elements)માંના ઘણાંખરાંના નમૂનાઓ છે ને એની જ પાસે પૃથ્વીનો ફરતો ગોળો એ તત્ત્વોનાં ઠેકાણાં અને મૂળ બતાવે છે.

પૃથ્વીનો ઉત્ક્રાન્તિક્રમ બતાવતું એક મોટું ઘડિયાળ પણ ખડું કર્યું છે. એની વચમાં નાનો પડદો છે. જેમ જેમ એ ઘડિયાળ ચાલે તેમતેમ એ પડદા ઉપર વખત અનુસાર પ્રસંગો બતાવાતા જાય છે. નીચે એક સેકન્ડ કાંટો છે. આ સેકન્ડ કાંટાનો એક ખટકો એટલે આપણાં એક કરોડ વરસ સમજવાં! પણ પાછળથી પ્રસંગોની વિવિધતા વધી જતાં ઘડિયાળ આપોઆપ ધીમું થઈ જાય છે ને છેલ્લે ખટકે મનુષ્યનો જન્મ થાય છે. કુમાર-ના ૧૦૦મા અંકમાં સૃષ્ટિનો ઉત્ક્રાન્તિક્રમ સમજાવતો એ જ પ્રકારનો પણ જુદી ઢબનો નકશો આવી ગયો છે.

ભૂસ્તરશાસ્ત્રના વિભાગમાં બચુકડી નદી, ખીણો, જ્વાળામુખીઓ વગેરે આપણી નજર આગળ બને છે. નદીના મુખ આગળ રેતીનાં ભાઠાં કેમ બને છે તે પણ સમજાવેલું છે. જમીનમાં પેટ્રોલની ઉત્પત્તિ કેમ થાય છે તથા ત્યાંથી તે પેટ્રોલ તરીકે કારખાના દ્વારા કેમ બહાર પડે છે એ બધું યે સુંદર રીતે દર્શાવાયું છે.

અમેરિકાના રૉકી અને ઍન્ડિસ પર્વતો ભૂસ્તર-શાસ્ત્રના પર્વતો કેમ બને છે એ બાબતના સિદ્ધાંતના સુંદર ઉદાહરણ જેવા છે. એવું ધારવામાં આવે છે કે બે બાજુથી દબાતાં જેમ લુગડામાં ઘડી પડીને તે ઉપર ઉપસી આવે છે એમ જમીન પણ દબાણથી ઉપર આવે છે. આ સમજાવવા માટે વાદળી જેવા રબ્બરમાં સીસાના છરા (shots) ભર્યા હોય છે. પછી પડખેનું યંત્ર દબાણ કરે છે જેને લઇને આ રબ્બરનાં પડ પર્વત કેમ બને છે



અમેરિકાની આત્મસમૃદ્ધિના ઘડતરમાં સૌથી મોટો ફાળો આપનાર તે ત્યાંનો વંદનીય પ્રમુખ ઍબ્રાહમ લિંકન. કેન્ટુકી પરગણાના હોજવિલી ગામના જે ઝુંપડા (લાકડાની કૅબિન)માં એ જન્મ્યો હતો તેને રાષ્ટ્રના ઇતિહાસના અમોલા સ્મરણ તરીકે ત્યાંની પ્રજાએ સાચવી રાખ્યું છે. દેશની પ્રગતિના મેળામાં એ વિના તો કેમ ચાલે? એટલે તેની હૂબહૂ પ્રતિકૃતિ આ મેળામાં પણ ખડી કરી છે, તેનું ચિત્ર ઉપર આપ્યું છે. નીચે બીજું ચિત્ર મેળામાં આવતા સંભાવિત મહેમાનો માટેના ઉતારાના મકાનનું છે, જ્યાં વિવિધ રાજ્યોના સંભાવિત પ્રતિ-નિધિઓ વગેરેને ઉતારો આપવામાં આવે છે. છેલ્લું ચિત્ર જેહોલ (ચીન)ના મંદિરનું છે. પ્રખ્યાત મુસાફર અને શોધક સ્વેન હેડિનના પરિશ્રમથી ચીની સ્થાપત્યની ઢબે તે ઊભું કરવામાં આવ્યું છે અને તેની અંદરનો ભાગ પણ ચીનાઈ કારીગરીનાં સુશોભનો વડે શણગારેલો છે.

એ સમજાવતા ઉપસી આવે છે. રૉકી અને ઍન્ડિસ આવાં જ રાક્ષસી દબાણથી બનેલા છે!



પોતાના પેટના પડદા ઉપર હાલતાંચાલતાં ચિત્રો વડે દર્શાવાતી માણસના પેટમાંથી પાચનક્રિયાની આખી કુદરતી પદ્ધતિ, આ દોઢ હજાર રતલનો યંત્રમાનવ, ખરેખરા માનવી પેઠે બતાવતો જઇને વીસ મિનિટનું લાંબુ ભાષણ આપી સમજાવે છે.



શિકાગોના જગતમેળાનું આ ઑફિશિયલ પોસ્ટર (પ્રચારચિત્ર) બહુ સૂચક છે. એક સદીની પ્રગતિ (૧૮૩૩થી ૧૯૩૩) બતાવવા માટે ડાબી તરફ અમેરિકાનો મૂળ વતની રેડ ઇંડિયન મૂકેલો છે. પાછળ અમેરિકાનો નકશો છે. સમસ્ત જગતને મેળામાં આમંત્રી રહેલી જમણી બાજુની વ્યક્તિ (આધુનિક સદી)ના મુકુટ પર ગરુડ સાથે I will અક્ષરો છે તે શિકાગો શહેરનું સંજ્ઞાચિહ્ન છે.

રેતીનાં તોફાન બતાવતું પણ ત્યાં એક સુંદર દશ્ય છે. એક હલકા પ્રાણીલ (oxide)ને રેતી તરીકે ત્યાં વાપર્યો છે અને સંતાડેલો પંખો આ રેતીને ઉડાડે છે.


જીવશાસ્ત્ર (biology)ના વિભાગમાં સૌથી પહેલું સાત ફુટનું મોટું એક ફૂલ નજરે પડે છે. સામે એક ચિત્રપર એ ફૂલ કેમ ખીલે છે એ સમજાવ્યું છે. લોઢાનો એક દડો જે પુંકેસરની રજ તરીકે ગણવામાં આવે છે એ દડતોદડતો સ્ત્રીકેસર નજીક આવી અટકે છે. પછી એક કિરણ ફૂલના આ કેસરના તાંતણા પર બીજનો જન્મ કેમ થાય છે એ સમજાવે છે.

જંતુશાસ્ત્રે પણ પોતાનો ભાગ અહીં બરોબર શણગાર્યો છે. પાણીના ટીપામાંની અસંખ્ય જીવસૃષ્ટિ જાદુઇ ફાનસ મારફતે પડદા પર દેખાડાય છે. પણ આ કામ ધારીએ એટલું સહેલું નથી. પાણીનું ટીપું ઊડી ન જાય એ માટે ખાસ યંત્રો નવાં વસાવવાં અને કરવાં પડ્યાં હતાં. તેને પડખે પાણીમાં આથો (yeast) કઇ રીતે આવે છે એ પણ મોટા રૂપમાં બતાવવામાં આવે છે.

બાર ફુટનો એક ઘઉંનો છોડવો નડકામાંથી કઇ રીતે ખોરાક મેળવે છે એ બહુ જ ચતુરાઇથી બતાવાયું છે. યંત્રની મદદથી એક ફણગો ફૂટીને વરસના છોડવા જેટલો થતાં એને અહીં ૭૫ સેકંડ જ લાગે છે!

આખી દીવાલ ઢાંકી દેતો એક નકશો છે. તેમાં રેતીનાં રણ, નદી પર્વતો વગેરે એક પછી એક પ્રકાશથી બતાવવામાં આવે છે. આખો નકશો કાચથી બનાવવામાં આવ્યો છે અને તૈલરંગોથી રંગીને પાછળથી તેને અજવાળવામાં આવ્યો છે.

નેવું ફૂટનું એક બીજું દશ્ય કરીને તો તેમણે હદ જ વાળી નાખી છે. વીજળીની ઉત્પત્તિ (generation)થી માંડીને તેનું વહન(transmission),વહેંચણી (distribution) અને ઉપયોગ સુધીનું બધું તેમાં



પુરાણકાળના ગાડાથી માંડીને તે આધુનિક યુગની મોટરકાર સુધી, અંગુઠિયાં એન્જિનોથી માંડી આજનાં ધમધમાટ કરતાં પ્રચંડ લૉકૉમૉટિવ સુધી, સૌથી શરૂઆતની 'ક્લૅરમન્ટ' આગબોટથી માંડીને તે છેલ્લી ઢબની લાઇનરો સુધી, સફર અને માલફેરવણીનાં સાધનોની આખી વિકાસદશા, ક્રમસર, મૂળ જેવડા જ કદનાં વાહનો વડે મેળાના એક વિભાગમાં દર્શાવી છે તેનું ઉપલું મોટું ચિત્ર છે. વચ્ચેની ગોળાકૃતિ તે સૃષ્ટિની વય દરમ્યાન થએલો તેના વિકાસનો ક્રમ દર્શાવતા ઘડિયાળનું દૃશ્ય છે, જેમાં બે અબજ વરસનો પૃથ્વીનો ઉત્ક્રાન્તિક્રમ ચિત્રો દ્વારા ઘડિયાળનો કાંટો ફરે તેમ વચલા ચંદા ઉપર દર્શાવતો જાય છે.

બતાવ્યું છે. જુદાજુદા રંગની ફરતી કાચની નળીઓ પ્રભાતથી માંડીને અંધારૂં થતાં સુધીમાં જે જે આકાશી રંગો થાય છે તે બતાવે છે.

આવાં તો અનેક દૃશ્યો છે. એક ઠેકાણે બેન્જામિન ફ્રાંક્લિને વાદળાંમાંથી વિજળી લેવાના પ્રયત્ન કેવી રીતે કરેલા એ દેખાડ્યું છે. પડખે જ રબ્બરના મજુરને રબ્બર ભેગું કરતાં બતાવ્યો છે. તેને પડખે વળી એક નાની હવા ભઠ્ઠી લોઢું કેમ ગાળવામાં આવે છે એ બતાવે છે.


જ્યાં જુઓ ત્યાં નવી માહીતી, નવું જ્ઞાન નજરે પડે. ફ્લૉરિડામાંથી નારંગીનું આખું ખેતર લાવવામાં આવ્યું છે! કૅલીફૉર્નિયામાંથી 'રેડવૂડ'નું ઝાડ લાવી ઉગાડ્યું છે. અમેરિકન સરકાર તરફથી પણ ખાસ નમૂનાઓ



પ્રકાશયોજનાથી ભરેલા આઠ ફુટના આ જંગી ફૂલમાં એવી રચના કરેલી છે કે પુંકેસરમાંથી રજ ઊઠીને સ્ત્રીકેસર પર કેવી રીતે પડે છે અને બીજનો કેમ ઉદ્‌ભવ થાય છે તે બધી ક્રિયા ટૂંક વખતમાં જોનાર આગળ મોટા રૂપમાં બની જાય છે.


બસો ફૂટ ઊંચું આ જંગી થર્મોમીટર એક અદ્‌ભુત દૃશ્ય છે.

વિદ્યુત્‌વિદ્યાના અભ્યાસીઓને સરળતાથી અને રસપૂર્વક સમજાય એવી રીતે એની યોજના ડાબી બાજુની આકૃતિઓમાં દર્શાવી છે.





પૂર્વ તરફના દેશોના વિભાગનું આ મકાન સ્થાપત્યમાં પણ એવા જ રૂપવાળું છે. ત્યાં પૂર્વ તરફની નર્તકીઓ, ચાબુકસવારો અને ભાતભાતની કારીગરીના વેપારીઓ વગેરેનો મેળો છે.



મેળાના આ સામાન્ય વિભાગમાં મુદ્રણકળા, ફર્નિચર, ચામડાનો સામાન, ઝવેરાત, રમતગમતનાં સાધનો વગેરે અનેક પ્રકારની ચીજોની દુકાનો છે અને મોટી મેદની ત્યાં મળે છે.



મિશિગન સરોવરને કાંઠે આવેલા આડલર પ્લૅનેટોરિયમનું વિહંગદ્દશ્ય. આ અજબ-અદ્‌ભુત આકાશઘરમાં બધી આકાશી સૃષ્ટિ આબેહૂબ અને ટૂંક સમયમાં ખડી કરીને ખગોળવિજ્ઞાન જે રીતે તાદ્દશ કરી બતાવવામાં આવે છે તે જોતાં તેને 'અંતરીક્ષની રંગભૂમિ' જેવું નામ આપીએ તે પણ સુકકું લાગે.

મોકલવામાં આવ્યા છે. એમાં ખાસ જોવાલાયક એક પર્વતનો સુંદર નમૂનો છે. બરફનો ધસતો પહાડ, નાની-નાની મુસાફરોની રમકડાંની ટોળીઓ વગેરે એટલું સુંદર છે કે ઘડીભર એને આપણે સાચું જ માની લઇએ.

ચામડાનું જોર અને ઘસાવાની તેની મુદત, રંગના ઘસાવાની મુદત વગેરે બતાવતું એક નાજુક યંત્ર પણ સરકાર તરફથી અહીં રજુ કરવામાં આવ્યું છે.

યુદ્ધખાતા તરફથી ઘોડેસવારીના, કવાયતના વગેરે વિવિધ ભાગો પણ દેખાડાય છે. એ પ્રમાણે નૌકા ખાતા તરફથી પણ એક નાનો સમુદ્ર, એમાં નાની મનવારો, ડિસ્ટ્રૉયરો વગેરેની કવાયદ બનાવે છે.

એક ૨૦૦ ફૂટ ઊંચું થર્મૉમીટર છે. એ આવડું જંગી છે છતાં બરોબર કામ આપે છે! આ થર્મૉમીટરની નળીમાં નીઑન (neon) નામનો વાયુ ભરેલો છે. વીજળીની મદદથી આ નળી લાલ થાય છે અને થર્મૉમીટર વાંચી શકાય છે. નળીમાં નીઑન ગૅસ હોય અને એના બે છેડે વીજળીના જરૂરપૂરતા વૉલ્ટેજ દબાણ સાથે તાર જોડવામાં આવે તો વીજળી આ વાયુની અંદરથી પસાર થતાં નળીનો રંગ લાલ થઈ જાય. બહુ જ ઓછી હવા કરી નાખી હોય તો નળીમાં આછો જાંબલી રંગ થાય છે. આવી નળીનો નમૂનો અમદાવાદમાં પાનકોર નાકા સામે Rose teaની જાહેર ખબર રૂપે છે. બીજાં શહેરોમાં પણ આવી નીઑન ટયૂબો અને નીઑન પ્લેટો જાહેરાતો માટે ખૂબ વપરાય છે.

જ્યારે આર્કટુરસમાંથી કિરણ ૪૦ વરસની મુસાફરીએ નીકળ્યું ત્યારે, ૧૮૯૩ના શિકાગોના મેળા વખતે નહોતી મોટર, નહોતું એરોપલેન, કે નહોતો રેડિયો. છેલ્લા ૪૦ વરસે વીજળીના અગણિત ઉપયોગો, મોટર, વાયરલેસ રેડિયો, સીનેમા વગેરેમાં અદ્‌ભુત પ્રગતિ કરી છે અને જગતની એ અદ્‌ભુત પ્રગતિનો ઇતિહાસ પગલેપગલે સજીવ થઇને શિકાગોના પ્રદર્શનમાં દેખા દે છે. (સંકલિત)

નેપથ્યમાંથી . . . (અનુસંધાન પૃ. ૪૪૩થી)

છે, તેવાં ને બીજાં અનેક કારણો દર્શાવતી સબળ દલીલો સાથેની વકાલતનો એમનો સમર્થ ને પહેલો પોકાર 'સાહિત્ય'નાં પાનાંઓ પર બહાર પડ્યો.(કાકાસાહેબ કાલેલકરે તે પછી લખેલો એ જ હિમાયત કરતો લેખ બાદ કરીએ તો એ એકમાત્ર પોકાર કહી શકાય.) અને એક બાળપણની આત્મપ્રેરણા તેમજ પાછળના અનુભવે કેળવેલી રૂપદૃષ્ટિને લીધે પોતાના અંતરમાં શરૂઆતથી જ ઊગેલી અને મજબૂત થએલી ગુજરાતી લિપિ વિષેની માન્યતાને એમના તરફના આ સબળ પોકારથી અણધાર્યું અનુકૂળ ગોપણ મળતું જોઈ એના આનંદનો પાર ન રહ્યો.

卐

સ્વ. મટુભાઇ કાંટાવાળા વિષેનાં આ લખનારનાં આ ન જેવાં સ્મરણો છે. શ્રી કેશવ હ. શેઠના લેખમાંથી તારવીને એમનું ટૂંકું જીવનચિત્ર આ અંકની માધુકરીમાં આપ્યું છે.

卐

શ્રી 'સ્નેહરશ્મિ'ના નામની પિછાન કવિ તરીકે વધુ આપવી પડે તેમ નથી. 'કુમાર'નાં પાનાંઓ પર તેમની કૃતિ આ અંકમાં પહેલી જ વાર—અને તે પણ લંબાઈ તથા ગુણવત્તા બંનેમાં સારી—પ્રકટ થાય છે. કાવ્યનો ભાવ સ્પષ્ટ કરતું ટિપ્પણ પણ એમણે પે તે જ મથાળે આપ્યું છે. તેમાં કહ્યું છે તેમ એ કાવ્યમાં બધે આનંદનું, વિકાસના પ્રકાશ અને પ્રફુલ્લતાનું જ વાતાવરણ છે. ક્યાંકક્યાંક તો બહુ મઝાનાં વર્ણનો છે, તેજસ્વી કલ્પનાના ઝળકારા છે, શબ્દોની મધુરી ચમત્કૃતિ છે. જુઓ:

પૃથ્વીહૈયે યુગયુગ સૂતી વિશ્વના સ્વપ્ન જેવી
સીતા જાગે કૃષિપુલકિતા જાગતી ભૂમિદેવી.

ઈ.ત.

આ અંકના પૂઠા ઉપર

મલખંભ પર શરીર સમતોલ રાખતા જે ભાઇનો ફોટોગ્રાફ છપાયો છે તે લલ્લુભાઈ હીરાભાઇ પટેલ મૂળ સુરત તરફના વતની અને ૧૮ વર્ષની વયના છે. વજન ૧૦૫ રતલ ને ઊંચાઇ ૫ ફુટ ૩ ઇંચ છે. મલખંભવ્યાયામ ઉપરાંત ઊંચું-લાંબું કૂદવામાં દેશી રમતોમાં તથા કુસ્તીમાં તે આગળ પડતા છે અને તે માટે તેમને મહેસાણા પ્રાન્ત વ્યાયામ હરીફાઇનાનાં સુવર્ણચંદ્રક ઉપરાંત બીજા દસેક જેટલા રૌપ્ય ચન્દ્રકો મળેલા છે.

एकोऽहं बहुस्याम

આ કાવ્યની પ્રેરણા પશ્ચિમના વિકાસવાદ અને ભારતીય અવતારવાદ વચ્ચેના અસાધારણ સામ્યને આભારી છે. વિકાસવાદના સિદ્ધાન્ત પ્રમાણે જગતની ઉત્પત્તિનો ક્રમ નીચે પ્રમાણે છે: પહેલાં નિહારિકા (તેજસમૂહ) હતાં; તેમાંથી સૂર્યો, ગ્રહો પૃથ્વી ઈ. થયાં; તે પછી પૃથ્વી પર પહેલું પાણી પ્રકટ્યું; અને પછી પાણીમાં પહેલું જીવન (age of fish) પ્રકટ્યું; પાણીમાંથી પછી જીવનનો ક્રમેક્રમે ભૂમિ પ્રતિ વિકાસ થયો; તે વિકાસ વચ્ચેની ભૂમિકામાં પ્રથમ કાચબા વગેરે (amphibious creatures), પછી ભૂમિ પરનાં પ્રાણીઓ–વરાહ વગેરે (mammals) અને તે પછી પશુ તથા મનુષ્ય વચ્ચેના વાનરો (apes); ત્યાર પછી પહેલો માનવી થયો તે પત્થરનાં હથિયારો બનાવતાં શીખ્યો (men of stone age), અને પછી આગળ સંસ્કૃતિ-વિકાસ થયો. આપણી અવતારવાદની કલ્પના આ સિદ્ધાન્ત જોડે સારીરીતે બંધબેસતી આવે છે. પશ્ચિમ પ્રમાણે જેને age of fish કહે છે તે આપણો મત્સ્યાવતાર. ત્યાર પછી કૂર્માવતાર, વરાહાવતાર, નૃસિંહાવતાર અને વામનાવતાર, (વરાહ વગેરેની તુલનામાં માણસ વામન જેવો જ લાગે ને ?) થયા. ત્યાર બાદ પરશુરામાવતારમાં માણસ હાથનો અને હથિયારનો ઉપયોગ કરતાં શીખ્યો. પછી રામાવતારમાં સંસ્કૃતિની સ્થાપના અને કૃષિનો વિકાસ, કૃષ્ણાવતારમાં સમાજસ્થાપના, બુદ્ધાવતારમાં હૃદયનો વિકાસ અને કલ્કિ અવતારમાં પ્રજ્ઞાનો વિકાસ. આખા કાવ્યમાં, આનંદમાંથી જગતની ઉત્પત્તિ તથા વિકાસ થયાં છે અને અન્તે આનન્દમાં જ એની સ્થિતિ તથા લય થનાર છે એ વસ્તુ કેન્દ્રસ્થ રાખી છે, અને તેથી પ્રત્યેક અવતારના વિશિષ્ટ કૃત્યને ગૌણ લેખી તે પ્રતિ કાવ્યમાં ધ્યાન આપવામાં નથી આવ્યું. કાવ્યમાં ચૌદચૌદ પંક્તિના બાર ખંડ પાડવામાં આવ્યા છે. પહેલા બેમાં શૂન્યમાંથી જગતની ઉત્પત્તિ અને પછીના દસમાં અનુક્રમે અવતારોનો વિકાસ દર્શાવવામાં આવ્યો છે. ચૌદ પંક્તિઓના એ ખંડો સૉનેટ નથી, પણ અનુષ્ટુપની વચ્ચે જુદાજુદા છંદોનાં ચરણોવાળી રચના છે.

જ્યોતિ શૂન્યે, દિશા શૂન્યે, કાલાતીત મહા તમે
યોગનિદ્રા થકી જાગી એકલા વિભુ નિર્ગમે !

ઘૂમે બધે તિમિર ઘોર કરાળ કાળે,
રાત્રિ નહિ, દિવસ ના ધબકે ન કાળે !
એકાન્ત નીરવ બધું, નહિ જ્યોતિહાસ્ય,
એકાકી મૂક કરતો વિભુ મન્દ લાસ્ય !

ત્યાં एकोऽहं बहुस्यां નું સ્વપ્ન મંગલ મંજુલ,
જાગતું વિભુને હૈયે પ્રશાન્ત સૌમ્ય નિર્મલ !

એ સ્વપ્નના ઉર થકી પ્રગટી હુતાશ,
કંપાવી તે તિમિર ઘોર કરે પ્રકાશ !
ને શૂન્યનું ઉર તૂટી પડી ખંડ ખંડ
સીમા ઊગે ગગન શબ્દ ઘૂમે પ્રચંડ !

તમરૂપ હતો પૂર્વે, જ્યોતિરૂપ બન્યો પ્રભુ !
નિહારિકા ઉરે ખેલે રાસલીલા નવી વિભુ !

૨

છલછલ છલકે તે તેજનો ભવ્ય સિન્ધુ,
ત્રિભુવન ભરી જાણે ખેલતા કોટિ ઈન્દુ,
અગણિત રવિ જન્મી ઘૂમતા તેજ-ફાળે,
ગ્રહ ઉપગ્રહ જાગી ઝૂલતા વિશ્વ-ડાળે !

તારાઓનાં વનો ડોલે, વચ્ચે મન્દાકિની વહે,
એકમાંથી અનેકોની લીલા તે વિકસી રહે !

તણખા સૂર્યના ઊડી જન્મતાં વસુધા ગ્રહો,
વહ્નિની ઝુંડઝાડીમાં ફૂટતી પ્રાણકૂંપળો !

પ્રથમ સૃજનની તે ભવ્ય જ્યોતિ નિહાળી
પુલકિત વિભુનેણે હર્ષની રેલ ચાલી !
મૃદુ નયન-સુધા તે દિગ્દિગન્તે વિરાટે
ઝરમર વરસે ને નર્તની પૃથ્વી પાટે !

આનન્દઘેલી પૃથ્વીએ અબ્ધિનું ધરી દર્પણ
નિમંત્ર્યા વિભુને હૈયે ગુંજીને સ્નેહ સ્વાર્પણ.

૩

ઉલ્લાસે વસુધા કેરી આંખમાંથી સુધા ઝરે,
બુઝાવી વહ્નિ-જ્વાળા તે સોહી રૂહે વારિ-અંબરે !

ઘેરા અબ્ધિ તણા પ્રશાન્ત ઉરના વારિ તણા દર્પણે,
જોતાં વિષ્ણુ પ્રફુલ્લ આત્મ-પ્રતિમા આનંદઘેલા બને;
ચારે હસ્ત પ્રસારી સાગર પરે ઉષ્મા કરી શાન્ત તે
નિઃસીમે રમતા વિરાટ ઉરમાં લ્હેરો નવી થનગને !

જન્મ ને મૃત્યુને ભવ્ય હીંચકે ઝૂલતા પળે
મત્સ્યાવતાર રૂપે તે સ્વયંભૂ પૃથિવી પરે !

નાચે સિન્ધુતરંગ ઇન્દુ મલકે નાચે દિવા ને નિશા,
જાગે નૂતન પ્રાણ ગાન મધુરાં જાગી કરે સૌ દિશા;
એકે હૈ બનીને અનેક રમતા વિશ્વેશ પાછા તહીં,
સ્વપ્નો દિવ્ય નવાં નવાં ઉર ઝીલ્યાં હર્ષે ગજાવે મહી.

તરંગો જાગતા મોટા સિન્ધુને ઉર હર્ષના,
વીંઝી જોજન શું પુચ્છ કરે કં મત્સ્ય ગર્જના!

૪

ના ચહે વારિ કેરાં જ ઘેરાં ગાન વિરાટ તે,
માંડે સ્વપ્નભરી દૃષ્ટિ દૂર દૂર ધરા પરે.

સ્મિતે ભરી તે મુદિતા વસુન્ધરા-
ઉરે સ્ફુરે કોમલ સ્નેહના ઝરા!
પળે પળે તે વિભુને નમે લળે,
તટે તટે ત્યાં પ્રભુ કૂર્મ થૈ ફરે!

ઘડીમાં તટ પે નાચી ઘડીમાં ડૂબતા જળે,
કૂર્મ તે સ્નેહની ગાંઠે અબ્ધિ ને ભૂમિને જડે!

યુગો યુગો એમ વહે અને બને
અનેક ત્યાં એક થકી ક્ષણે ક્ષણે,
પ્રફુલ્લ, રોમાંચ થકી તૃણે તૃણે
ધરા નવી સોહતી શ્યામ અંચલે!

યુગો, કલ્પો ઊગે ડૂબે મત્સ્ય કૂર્મ ધરા ભરે,
કન્દરા ગિરિઓ જાગે પૃથ્વીની વેલ પાંગરે!

૫

સિન્ધુમાં ને તટે ખેલી ધબકતાં ઉરો સમાં
ધરાનાં ગિરિશૃંગોને ઉલ્લાસે વિભુ ઝંખતા.

વરાહ બનીને વિરાટ જગ તોળતા દંત પે
ગજાવી ગિરિગહ્વરો વનવનો પળે ભૂ પરે!
નિહાળી અતિ ભવ્ય તે હરિ તણી નવી મૂરતિ
ઊડે થનગની ધરા, ચકિત વ્યોમગંગા થતી!

ચાલે ત્યાં તો ખરીમાંથી પ્રાણના તણખા ઊડે,
વરાહ-ગર્જના ઝીલી આનન્દે ધરતી ડૂબે.

સ્ફુરે, વિકસી ત્યાં રહે જડ શિલા ઉરે સ્પન્દનો,
ઊડે ખીલી કઠોરમાં મૃદુ ફુલો, અને વન્દનો
કરી વિટપ સૌ ધરે વિરલ અર્ઘ્ય, ને વ્યાપતી
ધરા-વદન લાલિમા મૃદુલ સ્નિગ્ધ મુગ્ધા તણી!

ધરતીને ઉરે કેડી નવજીવનની પડે,
યુગ યુગો સુધી ભોમે વરાહે હરિ સંચરે!

૬

પ્રચંડ ને વિશાળી તે કાયા ભવ્ય વરાહની
ધીમે ધીમે કરી નાની વિભુ લીલા કરે નવી.

નૃસિંહ રૂપે અવતાર ધારી,
નખે મહા દિવ્ય પ્રભા જગાડી,
પ્રહ્લાદ કાજે—મનુજન્મ કાજે
વિરાટ તે બદ્ધ થતો જ ચાલે!

નૃસિંહ ઘૂમતા ભોમે ઉષા સન્ધ્યા, દિવા નિશા,
હૈયામાં નીરવે સૂતી જાગવા ઝંખતી ગિરા.

પ્રચંડ શબ્દો નભને ધ્રુજાવે,
દિગન્ત હૈયે લહરો સ્ફુરાવે,
વને વને કુંજલતા ગુહામાં
નૃસિંહ વ્યાપે સઘળી દિશામાં!

છોડીને શૂન્યની શય્યા વહ્નિ ને વારિમાં રહી
પૃથ્વીને પાટલે ખેલી ગુહામાં વિભુ રૂહે વસી!

૭

દેહ કેરી જ લીલામાં ખેલતા વિભુને ઉરે
સૂક્ષ્મ ને કોમલે તત્ત્વે બંધાવા કામના સ્ફુરે!

વિમલ ઉજ્જ્વલ કૌમુદી રેલતી,
વનવને સૂતી મંજરી લ્હેરતી,
પરિમલે વસુધા મુદિતા ઝૂલે,
નયન વામનનાં નયણાં ખુલે!

વિજન તે ધરા અંકે, ઘેરાં ગીચ વને વને,
ધરી વામનનું રૂપ મનુજે હરિ સંચરે!

કનક કૂંપળ ગાઢ તમે ખીલે,
મન તણી નવી જ્યોત જગે વહે!
જગ–ઉષા મનુબોલ–સુધા ઝીલે,
દશ દિશા કવિતા છલકી રહે!

ક્યાં તે વિરાટ કાયા ને ક્યાં તે નાજુક માનવી?
વામને કલ્પ કલ્પાન્તે પ્રભા પુનઃ ઝગે નવી!

૮

દંત ને નખને સ્થાને પરશુ કર ધારતા
પરશુરામ રૂપે તે પૃથ્વી પે હરિ રાજતા.

કલ્પના વિકસતી પળે પળે,
અસ્ત્ર શસ્ત્ર યુગ આદિ તે ઝગે,
ચેતનાદ્યુતિ સમા સ્થળે સ્થળે,
ગોત્રબદ્ધ મનુજો ઘૂમે જગે.

પ્રતિબિમ્બ મહીં મોહ્યો ભ્રમ ડૂબ્યો પછી તહીં,
વિકાસ-પન્થ શોધીને નવા નવા રમે હરિ!

કુંજ કુંજ સરિતા તટે તટે
ઘૂમતા પરશુરામ ભૂમિ પે,
આદિ તે તિમિર કંપતું નભે,
પૃથ્વીની પરશુએ પ્રભા દીપે.

દિને દિને વધી ફાલી માનુવી-વેલ મ્હોરતી,
પરશુરામને સાદે ધરિત્રી આખી ડોલતી.

૯

સ્ફુર્તિ પરશુની વાધે વિકાસ ઝંખતી રહે,
તેજના પુંજ શા રામ શિવધનુ કરે ગ્રહે!

સ્નેહ-જ્યોતિ વિધુ-વદન તે રામ ઉલ્લાસમંત્રે
છૂટાં છૂટાં મનુતનુજને ગૂંથતા એક તંત્રે!
પૃથ્વી-હૈયે યુગયુગ સૂતી વિશ્વનાં સ્વપ્ન જેવી
સીતા જાગે, કૃષિપુલકિતા જાગતી ભૂમિદેવી!

ગોત્ર, કુટુમ્બ ને ગ્રામો, કૃષિ સંસ્કૃતિ ખીલવી
રામચંદ્ર કરે સ્થાપ્યાં ભમતાં નિત્ય માનવી!

અબ્ધિ હૈયે કુસુમ સમ કૈં પથ્થરોને તરાવી,
ખંડે ખંડે વિચરી કરતા રામ તે વીર્યશાળી
કાન્તારોમાં, વિજન પથમાં, સંસ્કૃતિ-દીપ-માળા—
ને સૌન્દર્યે ધરતી વિલસે જેમ કો મુગ્ધ બાલા!

વાલ્મીકિ રચતા પ્હેલું વિશ્વનું કાવ્ય ઉજ્જવલ,
સંસ્કૃતિની ઉષા વ્યોમે જાગતી દિવ્ય નિર્મલ!

૧૦

સમાજસ્થાપના કેરૂં પ્રભાત વિલસે જગે,
મુક્તા-પુંજ ઉરે જાણે ઊર્મિલા કૌમુદી ઝગે!

ઝુલે વ્યોમે ઊંડે કમલ સમ જાણે નવ શશી,
રહે વા જે રીતે શરદ નભમાં સ્વપ્ન વિલસી,
સ્ફુરે એવાં ગાનો ઉભય યમુનાતીર ગજવી
બજે બંસી ઘેરી મુદિત નીરખે કૃષ્ણ પૃથિવી!

કલા ને કવિતા જાગે, જાગતાં ગોપગોપિકા
ગીતાનાં ગાનમાં ઝૂલે વિશ્વની મુગ્ધ રાધિકા.

રમી ચક્રે શંખે ત્રિભુવન ભરી ચેતન થકી,
ગણો ને રાજ્યોના ગગનભરતા ઘુમ્મટ રચી,
રમાડી ગોપાલો નગરજનને મુગ્ધ કરીને
જગાડે બંસીથી નિશદિન ઘૂમી કૃષ્ણ મહીને!

મહાભારત કેરૂં તે વ્યાસ કાવ્ય રચે મહા,
જગને અન્તરે સોહે કૃષ્ણની ભવ્ય તે પ્રભા!

૧૧

વહે ઘેરાં ગાને છલછલ થતી જીવનનદી
રહે કુંજે કુંજે મૃદુ મનુજને શ્વાસ પમરી,
ધનુષ્યચક્રે શંખે ભરી જીવનથી બાલવસુધા,
ત્યજી શસ્ત્રો અર્પે હરિ હૃદયની મંગલ સુધા.

વહે વ્યોમે રેલી પ્રણય-અમૃતે દેવ-સરિતા,
સ્ફુરે ભોમે દિવ્યા હૃદય-અમૃતે સ્નેહ-કવિતા!
જુએ, જાગે, વન્દે સકલ વસુધા ભક્તિ મુદિતા,
દિશા ગાજે ગાને ઉરઉર ઝગે બુદ્ધ-સવિતા!

અહો! વિશ્વે કેવી પરમ વિભુની જ્યોતિ નીતરે!
બધાં પંખી પ્રાણી મનુ ઉર તટે આવી વિરમે!
મહા તેજે ભોમે મનુજ તરણી શાન્ત સરતી,
ભુલાવી ભેદો સૌ વિચરતી ગિરા શાક્યમુનિની.

માનવી માનવીઓ ને માનવેતર જીવની
બન્ધુતાની ઉષા ભોમે બુદ્ધને વદને ઝગી!

૧૨

સ્નેહ સૌન્દર્ય ને શાન્તિ વિશ્વસંઘ તણાં સ્ફુરે
સ્વપ્નો કૈં ભાવનાભીનાં સ્વચ્છ માનવના ઉરે!

બ્રહ્માંડે કલ્કિ કેરાં નયન અમૃતથી પ્રાણના ધોધ છૂટે,
ખંડે ખંડે પ્રચંડા મનુજ-સરજી તે ભૂમિની પાળ તૂટે,
વ્યાપે ભોમે દિગન્તે અણુઅણુ ભરતી કલ્કિની ભવ્ય પ્રજ્ઞા
નક્ષત્રો ને ગ્રહો સૌ ચકિત બની જુએ સૌમ્ય તે જ્ઞાન-મુદ્રા!

પ્રજ્ઞા તણો ઝગે ભાનુ કલ્કિ અવતરે જગે,
અન્તર્દૃષ્ટિ બની લોકો તેજના પુંજમાં રમે!

લ્હેરે, ચોપાસ લ્હેરે, અણુઅણુ ધબકી કલ્કિ રૂપે વિરાટ,
પ્રજ્ઞાના કોટિ સૂર્યો ઝળહળ ઝળકે પ્રાણને શાન્ત ઘાટ!
ડોલે, બ્રહ્માંડ ડોલે, નિશદિન છલકે પ્રાણનો સિન્ધુ ગાને,
લીલા અંકે શમાવી હરિ હૃદય-તૃષા બીડતા નેત્ર ધ્યાને!

લીલા પૂર્વે મહા શૂન્યે તમરૂપ હતો પ્રભુ,
લીલા અન્તે મહા છન્દે પ્રજ્ઞારૂપ બન્યો વિભુ! *

'સ્નેહરશ્મિ'

* ટૂંક સમયમાં પ્રસિદ્ધ થનાર 'અર્ઘ્ય' નામના કાવ્યસંગ્રહમાંથી

આવતા અંકમાં મુંબાઈમાં ભરાએલા અખિલ હિંદના ફોટોચિત્ર-વિધાયકોની કૃતિઓના પ્રદર્શન ઉપર શ્રી બલવંત ભટ્ટની વિસ્તૃત અને સચિત્ર આલોચના વાંચવાનું ચૂકશો નહિ.



અલાઉદ્દીન ખિલજી અને તે પહેલાંના તઘલખ બાદશાહોના જમાનાના એક મહાન પુરુષ યાદ રાખવા જેવા છે. તે શેખ નિઝામુદ્દીન ઓલીઆ. એમ કહેવાય છે કે શેખ નિઝામુદ્દીન હજી તદ્દન બાલ્યાવસ્થામાં હતા ત્યાં તેમના પિતા સૈયદ અહમદને ભયંકર માંદગી આવી. શેખની માતા બીબી ઝુલેખાંની અત્યંત પવિત્ર સ્ત્રી તરીકે ખ્યાતિ હતી. એક રાતે તેને સ્વપ્ન આવ્યું કે કોઈ દિવ્ય અવાજ તેને બોલાવી રહ્યો છે અને કહી રહ્યો છે કે બેમાંથી એકની પસંદગી કરી લે: પતિ અથવા પુત્ર. પતિ બચશે તો પુત્ર નહિ હોય; પુત્રને બચાવવો હશે તો પતિ નહિ હોય. માતાનું વાત્સલ્ય—જેના વિના પૃથ્વી અમૃત વિહોણી થઇ જાય—પુત્રની પસંદગી તરફ વળ્યું અને સૈયદ અહમદ ત્યાર પછી થોડા દિવસે મૃત્યુવશ થયા. આવી પ્રેમલ અને પવિત્ર માતાની શેખના જીવન પર ઘણી ઊંડી અસર થએલી. કહેવાય છે કે શેખ નિઝામુદ્દીન ઓલીઆના ગુરુ મૌલાના કમાલુદ્દીન ઝહીદ પણ સ્વતંત્ર મિજાજના ને પોતાની બંદગીમાં જ લીન રહેનારા સાચા ફકીર હતા. તેમની કીર્તિકથા સાંભળીને સુલતાન ગ્યાસુદ્દીન બલ્બને તેમને બોલાવીને ઇમામની જગ્યા આપવા માંડી. ત્યારે મૌલાનાએ જવાબ આપ્યો: 'અમારા જીવનમાં એક જ વસ્તુ રહી છે: ખુદાની બંદગી. એ પણ સુલતાન લઇ લેવા માગે છે?' આવા ગુરુને ચરણે બેસીને શેખ નિઝામુદ્દીન ઓલીઆએ વિદ્યા ને ચારિત્ર્ય કેળવ્યાં હતાં.

બલ્બનના જમાનામાં એક જીતાલ—એટલે લગભગ બે પૈસા—નાં એક મણ તરબૂચ મળતાં એટલી સોંઘવારી હતી. કેવળ ઐચ્છિક ગરીબીને વરેલા આ મહાન પુરુષ પાસે એ ખરીદવા માટે પણ પૈસા ન હતા; અને છતાં જલાલુદ્દીન ખિલજીએ સ્વેચ્છાએ આપવા માંડેલું ગામ ન લેવાની શક્તિ હતી! એક વખત એક કીમિયાગરે એમને કીમિયો શીખવવાનું કહ્યું કે જેથી ગરીબી ટકી શકે જ નહિ. ઓલીઆએ જવાબ દીધો: 'પૈસા ભેગા કરવા એ તો વેપારીનું કામ છે; અમારું ફકીરનું કામ તો એકલી બંદગી માટે જીવન જીવવું એ જ છે.'

શેખ નિઝામુદ્દીને કહેલું કે મારી કબર તો ખુલ્લા મેદાનમાં હોય એટલે બસ છે. એના ઉપર બીજું કાંઈ ન જોઇએ. પણ સુલતાન મહમ્મદ તઘલખે ઓલીઆની કબર ઉપર રોજો બંધાવેલો છે. એને છસ્સો વર્ષ થયાં. કૈંક રાજાઓ આવ્યા અને ગયા, છતાં શેખ નિઝામુદ્દીન ઓલીઆનું નામ આજે પણ એટલી જ પવિત્ર ભાવના જગાવે છે.

અમીર ખુશરુ સાત આઠ વર્ષની ઉમરનો હતો તે વેળા ઘણી વખત આ શેખ નિઝામુદ્દીન ઓલીઆ પાસે બેસવા આવતો. એ અમીર ખુશરુએ જ દેવળદેવી અને ખિજરખાંની પ્રેમકથા લખી છે. તે એ જમાનાનો કવિ હતો. એણે દિલ્હીની શહેનશાહતની તડકીછાંયડી પણ જોઇ હતી. દેવળદેવી અને ખિજરખાંની પ્રેમકથા જેમ એણે લખી છે તેમ એણે અલાઉદ્દીનના જમાનાનો ઇતિહાસ પણ લખ્યો છે. પરંતુ એ ઇતિહાસ ઇતિહાસલેખકનો નહિ પણ કવિનો લખેલો છે, એટલે કેટલીક જગ્યાએ અતિશયોક્તિ છે. છતાં અલાઉદ્દીનના જમાનાનું એમાંથી સારું ચિત્ર મળી રહે છે.

શહેનશાહ અકબરે હિંદુ સંસ્કૃતિનો સાચો અભ્યાસ કરવા માટે કેટલાંક સંસ્કૃત પુસ્તકોનું ફારસીમાં ભાષાંતર કરાવ્યું હતું. સંસ્કૃતનું જ્ઞાન તો ઘણા વખત પહેલાંથી મુસલમાન લેખકો મેળવતા આવતા હતા. ખલીફ હરુન—

અલ-રશીદ ના દરબારમાં કેટલાયે સંસ્કૃત જ્ઞાતા હતા. ચરક અને સુશ્રુતનાં અરબ્બી ભાષામાં ભાષાંતર તો ઘણા વખત પહેલાં થયાં હતાં. હરૂન-અલ-રશીદના દરબારમાં બે હિંદુ વૈદ્યરાજ હતા એમ પણ કહેવાય છે. પ્રખ્યાત મુસાફર આલ્બેરૂનીનું સંસ્કૃતનું જ્ઞાન સારૂં હતું. અકબર પહેલાં ફિરોઝશાહ તઘલખે પણ સંસ્કૃત-માંથી ભાષાંતરો કરાવ્યાં હતાં.

卐

ચાર વરસ, ચાર માસ ને ચાર દિવસનો થતાં અકબર ભણવા બેઠો. પણ જે ગુરુ મળ્યા તે પોતે જ કબુતરના શોખીન હતા, એટલે નાનકડો શિષ્ય એમની પાસેથી કાંઇ શીખ્યો નહિ. મોટી ઉંમરનો થતાં પણ અકબર, શિક્ષકો બદલાવ્યા છતાં કાંઇ શીખ્યો નહિ, ત્યારે હુમાયૂંએ તેને ઉપદેશનો કાગળ લખ્યો. એટલું છતાં યે અકબર કાંઇ ખાસ શીખ્યો હોય એમ લાગતું નથી. છતાં મોટી વયે અકબરે વિદ્યા ઉપર જે પ્રીતિ બતાવી તે તો જાણીતી વાત છે. પોતાના સમયનો થોડોક ઇતિહાસ એણે સંસ્કૃતમાં પણ લખાવ્યો હતો. મહા-ભારત, રામાયણ, અથર્વ વેદ, લીલાવતી ગણિત, રાજ-તરંગિણી, હરિવંશ, નળદમયંતીકથા, સિંહાસનબત્રીશી, યોગવાસિષ્ટ, ગગાધર વગેરેનાં ભાષાંતર અકબરે તૈયાર કરાવડાવ્યાં હતાં. બદાઉની નામનો અકબરના જમાના-નો ઇતિહાસકાર, જેનું ખરૂં નામ અબ્દુલકાદીર છે, તે પણ ભાષાંતર કરનારાઓમાંનો એક હતો. તેણે રામાયણનું ૨૪,૦૦૦ શ્લોકનું ભાષાંતર કર્યું હતું અને તેને માટે ૧૫૦ અશરફી તથા ૧૦,૦૦૦ ટંકા તેને મળ્યા હતા. (૨૩૪ ટંકા=૨૪ પૌંડ). ભાષાંતર કરનારાઓ વિદ્વાન બ્રાહ્મણોની મદદ લેતા અને અકબર જાતે એ કામમાં રસ લેતો હતો. બદાઉની લખે છે કે અથર્વ વેદનું ભાષાંતર દક્ષિણમાંથી આવેલા એક વિદ્વાનને સોંપાયું હતું. તેનું નામ શેખ ભવાની. મૂળ તો એ બ્રાહ્મણ હતો, પણ પછી મુસલમાન થઇ ગએલો. સો ચિત્રકારો આ ભાષાંતરોને ચિત્રિત કરી રહ્યા હતા. અબુલ ફઝલ લખે છે કે કેટલાક ચિત્રકારોની કૃતિઓ અતિ સુંદર હતી અને એમને ખુશીથી યૂરપના મહાન ચિત્રકારો-ની હરોળમાં મૂકી શકાય.

卐

મુગલ સમયના સમાજનું આછું ચિત્ર આપણને અબુલ ફઝલમાંથી મળી આવે છે. દારૂની બદી સાધારણ થઈ ગઇ હતી. કોર્ટનો ભભકો આંજી નાખે એવો હતો. અમીરો એક વરસને અંતે પોતાનાં બધાં વસ્ત્રો—પાય-જામા સિવાય—વહેંચી દેતા. કોઈ પણ અમલદારને દેશની બહાર દોલત લઇ જવાની રજા મળતી નહિ, એટલે અમીરો પોતાની દોલત પોતે જ ખર્ચી કાઢતા. સોંઘ-વારી ઘણી હતી. ઘેટાની કીમત દોઢ રૂપિયો પડતી. ગાયની કીમત લગભગ દસ રૂપિયા હતી. ઘઉં છ આનાના મણ (= ૫૫ાા શેર), દૂધ સાડા બાર આનાનું મણ ને ઘી લગભગ સાડા ત્રણ રૂપિયે મણ વેચાતું. સુતારને લગભગ ત્રણ આના (અત્યારની કીમતે) રોજ મળતું, જ્યારે મજૂર લગભગ એક આનો કમાતો.

અંગ્રેજ ઇતિહાસકાર વિન્સેન્ટ સ્મિથ પણ લખે છે કે અકબરના જમાનાના મજૂરને ખાવાપીવાની તંગી ન હતી. આજે દાણાની બજાર તેજ છતાં મજુર અને ખેડૂતને ખાવાના વાંધા છે.

卐

મેન્ડેલ્સ્લો નામનો જર્મન મુસાફર ઇ. સ. ૧૬૩૮ માં ગુજરાતમાં આવ્યો હતો. ચોવીસ વર્ષના આ જુવાન જર્મને પોતાની મુસાફરીની હકીકત લખેલી, તેમાંથી તે સમયનું ચિત્ર ખડું કરી શકાય છે. મેન્ડેલ્સ્લોએ અમદાવાદનું વર્ણન આપ્યું છે એ પરથી માલૂમ પડે છે કે અમદાવાદ એ સમયે ગુજરાતના બગીચા જેવું હતું. મેન્ડેલ્સ્લો લખે છે કે અમદાવાદમાં જેટલાં ઝાડ હતાં એટલાં જ વાંદરાં પણ હતાં. ઇંગ્લિશ ફૅક્ટરી (અંગ્રેજી કોઠી) પર એક વખત મેં ૧૫૦ ગણ્યાં હતાં. તે વખતે ગુજરાતનો સુબો આઝમખાન હતો. તેની ઉંમર લગભગ સાઠ વર્ષની હતી. તેની પાસે દસ કરોડ-ની દોલત છે એમ કહેવાતું. તેની પુત્રી શાહ સુજા જોડે પરણાવવામાં આવી ત્યારે તેણે વીસ હાથી, એક હજાર ઘોડાં ને ૬૦૦૦ ગાડાં મૂલ્યવાન વસ્તુઓ તેની સાથે દાયજામાં આપી હતી. તેનું ઘરખર્ચ લગભગ દસ હજાર રૂપિયા દર મહિને થતું હશે.

આઝમખાન સાથે મેન્ડેલ્સ્લોની મુલાકાત થઇ હતી અને ચોવીસ વર્ષના જુવાનને આમ એકલો મુસા-ફરી કરતો જોઇ તેને બહુ આનંદ થયો હતો.

卐

રોમની સાથે જે વખતે હિંદનો વેપાર ચાલતો—લગભગ પહેલી બીજી સદીમાં—ત્યારે હિન્દુસ્તાનથી રોમ-માં મુખ્યત્વે કરીને કાપડ જતું. એ ઉપરાંત સોનું, રૂપું,

મોતી અને હીરાનો વેપાર પણ ચાલતો. સીલોનનું એક નામ રત્નદ્વીપ પણ છે. અને પ્લીની નામના ઇતિહાસકારે લખ્યું છે કે સિંહલદ્વીપના રાજાએ રોમના રાજા ક્લોડિયસ (ઇ. સ. ૪૧–૫૪) પાસે દૂત મોકલેલા. હિંદી રેશમની મોહિનીએ રોમન સ્ત્રીઓને ઘેલી બનાવી દીધી હતી, અને પરિણામે ત્યાં અત્યંત પાતળું વસ્ત્ર ન પહેરવાનો ધારો કરવો પડ્યો હતો. પવન જેવાં આ પાતળાં વસ્ત્રો રોમન સ્ત્રીઓને પહેરતી જોઇને ત્યાંના ગંભીર માણસોને દિલગીરી પણ થતી. લગભગ દરવર્ષે ૮૦ લાખ રૂપિયાનું કાપડ રોમની સમૃદ્ધિ ખેંચી જતું. એક વખત તો હિન્દનાં ૧૨૫ વહાણો રોમને કિનારે લાંગરીને પડ્યાં હતાં. એ જ પ્રમાણે હિંદુસ્તાનનો વેપાર ચીન, મિસર અને સીરીઆ સાથે પણ ચાલતો હતો.

*

પાર્લમેંટ—પ્રજાસત્તાક તંત્ર-નો વિચાર ઘણા જ પ્રાચીન સમયથી હિંદુસ્તાનમાં પ્રચલિત છે. જ્યારે-જ્યારે હિંદમાં મહાન સમ્રાટો થઇ ગયા છે, ત્યારેત્યારે એ તંત્ર શિથિલ બનતું લાગ્યું છે, છતાં એ ભાવના પ્રજાના પ્રાણમાં જ રહેલી હતી એ વિષે શંકા નથી. વૈદિક સમયની સમિતિ અને સભા જાણીતાં છે; ભગવાન બુદ્ધના જમાનાની ગણપ્રથા અને સંઘપ્રથા પણ જાણીતી થઈ ગઇ છે, તેમજ ગ્રીક સમયના ઇતિહાસકારોએ એ વાતનો ઉલ્લેખ કરીને પ્રજાસત્તાક તંત્રની હસ્તી વિષે આ રીતે વધારે પ્રકાશ પાડ્યો છેઃ 'બીઆસ નદીની પેલી તરફ રસાળ પ્રદેશ છે. એ પ્રદેશમાં ૫૦૦૦ અમીરો વડે રાજતંત્ર ચલાવાય છે. દરેક અમીર રાજાને એક હાથી ભેટ ધરે છે.'

ઘણું કરીને શ્રી કૃષ્ણ આવા પ્રજાકીય તંત્રના જ આગેવાન હતા. શાંતિ પર્વમાં એ વિષે એક ઉલ્લેખ છે, જે ઉપરથી વિદ્વાન ઇતિહાસકારો ધારે છે કે પ્રજાકીય તંત્ર હિંદમાં ઘણા જૂના વખતથી ચાલતું આવે છે. શ્રી કૃષ્ણ નારદને કહે છેઃ 'સંયુક્ત રાજસભામાં બે રાજકીય પક્ષ છે ને તેમાંનો દરેક પોતાનો હાથ ઉપર રાખવા મથે છે. એવી રાજસભામાં તીક્ષ્ણ વાદવિવાદ પણ થાય છે.' ઍલેકઝાંડરને પાછા ફરતાં જે લોકોએ લગભગ મરણ તુલ્ય કરી મૂકયો હતો તે ક્ષુદ્રક અને માલવ લોકોને પોતપોતાનાં સ્વતંત્ર લોકતંત્ર હતાં. બન્ને પ્રજાએ મળીને સો એલચીઓ લડાઇ પછીની વાટાઘાટ માટે મોકલ્યા હતા. માલવ લોકો સાથેની લડાઇમાં ઍલેકઝાંડરને ઝેરી ઘા ખમવો પડ્યો તેથી તેને ખાત્રી થઇ ગઇ હતી કે એ લોકો ઘણા બહાદુર છે અને તેમને બહુ સતાવવામાં ફાયદો નથી. ગ્રીક ઇતિહાસકારોની વિગત પ્રમાણે 'આવેલા એલચીઓ ઘણા રૂઆબદાર હતા. સઘળા રથમાં બેઠા હતા. તેમણે લાલ અને સોનેરી વસ્ત્ર પરિધાન કર્યાં હતાં અને તેમની ચાલમાં એક જાતનું અસાધારણ ગૌરવ હતું. તેમણે કહ્યું: "દેવ—અને નહિ કે ભય—અમારા પરાજયનું ને આ સંધિનું કારણ છે. અમારી સ્વતંત્રતા હિમાલય જેટલી જૂની છે. એને હજી સુધી કોઇએ તોડી નથી."

ઍલેકઝાંડરે તેમની શરતો કાંઈ પણ આનાકાની વિના તરત સ્વીકારી લીધી. સો એલચીઓ બે પ્રજા તરફથી સંધિ માટે આવ્યા હતા એ વિગત પરથી સ્પષ્ટ સમજી શકાય છે કે તે પ્રજાપ્રતિનિધિઓ જ હોવા જોઇએ. અને પછી ઍલેકઝાંડર જેમજેમ આગળ ગયો તેમતેમ તેને બીજી પણ પ્રજાકીય સત્તાઓનો અનુભવ થયો હતો.

*

બાજીરાવ બીજો લગભગ ૮૦ વર્ષે ઇ.સ. ૧૮૫૧માં મરણ પામ્યો. એક વખત એણે કંપની સરકારને ૭ લાખ રૂપિયા વ્યાજે પણ ધીર્યા હતા અને શીખ વિગ્રહ વખતે તો પોતાને ખર્ચે બે રેજીમેન્ટ પણ તૈયાર કરાવીને કંપની સરકારની મદદમાં મોકલી હતી. 'ધૂમકેતુ'

જલધિમોજ શો

તુટો નવ તુટો પહાડ, કણુ વા ખરો ના ખરો,
નહિ જલધિમોજ એ કદિ ય ચિત્ત ચિંતા ધરે;
પ્રફુલ્લ મુખ ઉરગીત સહુ અંગથી નાચતાં
વહી સતત કાંઠડે ભીષણ પર્વતે આથડે.
હું યે જલધિમોજ શો કયમ કદી ય ચિંતા ધરું,
તૂટે મનુજદુ:ખનો અડગ શો ઊભો પ્હાડ આ?
ઉરે હું લઇ ગીત ને સ્મિત તણી ધરી દીવડી
યુગોયુગ તણા પહાડ પર હું પડું આથડી.

પ્રહ્લાદ પારેખ

'કુમાર'ના વાચકો જાણીને આનંદ પામશે કે છેક 'કુમાર'ની શરૂઆતથી અવારનવાર આવ્યા કરતી શ્રી 'ધૂમકેતુ'ની આ લેખમાળા ટૂંક સમયમાં પુસ્તકાકારે બહાર પડવાની છે.

અમેરિકાના પત્રો . . . ૫

વૉટરવીલેથી ૧૭મીએ સવારે નીકળી આજે પાંચ વાગ્યે કિવબેક પહોંચ્યા. કૅનેડામાં દાખલ થતાં કશી મુશ્કેલી નથી પડતી. સાથે કૉલેજનું સર્ટિફિકેટ, પાસપોર્ટ ને કૅનેડિયન કસ્ટમની રીસીટ છે એટલે વળતાં પણ કાંઇ વાંધો નહિ આવે. ૧૭મીએ બપોરે બે વાગ્યે કિવબેક પ્રાંતમાં પ્રવેશ કર્યો. હવે મોટરો દેખાતી સદંતર બંધ થઇ. ખચ્ચર અથવા ઘોડાની ગાડીઓ પણ ક્વચિત મળતી. આખા પ્રાંતમાં ફ્રેંચ કૅનેડિયનો છે. ૧૬મી સદીના તેઓ અહીં આવેલા, તે વખતના રીતરિવાજો હજી પાળે છે. અંગ્રેજી રાજ્ય અને અંગ્રેજી પાડોશ છે, પણ ઘણાને અંગ્રેજી શબ્દ પણ નથી આવડતો. રસ્તામાં નિશાનીઓ—રસ્તાની—પણ ફ્રેંચ અને અંગ્રેજી બંને ભાષામાં આવતી. કૅનેડાની પાર્લમેન્ટમાં પણ બંને ભાષા ચાલે છે. આ પ્રાંતના લોકો ગરીબ પણ સુખી લાગ્યા. ગાડું લહેરથી હાંકતા ચાલ્યા આવે. થોડા થોડા માઇલે ગામડાં આવતાં. ગામડું એટલે જૂની લાકડાની કૅબિન જેવાં પંદર વીસ ઝૂંપડાં. અલબત્ત વચ્ચે આલીશાં ચર્ચ શોભી રહ્યું હોય! ચર્ચ વિનાનું એક પણ ગામડું ન મળ્યું. કેટલાં યે નવાં દેવળો રસ્તામાં બંધાતાં હતાં. પાલીતાણામાં આપણે ધર્મશાળાઓ બાંધ્યે રાખીએ છીએ એવી જ અહીંની સ્થિતિ છે. લોકો પૂરા ધર્મિષ્ઠ; તેમાં યે સ્ત્રીઓ વધારે. સવારે દેવળમાં જઇ આવ્યા પછી જ નાસ્તો કરે. દસ મહિના પછી આવી વિવિધતાનાં દર્શન થયાં, એટલે ખૂબ રસથી જોતા આગળ ચાલ્યા. અમેરિકા એટલે 'સ્ટૅન્ડર્ડાઇઝેશન'. બધું ધોરણબંધી; ગામડાં ને શહેરોમાં કશો ફેર નહિ. એટલે ત્યાં તો મોટર હાંકયે જતા. અહીં દરેક ગામ પાસે મોટર ધીમી પાડી જોતા જોતા આગળ વધ્યા. રસ્તા માટીના હતા; કોઇકોઇ ઠેકાણે ટારના પણ ખરા. લોકો કદમાં અમેરિકનો કરતાં નીચા અને પાતળા—સરેરાશ ઊંચાઇમાં અમેરિકનો યુરોપના કોઇપણ દેશને વટી જાય.


સાંજે 'ટૂરિસ્ટ કૅમ્પ'માં કિવબેકની ભાગોળે ઊતર્યા. બીજે દહાડે સવારે કિવબેક ગામમાં ગયા. ગામની વસ્તી દોઢેક લાખની છે ને શહેર ઐતિહાસિક છે. એ સિવાય ખાસ જોવાનું નથી. એને દેવળોનું શહેર કહીએ તો ચાલે. આખા ગામમાં ફર્યા. ગમે ત્યાં મોટર ઊભી રાખીએ કે નજીકના કોઇ દેવળમાંથી ઘંટારવ સંભળાય! અમને કહેવામાં આવ્યું કે અહીં બીજાં શહેરોમાં તો રવિવારે સીગારેટ સુદ્ધાં ન વેચે! આજે ઋતુ ઓચિંતી બદલાઇ હતી. બૉસ્ટનથી નીકળ્યા ત્યારે પરસેવો થતો હતો આજે ઠંડી અને સખત પવન ફૂંકાતો હતો. આથી, ઉત્તરમાં બસો માઇલ દૂર આવેલું ઍલ્યુમિનિયમ કંપનીનું કારખાનું જોવા જવાનો વિચાર હતો તે પડતો મૂક્યો.

અમેરિકન બાફણાથી કંટાળેલા એટલે સરસ ફ્રેંચ રેસ્ટોરાં શોધી કાઢ્યું ને ખૂબ ધરાઇને ખાધું. કાન્તિને લાગ્યું કે આમાં શું? ખાવાનું ઠીક છે. પણ મેં ને અન્તુભાઇએ ઘણા મહિના બાફેલું ખાધેલું એટલે બરોબર સ્વાદ સમજી શકયા. બપોરે બ્રિટિશ ક્રૂઝર 'નૉર્ફોક' ફરતી ફરતી કિવબેક આવેલી એ જોઇ. લડાયક બારકસનો ઠીક ખ્યાલ આવ્યો. અંગ્રેજ નૌકાખાતું દુનિયામાં પ્રથમ પંક્તિનું છે. તેઓ જાપાનીઝ નૌકાખાતાને બીજે નંબર આપે છે. વહાણ ઉપર એક અંગ્રેજ અફસરે કહ્યું કે અહીં ત્રણચાર જાપાનીઝ છોકરાઓને મિત્રદાવે શીખવા રાખેલા. તેઓ લઇ ગયા બધું, પણ અમને કશું જ બદલામાં આપી ન ગયા. મતલબમાં, જાપાનીઝો ઘણા મીંઢા હોય છે. એક અક્ષર પણ બોલશે નહિ.

સાંજે પાંચ વાગ્યે કિવબેક છોડ્યું અને સેંટ લૉરેન્સ નદીને કાંઠેકાંઠે આગળ ચાલ્યા. સાડા સાતે શૌવિનિગન ફૉલ્સ પહોંચ્યા. અહીં મોટા હાઇડ્રો ઇલેક્ટ્રિક પ્લાન્ટ છે. ત્રણચાર કારખાનાંઓ છે. ગામમાં કોઇને અંગ્રેજી આવડે નહિ, અમને ફ્રેંચ આવડે નહિ. અન્તુભાઇ હમણાં થોડુંક શીખેલા એ વડે ગબડાવતા હતા. પોલિસને પણ અંગ્રેજી ન આવડે એ નવો અનુભવ થયો.

સવારે ઍસેટિક ઍસિડ બનાવવાનું કારખાનું જોયું, ત્યાંથી શૌવિનિગન ફૉલ્સ (ધોધ) તથા એનું પાવર હાઉસ જોયા, સાંજે ઍલ્યુમિનિયમનું કારખાનું જોયું. અહીં બૉકસાઇટની કાચી ધાતુમાંથી ધાતુ બનાવે છે અને પાવર ટ્રાન્સમિશન માટે દોરડાં બનાવે છે.

સાંજે ત્યાંથી નીકળી સિત્તેર માઇલ દૂર (એટલે કે મોન્ટ્રીઅલથી બાર માઇલ દૂર) રે-મા-તેની ગામ-



માં રાત રહ્યા. લૉવેલમાં ડૉ. ઓબ્રાયન છે એમની અહીં જમાન છે. ડૉકટર ઘેર હતા. એમણે ઠેકાણું બરાબર આપેલું, એટલે ઘર તરત જડયું. પહોંચ્યા ત્યારે બાજુમાં બીજું ઘર બંધાવતા હતા. મિસ્ત્રીને લાયકનું ઘણુંખરૂં કામ તો એ જાતે જ કરી લેતા! ડૉ. ઓબ્રાયનનું સ્વાગત નહિ ભૂલી શકાએ. ફ્રૅચ કૅનેડિયન છે. પારીસમાં અભ્યાસ કરેલો ને લૉવેલમાં પ્રૅક્ટિસ કરે છે. કૅનેડામાં એમને ત્યાં જવાનું આગ્રહભર્યું નિમંત્રણ હતું. અમે તે સ્વીકાર્યું. સેંટ લૉરેન્સના કાંઠા ઉપર જ એમનો બસો એકરનો ફાર્મ છે. ત્યાં તો ડૉકટર અસલ ખેડુત જ બની ગએલા. ઘર ચણાવતા હતા. જમીનની લેવલ કેમ માપવી ને પાયો કેમ ખોદાવવો ત્યાંથી માંડીને ઢોરોની માવજત કેમ કરવી, એ બધું જ્ઞાન એમને હતું. પોતે જ મિસ્ત્રી બની ગએલા. હિંદી આતિથ્યની ઝાંખી અહીં અમે કરી. સામાન્ય રીતે પશ્ચિમમાં એવા આતિથ્યની આશા ન રાખવી. બીજે દહાડે બપોરે મોન્ટ્રીઅલ પહોંચ્યા. કૅમ્બ્રિજથી કિવબેક ૪૦૦ માઇલ; કિવબેકથી મોન્ટ્રીઅલ ૨૦૦ માઇલ. સાંજે મોન્ટ્રીઅલમાં ફિલ્મ ડેવેલપ કરવા આપી. રાત્રે મિસિસ બુટ્રોની દીકરીને મળવા ગયા. અહીં મિસિસ બુટ્રોનો જમાઇ જે પિઆનિસ્ટ છે તે મિ. લસીઅરને રાત્રે મળવા ગયા. અમારી સાથે આખો દિવસ ફરેલા. એને હિંદી સંગીતનો વધારે પરિચય કરવો છે. ત્યાંથી સારી બે ત્રણ ચોપડીઓ લૉવેલમાં મારી ઉપર મોકલી આપજો. એક સુખથંકરની બે વૉલ્યુમમાં આવે છે તે મોકલજો. અંગ્રેજીમાં સમજ આપી હોય એવી ચોપડી હોય તો સરસ; નહિતર હિંદી બારાક્ષરી શીખી લેશે. મેં એને રાગોના વર્ગીકરણની સામાન્ય સમજણ આપી અને ભૈરવી તથા આશાવરીના સૂર વગાડયા, એટલે તરત જ એણે પીઆનો પર ઉસ્તાદની ઢબે એ બંને રાગો વગાડી બતાવ્યા. હું તો છક થઇ ગયો! બીજે દહાડે બીઅર બનાવવાનું કારખાનું જોયું. મૉન્ટ્રીઅલની વસ્તી દસ લાખની છે. શહેર રળિયામણું અને ચોકખું છે. મંદીની અહીં ઘણી ઓછી અસર થઇ છે. ગામમાં ફ્રૅચ ને અંગ્રેજી સરખા પ્રમાણમાં બોલાય છે. દેવળો તો અહીં પણ પુષ્કળ હતાં.

એકવીસમી જૂનની સાંજે અમે મૉન્ટ્રીઅલ છોડયું અને ઓટાવા નદીને કાંઠેકાંઠે ઓટાવા તરફ ચાલ્યા. હવે બધે અંગ્રેજી આવવા માંડયું. પ્રદેશ કિવબેક કરતાં વધારે સમૃદ્ધ લાગ્યો. પચાસ માઇલ દૂર નદીને કાંઠે કૅમ્પમાં રાત રહ્યા. સવારે નદીમાં હોડીઓ હાંકી અને નવ વાગ્યે કૅનેડાની રાજધાની ઓટાવા પહોંચ્યા. શહેર નાનું છે. વસ્તી દોઢેક લાખની હશે. ખાસ જોવા જેવી પાર્લમેન્ટ હતી. પાર્લમેન્ટના ટાવરમાં એક વસ્તુ પર



સેંટ મૉરીસ નદીના શૉવિનિગન ધોધ પાસે ડાબી બાજુથી: શાન્તિલાલ શાહ, અનન્ત પંડયા, કાન્તિલાલ શાહ

ખાસ ધ્યાન ખેંચાયું. ૧૯૩૨ની ઇમ્પીરીઅલ ઇકૉનૉમિક કૉન્ફરન્સ વખતે સમગ્ર શહેનશાહતની વતી પ્રાર્થના થએલી એવો લેખ, દરેક વિભાગના પ્રતિનિધિની સહી સાથે, કબાટમાં મૂકેલો ત્યાં જોયો. ઇશ્વરે શહેનશાહતનું ભલું કરવા આજ્ઞા કરી અને એને માટે એ કૉન્ફરન્સ ભરાઇ, એવું કંઇક હતું! હિંદુસ્તાનની વતી એમાં સર અતુલ ચૅટરજીની સહી હતી. બપોરે ઓટાવાનું વૉટર વર્કસ જોયું. નવું જ બંધાયું છે. સાંજે ચાર વાગ્યે ઓટાવા છોડયું. મોન્ટ્રીઅલથી ઓટાવા ૧૨૫ માઇલ થાય. અહીંથી સો માઇલ દૂર કિંગ્સ્ટન પહોંચી રાત રહ્યા.

ત્રેવીસમી તારીખે બપોરે ચાર વાગ્યે અમે ટૉરોંટો પહોંચ્યા. કૅનેડામાં મૉન્ટ્રીઅલ પછી બીજા નંબરે ટૉરોન્ટો આવે છે. વસ્તી સાત લાખની છે. શહેર કોઇ પણ અમેરિકન શહેર જેવું લાગે. ઓન્ટારીઓ સરોવરને કાંઠે તે આવેલું છે. અહીં પણ ઍલ્યુમિનિયમ કંપનીનું કારખાનું જોયું ને શહેરમાં ફર્યા. સિવાય ખાસ જોવાનું કાંઇ નહોતું એટલે સાંજે ચારેક વાગ્યે નાયાગરાના ધોધ બાજુ પ્રયાણ કર્યું અને ૨૪મી જુને સાંજે ત્યાં પહોંચ્યા. ઓટાવાથી ટૉરોંટો ૨૨૫ માઇલ; ટૉરોંટોથી નાયાગરા ૮૦ માઇલ.


સાંજે છ વાગ્યે નાયાગરા નજીક પહોંચ્યા. રાત તો કૅનેડામાં જ રહ્યા. નાયાગરાના ધોધ ઉપર કૅનેડિયન સરહદ પૂરી થાય છે. ધોધનો અર્ધો ભાગ કૅનેડાનો ને બીજો અર્ધો અમેરિકનોનો છે.

કૅનેડામાં કુલ આઠ દિવસ રહ્યા. ખૂબ જોયું: અથવા કહો કે જોવાની મઝા ખૂબ પડી. અમેરિકાથી ટેવાએલા—અમેરિકન થઇ ગએલા, એટલે મુસાફરી કરી ઘેર પ્રયાણ કરતા હોઇએ એવી લાગણી થતી હતી. કૅનેડામાં ખોરાક સરસ મળતો હતો. મરી મસાલા વગેરે નહિ, પણ સ્વાદિષ્ટ તો ખરો જ. એ છોડી પાછા નસીબે બાફણું આપવાનું હતું. સેંટ લૉરેન્સ તથા ઓટાવા નદીને કાંઠે ફરતી વખતે ગંગા યમુના અમને યાદ આવ્યાં હતાં.


અને કૅનેડાનાં ફ્રેંચ રેસ્ટોરાં! ખૂબ ધરાઇને ખાધું. કૅનેડિયન શહેરો અમેરિકા કરતાં વધારે ચોખ્ખાં અને વ્યવસ્થિત લાગ્યાં.

૪-૭-૩૩

…મુસાફરીમાં શહેર જોવાનો કાર્યક્રમ સામાન્યતઃ સાંજે પાંચ વાગ્યે પૂરો થાય છે. એ પછી બધું બંધ થાય, એટલે અમે આગળ પ્રયાણ કરીએ. અહીં છેક રાત્રે સાડા આઠ કે નવે સૂર્યાસ્ત થાય છે, એટલે એટલા વખતમાં સોએક માઇલ દૂર તો સહેજે જઇ શકીએ. મોન્ટ્રીઅલ અને ટૉરોંટો સિવાય અમે કોઇ ઠેકાણે શહેરમાં નથી રહ્યા. રસ્તામાં ચાલુ ટૂરિસ્ટ કૅમ્પ આવ્યા જ કરે છે. એમાંથી એકાદ સારો જોઈ મુકામ કરીએ. એક રાત રહેવાના માથા દીઠ ૫૦થી ૭૫ સેન્ટ આપવા પડે છે. આ ટૂરિસ્ટ કૅમ્પ એટલે એક નાની લાકડાની કૅબિન. અંદર એક પલંગ; ઉપર સફેદ ચાદર તથા ઓઢવાનું બિછાવીને તૈયાર કરેલો—અને હાથમોં ધોવાનું વૉશ-બેઝિન (વાસણ) હોય. એમાં ઘણુંખરૂં ઠંડું અને ગરમ પાણી મળ્યા જ કરે. અંદર વીજળીની બત્તી તો ખરી જ. ઓઢવાનું ને ચાદર બહુ જ ચોકખાં હોય છે. સરકારી અમલદાર આવા કૅમ્પોની તપાસ રાખ્યા જ કરે છે, એટલે ગંદું જરા યે ન ચાલે. અમેરિકા (યુનાઇટેડ સ્ટેટ્સ)માં અત્યારે આવા ત્રીસ હજાર કૅમ્પ છે. એક કૅમ્પમાં આઠથી દસ



યલોસ્ટોન પાર્કમાં રીંછ ઘણાં છે. પણ તે માણસો સાથે બહુ હળી ગએલાં હોય છે. હાથમાંથી બિસ્કિટ લઇને ખાતું એવું રીંછ.



આ પત્રોમાં વર્ણવેલી સફર કરનારા ચાર જણ.
ઉપરઃ શાન્તિલાલ શાહ અને અનન્ત પંડયા;
નીચેઃ કાન્તિલાલ શાહ અને અહમદ રસુલ

કૅબિન હોય. સાધારણ રીતે પેટ્રોલ ભરવાનું સ્ટેશન હોય ત્યાં આવો એકાદ કૅમ્પ હોય જ. અહીં વસ્તીથી ગમે તેટલે દૂર પણ દર બે પાંચ માઇલે એક પેટ્રોલ સ્ટેશન તો આવે જ.


કેટલાક કૅમ્પમાં નહાવાની પણ સરસ સગવડ હોય છે. એટલે અઠવાડીઆમાં બેત્રણ વખત નહાવાનું પણ મળી રહે છે. ગામમાં જઇએ તો માથા દીઠ એક ડૉલર પડે, પણ બહારના કૅમ્પ જેવી મજા ન પડે કેટલાક કૅમ્પમાં નજીકમાં નાનું તળાવ હોય તો બોટિંગ કરવાનો પણ લાભ મળે ખરો.

નાસ્તાના સવારે ૩૦થી ૩૫ સેન્ટ થાય છે. લંચના ૩૫થી૪૦ સેન્ટ અને સાંજના ખાવાના ૪૦-૪૫ સેન્ટ પડે છે. પેટ્રોલ એક ડૉલરનું ૬થી ૭ ગૅલન મળે છે. સપ્ટેમ્બરમાં ખર્ચનો હિસાબ મોકલીશ એટલે દરરોજ કેટલો ખર્ચ થતો એનો બરાબર ખ્યાલ આવશે.

અહીં કાર્યક્રમ મોડો શરૂ થાય છે ને મોડો પૂરો થાય છે. સવારે હજી નાસ્તો કરીએ ત્યાં દસ વાગી જાય. સાંજે સાડા નવ સુધી તો ઘણી વાર મુસાફરી કરીએ છીએ. રસ્તા આખા દેશમાં સીમેન્ટના છે, કોઇકોઇ ઠેકાણે ટારના છે; એટલે હાંકવાનો કે મુસાફરીનો થાક તો લાગે જ શાનો? ૫૦-૬૦ માઇલની ઝડપે તો સહેજે જઇ શકાય છે.

ચોવીસમીએ સાંજે અમે નાયાગરા પહોંચ્યા. ત્યાં નજીકમાં જ એક કૅમ્પમાં મુકામ કર્યો અને ધોધ જોવા ઉપડયા. નાયાગરાની કંઇકંઇ કલ્પનાઓ કરેલી; ભયંકરતા કલ્પેલી. પણ ધોધની એટલી ઊંચાઇ ન નીકળી. એટલા પુરતી નિરાશા થઇ. પણ ભવ્યતા તો ખરી જ. ઘોડાની નાળના આકારમાં એ ધોધ પડે છે. રાત્રે કૅનેડિયન બાજુ ઉપરથી જુદાજુદા રંગની સર્ચલાઇટ ફેંકે છે એ ખૂબ સરસ લાગે છે. એમાં થોડી વારે રંગો બદલ્યા કરે છે, એટલે જોવાની ઓર મઝા પડે છે. બીજે દહાડે, એટલે ૨૫મી તારીખે અમેરિકન સરહદમાં દાખલ થયા. કશી મુશ્કેલી ન પડી. રવિવાર હતો એટલે હજારો જોડાંઓ લહેર કરવા નીકળી પડેલાં.

છવ્વીસમીની સાંજે અમે રૉચેસ્ટર પહોંચ્યા. બીજે દહાડે સવારે કોડાકનું કારખાનું જોવા ગયા. જોવા આવનારાઓને બધું નથી બતાવતા; માત્ર ફિલ્મ કાપીને







ઉપર : માઉન્ટ ટેટન નૅશનલ પાર્કમાં આવેલું જૅકસન સરોવર; વચ્ચે : અમેરિકન રૉકી પર્વતો ઉપર ૧૩૪૦૬ ફીટની ઊંચાઇએ, આ પ્રવાસના ચારે ગોઠીઆઓ : ડાબી બાજુથી-કાન્તિલાલ શાહ, શાન્તિલાલ શાહ, આહમદ રસુલ અને અનન્ત પંડયા. નીચે : સેંટ લૉરેન્સ નદીના કિનારા પરના એક ખેતર પાસે ઓબ્રાયનના કુટુંબ સાથે.

કેમ તૈયાર કરે છે એ બતાવ્યું, પણ સેલ્યુલૉઇડ કેમ તૈયાર કરે છે એ ન જોયું. અલબત્ત, મકાન બતાવ્યું ખરૂં. કૅમેરાનું ખોખું કેમ તૈયાર થાય છે તે જોયું. લેન્સનો વિભાગ નથી બતાવતા. ભારે લેન્સમાં કોડાકના બહુ જ થોડા કૅમેરા બને છે. ઘણુંખરૂં તો જર્મન લેન્સ જ વપરાય છે. સાંજે ત્યાંથી નીકળી નેવું માઇલ દૂર આવેલા ઇથાકા પહોંચ્યા. અહીં કાયુગા સરોવરને કાંઠે કૉર્નેલ યુનિવર્સિટી છે. એક દહાડો રહ્યા. અહીં ત્રણચાર હિંદી વિદ્યાર્થીઓ છે. અહીંથી શિકાગો સુધી રમેશ મહેતા (ડૉ. સુમન્તના પુત્ર) સાથે આવેલા.


ત્યાંથી યંગસ્ટાઉન ગયા. અહીં લોઢાનું કારખાનું જોયું ને બીજે દહાડે ઍક્રાન ગયા. પ્રખ્યાત હવાઇ જહાજ ઍક્રાન અહીં બનાવેલું. એનો ખાલી પડેલો તબેલો જોયો. એને બદલે એવું જ મોટું બીજું જહાજ હવે બનાવશે. અલબત્ત એનો ડિઝાઇનર તો જર્મન જ હશે. આ લોકોને લડાઇઓ બહુ થોડી લડવી પડેલી એટલે અનુભવી કૅપ્ટન નથી મળતા. ઍક્રાનનો કૅપ્ટન બિનઅનુભવી હતો. તોફાનમાં ખોટા જ હુકમો આપ્યા, એટલે એનો નાશ થયો. અહીં પ્રખ્યાત ગુડઇયર ટાયરનું કારખાનું છે. શનિવાર હતો એટલે એ જોઇ ન શકયા. એનો બીજો પ્લાન્ટ (કારખાનું) લૉસ ઍન્જેલિસમાં છે એ જોઇશું.

બીજે દહાડે રવિવારે ઍન આર્બરમાં રહ્યા. અહીં થોડા હિંદી વિદ્યાર્થીઓ છે. ત્યાંથી સોમવારે ત્રીજી જુલાઇએ ડેટ્રૉઇટ પહોંચ્યા. તે દહાડે ફૉર્ડનું કારખાનું બંધ હતું અને બીજે દહાડે રજા હતી એટલે ત્યાં રોકાયા સિવાય જ શિકાગો પહોંચ્યા છીએ. ફૉર્ડનું કારખાનું વળતાં જોઇશું. અહીં Y.M.C.A.ની હૉટેલમાં છીએ. મેળાની તદ્દન નજીક છે, એટલે ઘણું અનુકૂળ પડે છે.

શિકાગો અગીઆરમીએ છોડીશું. જગતમેળો જોઇ લીધો છે. એને વિષે હવેના પત્રમાં લખીશ.

૨૨-૭-૩૩

Œ...શિકાગો અમે તારીખ ચોથી જુલાઇની બપોરે પહોંચ્યા અને બૉસ્ટનથી કુલ અઢી હજાર



યલોસ્ટોન કૅન્યનનું એક દશ્ય. કૅન્યન એટલે સેંકડો ફીટ ઊંચી પ્રચંડ ભેખડો. એ ભેખડોમાં પુષ્કળ રંગો પણ હોય છે



યલોસ્ટોન પાર્કમાંના અનેક ગેઈઝર (ઉકળતા પાણીના ફુવારા રૂપ જ્વાળામુખીનાં નાનાં મુખ)માંનો વિખ્યાત 'ઓલ્ડ ફેઇથફુલ' ગેઈઝર

માઇલની મુસાફરી પૂરી કરી.

નજીકમાં જ Y.M.C.A.ની હૉટેલ છે. એ મેળાની નજીક હોવાથી ત્યાં ઊતર્યાં. ચોથી જુલાઇ એ તો અમેરિકાનો સ્વાતંત્ર્ય દિન, એટલે રાત્રે દારૂખાનું ફોડે છે એ જોવા ગયા. ત્યાં નજર સામે એક ભયંકર હોનારત જોઇ. શિકાગો મિશિગન સરોવરને કાંઠે આવેલું છે. અમે સરોવર પર દૂરનું દારૂખાનું જોતા હતા. લગભગ લાખેક માણસો એકઠાં થયાં હશે. સોળસો ફૂટ ઉપર એક એરોપ્લેન ઊડતું હતું. એમાંથી એક માણસ પૅરૅશૂટ (હવાની છત્રી) સાથે પડ્યો. પરંતુ તદ્દન બીનઅનુભવી હતો કોઈ જાણીતા 'પૅરૅશૂટ જંપર'નું નામ ધારણ કરી 'સ્ટન્ટ'–દેખાવ–કરવા ગયો; પણ પૅરૅશૂટ ખોલતાં આવડી નહિ, એટલે દડાની જેમ અમારાથી વીસેક વાર દૂર પાણીમાં ઝીકાયો. સવારે મુર્દું હાથ લાગ્યું. દારૂખાનાના રસ કરતાં આ માણસની શોધ થતી હતી એમાં લોકોને વધારે ઇંતેજારી રહી.

બીજે દહાડે સવારે મેળો જોવા ગયા. દાખલ ફી પચાસ સેન્ટ છે. સૌથી પહેલું પ્લૅનેટેરિયમ (આકાશ ઘર) જોયું. એનાં પોસ્ટકાર્ડો અને આલ્બમો મોકલ્યાં છે. એ પરથી એનો ખ્યાલ આવશે.* અંદર ઓરડાને માથે અર્ધગોળાકાર ગુંબજ છે. વચ્ચે મશિન ગોઠવ્યું છે. અંધારું કરે એટલે બરોબર આકાશ જેવું લાગે; અને અરધા કલાકમાં તો સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રો વગેરેની આખા વર્ષની હીલચાલ બતાવી દે. સાથે એક બાઇ બધું સમજાવતી જાય. થોડાઘણા તારા અને નક્ષત્રો હું જાણતો હતો એ ઓળખી કાઢ્યા. આખી દુનિયામાં આવા બે પ્લૅનેટેરિયમ છે; એક અહીં શિકાગોમાં અને બીજું જર્મનીમાં. બંને વિખ્યાત

* એ વિશે વિસ્તૃત લેખ અગાઉ 'કુમાર'માં આવી ગયો છે.

જર્મન લેન્સ બનાવનાર ઝાઇસની માલિકીનાં છે. એ જોવાની ફી પચ્ચીસ સેન્ટ હતી.

હવે નકશા પ્રમાણે અમે પ્રદર્શન જોવાનું શરૂ કર્યું. પ્રદર્શન કેવુંક હશે, ખાસ શું જોવાનું હશે એ વિષે અનેક તર્કવિતર્ક કરેલા કોઇ કહે કે સરસ છે, કોઇ કહે કે મેળાવડા—રમત-ગમત—જેવું છે. અમે જોયા પછી નક્કી કર્યું કે નામ પ્રમાણે સદીની પ્રગતિ તો આબેહૂબ ખડી કરી છે; એટલે અમેરિકામાં રહેનાર ન જુએ તો સરસ જોવાનું ગુમાવ્યું ગણાય.

ચાલીને ન જોવું હોય એને માટે હાથગાડીની સગવડ છે. આ કામ કૉલેજના છોકરાઓ કરે છે. કોઇને ભોમીઓ સાથે રાખીને જોવું હોય તો કલાકના હિસાબે ઠરાવીને ભોમીઓ પણ મળી શકે. કૉલેજના એમ.એ. અને પીએચ.ડી.ની ડિગ્રીવાળા બધા એવા ભોમિયાનું કામ અહીં કરતા હતા. અમે ચોપડીમાં આપેલા નકશા પ્રમાણે જોવાનું શરૂ કર્યું. સૌથી પ્રથમ 'હજામોની કૉલેજ'નું પાટિયું નજરે પડ્યું! એક નાનું વાળ કાપવાનું સલૂન હતું. પૂછતાં જણાયું કે એ કૉલેજનો અભ્યાસક્રમ છ મહિનાનો છે, અને ગ્રૅજ્યુએટની ડિગ્રી આપે છે! અમેરિકાના ઘણા હજામો આ કૉલેજના ગ્રૅજ્યુએટ છે. ત્યાંથી આગળ એક ખેતીવાડીનો વિભાગ આવ્યો. જૂના વખતના હળથી માંડીને અત્યારનું યંત્ર દરેક ક્રમમાં બનાવેલું હતું. મૅક કૉર્મિકનું શોધેલું પ્રથમ હળયંત્ર અને આજનું યંત્ર બાજુબાજુમાં મૂકેલાં. એ સિવાય ઠેકઠેકાણે સીનેમાફિલ્મો, ફોટોગ્રાફો વગેરે તો સમજાવવા માટે હોય જ. ગવર્મૅન્ટ કેટકેટલી તપાસ રાખે છે એ પણ બતાવેલું. આ વિભાગમાં જુદીજુદી ખાવાની ચીજો—જેવી કે ફ્રોસ્ટેડ (કચરેલા) ઘઉં, વગેરે કેમ બને છે એ પણ નાના પાયા પર ફૅક્ટરી ઊભી કરીને બતાવતા હતા. આ બધું બતાવવામાં કોઈ ઠેકાણે હાથ તો લગાડે જ નહિ. અને દરેક કારખાના ઉપર ગવર્મૅન્ટની કડક દેખરેખ.

એ પછી અમેરિકન પૅવિલિયનમાં દાખલ થયા. અહીં ગોળાકારમાં દરેક સ્ટેટને માટે એકએક હૉલ હતો. એમાં સ્ટેટની જે કાંઈ વિશિષ્ટતા હોય એ દેખાડેલી. વચ્ચેનો વિભાગ ફેડરલ (સમસ્ત પંચ)નો હતો. એમાં આખા અમેરિકાની પ્રગતિ દેખાડેલીઃ



શિકાગોના મેળામાં 'હજામોની કૉલેજ'નો વિભાગ

જેવા કે તાર, ટપાલ, લશ્કર, નૌકાસૈન્ય, વિમાની બળ, ખેતીવાડી વગેરે. જ્યાંજ્યાં વિજ્ઞાને પ્રવેશ કર્યો છે એ દરેક વિભાગ બતાવેલો. દરેક વિભાગમાં અમેરિકન ગવર્મૅન્ટે શું કર્યું છે તે ખાસ બતાવેલું. આ પૂરું કરી સમાજશાસ્ત્રના હૉલમાં ગયા. આ વિભાગ અતિશય વિશાળ હતો. આ પૂરો કરતાં રાતના દસ વાગી ગયા. પછીનો દિવસ આરામ લીધો. શુક્રવારે ફરી વાર અંદર ગયા અને વિજ્ઞાનના હૉલથી શરૂઆત કરી. બધું ઉતાવળથી જોવા માંડ્યું, પણ છતાં યે અહીં જ સાંજ પડી ગઇ. અહીં ભૂસ્તરશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર વગેરે દરેક વૈજ્ઞાનિક શાખાની પ્રગતિ બતાવેલી. એનું વર્ણન લખી શકાય જ નહિ. અમે તો માત્ર ઉતાવળે નજર નાખીને ચાલ્યા જતા હતા, તોપણ આખો દિવસ વીતી ગયો! એક વિભાગમાં દરેક કંપનીએ પોતાનું પ્રદર્શન કરેલું. આ સિવાય ફાયરસ્ટોન કંપનીનાં મોટર ટાયર કેમ બને છે એ નાના પાયા પર ફૅક્ટરી કરીને દેખાડેલું. જનરલ મોટર્સવાળા જુદાજુદા ભાગ એકઠા કરી આખી મોટર કેમ બનાવે છે એ પણ બતાવતા હતા. એક ઠેકાણે લાખ્ખો વર્ષ પહેલાંના ઇતિહાસમાંના પૃથ્વી પરનાં પ્રાણીઓ (બનાવટી) ઊભાં કરેલાં.

આ ઉપરાંત જાપાન, ચીન અને યુરોપના કેટલાક દેશોના મંડપ પણ ઊભા કરેલા, પણ એમાં તો ખાસ કરીને એ દેશોની કારીગરીની ચીજો બતાવેલી. કેટલીક વેચાતી પણ હતી. આ સિવાય ઠેકઠેકાણે રમતગમતનાં સાધનો હતાં. ત્યાંનાં પોસ્ટકાર્ડો, ચોપડીઓ વગેરે સાહિત્ય શિકાગોથી રવાના કર્યું છે. મ્યુઝિયમમાંથી બીજાં કાર્ડ લીધેલાં તે પણ સાથે છે.

શિકાગોમાં સાત દિવસ રહ્યા. અહા! દુનિયાના

મેળા સિવાય બીજું કશું જોવાનું નહોતું, એટલે ૧૨મી જુલાઇએ બપોરે નીકળીને સાંજે શરબાના પહોંચ્યા. અહીં બીજે દહાડે ઇલીનૉઇની વિદ્યાપીઠ જોઈ આગળ ચાલ્યા. હવે પછીનો મુકામ ડેન્વેર પાસે રૉકી પર્વતનો નૅશનલ પાર્ક હતો. સપાટ પ્રદેશમાંથી કંટાળાભરેલી મુસાફરી શરૂ કરી. આ આખો વિભાગ ખેતીવાડીવાળો છે. મકાઇ એ મુખ્ય પાક છે. ગામો પણ બહુ લાંબે અંતરે આવવા લાગ્યાં. લોકો વધારે મળતાવડા અને ઓછાં ગંભીર લાગ્યા. વચ્ચે તો હિંદુસ્તાન જેવા ધૂળીઆ રસ્તા પણ હતા. શનિવારે સાંજે કોલોરાડો પ્રાંતના ડેન્વર શહેરમાં પહોંચ્યા. રૉકી પર્વતોની પહેલી હારમાળા અહીંથી શરૂ થાય છે. ડેન્વર ૫૦૦૦ ફીટની ઊંચાઇએ છે. આસપાસમાં કેટલીક સોનારૂપાની ખાણો છે; જો કે હમણાં તો ઘણીખરી બંધ છે. ડેન્વરથી પાંચ માઇલ દૂર ગોલ્ડનમાં ખાણની નિશાળ છે. અમેરિકામાં એ સૌથી સારી ગણાય છે. બીજે દહાડે રવિવાર હતો એટલે ખાણો ન જોઈ શક્યા.

બીજે દહાડે નૅશનલ પાર્કમાં પ્રવેશ કર્યો. નૅશનલ પાર્ક એટલે પર્વતોમાં કોઇ ઠેકાણે સરસ જગ્યા હોય એ ગવર્મેન્ટની દેખરેખ નીચે રહે. અહીં જમીન બધી ગવર્મેન્ટની માલિકીની. કૅમ્પ કરી શકાય, પણ ત્યાં જમીન કોઇને વેચાતી ન મળે. પાર્કના ફોટોગ્રાફો અને વર્ણનની ચોપડી મોકલીશું એટલે એનો બરોબર ખ્યાલ આવશે. એ બધામાં યલોસ્ટોન પાર્ક સૌથી સરસ ગણાય છે. બેએક દિનમાં ત્યાં પહોંચીશું.

રૉકી માઉન્ટન પાર્કનો પ્રવેશમાર્ગ ઝાડીમાંથી પસાર થાય છે. ઊંચે ને ઊંચે ચડતા અમે ૧૨,૯૦૦ ફીટ પહોંચ્યા. ૧૨,૦૦૦ ફીટ આગળ લીલોતરીની હદ પૂરી થઇ જાય છે. એની ઉપર કશું ઊગી શકતું નથી. માત્ર ઝીણું ઘાસ હોય છે. કેટલેક ઠેકાણે બરફ પણ હતો. જોકે અમે ધાર્યું એટલી ઠંડી તો નહોતી જ. ૮૦૦૦ ફીટ પર તો ગરમી લાગતી હતી! રસ્તો ૧૨,૯૫૦ ફીટ સુધી જઇ પછી નીચે ઉતરવા માંડે છે. મોટરનો આ રસ્તો દુનિયામાં સૌથી વધારે ઊંચાઇ પર હોવાનું ગણાય છે. પાર્કને બીજે છેડે પહોંચી ત્યાં રાત ગાળી મંગળવારે સાંજે યલોસ્ટોન પહોંચ્યા.

Ⓒ. . . ગયા પત્રમાં યલોસ્ટોન પાર્ક સુધીનું લખ્યું છે. આ સૌથી મોટો નૅશનલ પાર્ક છે. કુલ ૩૦૦૦ ચોરસ માઇલનો એનો વિસ્તાર છે અને નાના જ્વાળામુખી—ઉકળતા પાણીના ફુવારા તથા ઝરા (ગેયઝર)—માટે ખાસ વખણાય છે. દુનિયાના અર્ધા કરતાં વધારે નાના જ્વાળામુખી આટલા આ એક જ પાર્કમાં આવેલા છે! અત્યારે પણ કેટલાક તો ચાલુ છે. કેટલાક ઓચિંતા થોડો વખત ચાલે છે. પાણીમાં ગંધકની વાસ મુખ્ય છે. પાણી જમીન પર પથરાય એમાંથી વિવિધ રંગો થાય છે. રંગોનું આટલું મિશ્રણ એક જ જગાએ કોઇ વાર જોયું નથી. પાર્કના વર્ણનની ચોપડી, ફોટોગ્રાફો, રંગબેરંગી આલ્બમો વગેરે મોકલ્યાં છે તે ઉપરથી ખ્યાલ આવશે. એમાં લખવું શું એ સમજાતું નથી. પાર્કની વચ્ચે એક તળાવ છે. એમાંથી યલોસ્ટોન નદી વહે છે અને ત્યાંથી નીકળી તરતજ ૪૦૦ ફીટ નીચે ધોધના આકારમાં પડે છે અને ૧૨૦૦ ફીટ ઉંડી તદ્દન ઊભી ભેખડોની વચ્ચેથી ચાલી જાય છે. આવી ભેખડોને અહીં 'કૅન્યન' કહે છે. એ ભેખડોમાં પુષ્કળ રંગો હોય છે. ધોધ પડતો હતો એની વાછટમાં મેઘધનુષ્ય ઉત્પન્ન થાય છે અને ભેખડોના રંગો સાથે એના રંગો એકઠા થઇ વળી નવું અદ્દભુત દૃશ્ય ઊભું થાય છે. આથી પણ મોટો કૅન્યન ઍરીઝોના પ્રાંતમાં છે. એને ગ્રાન્ડ કૅન્યન કહે છે. એ તો દોઢ માઇલ ઊંડો છે અને એને તળીએ થઇને જબ્બર કોલોરાડો નદી વહે છે. ઉપરથી જોનારને તો એ જાજરમાન નદી માત્ર ઝીણી સફેદ લીટી જેવી લાગ છે! શ્રી. ગ્રેગે આ કૅન્યનને ભવ્યતામાં હિમાલય સાથે સરખાવેલો. અમે થોડા જ દિવસમાં તે જોઇશું.

યલોસ્ટોન પાર્કમાં રીંછો ઘણાં છે. એને દરરોજ ગવર્મેન્ટ તરફથી ખાવાનું અપાય છે. શિકાર કરવાની મનાઇ છે, એટલે રીંછો સહકુટુંબ, નિઃશંક રસ્તા પર ફર્યા કરે છે. માણસોના તો દોસ્ત બની ગયા છે. દરરોજ સાંજે મુકરર સમયે અને ઠેકાણે ગવર્મેન્ટ તરફથી બધા રીંછોને ઉજાણી અપાય છે. સો બસો રીંછો બચ્ચાંકચ્ચાં સાથે ત્યાં એકઠાં થાય છે એ જોવાની ખૂબ મઝા પડે છે.

એક દહાડો સવારે એક રીંછ અમારી કૅબિન પર આવી ચડ્યું. અમે એને બિસ્કિટ ખાવા આપ્યાં. અન્તુભાઇ એક થાળીમાં બિસ્કિટ રાખી બીજે હાથે

ખવડાવવા લાગ્યા ને મેં ફોટો પાડ્યો. ફોટો આ સાથે છે, તેમાં રીંછ છાતી પર પગ ટેકવીને ખાય છે. પણ એક પછી એક બિસ્કિટ ખાતાં એને કંટાળો આવ્યો. ઇશ્વરે થોડી અક્કલ આપી હશે, એટલે બિસ્કિટનું મૂળ સ્થાન તેણે શોધી કાઢ્યું અને છાતી પરથી પગ લઇ થાળીવાળો હાથ નીચો નમાવ્યો અને પછી એક ઝપાટે બધાં બિસ્કિટ ખતમ! રીંછે આ બધી ક્રિયાઓ ઘણી સભ્યતાથી ને ખાનદાનીપૂર્વક કરી. કદાચ માણસો-ના સહવાસને લીધે એ આવ્યું હશે. પણ રીંછમામા એટલેથી ધરાય શાના! તરત જ બે પગ મોટરની બારી ઉપર ટેકવ્યા અને અંદર મોઢું નાખી ચારે બાજુ નિરીક્ષણ કર્યું, પણ ખાવાનું જોયું નહિ એટલે થોડી રમત કરી ચાલતા થયા. અલબત્ત, આ બધી ક્રિયાઓ તેણે બહુ નિરાંતે અને સભ્યતાપૂર્વક કરી.

પાર્કમાં અત્યારે સીઝન હોવાથી ઘણા માણસો આવે છે, એટલે રહેવાની મઝા ન પડી. પાર્ક ૮૦૦૦ ફીટની ઊંચાઇએ છે. અહીં દિવસે તો ગરમી લાગે છે, પણ રાત્રે ઠંડી પડે છે. ત્રણ દિવસ અહીં રોકાઇ પચાસ માઇલ દૂર બીજો પાર્ક છે ત્યાં આવ્યા. અહીંથી યલોસ્ટોનના ફોટો–આલ્બમો વગેરે મોકલ્યું છે. સાથે જુદા બુકપોસ્ટથી નૅશનલ પાર્કની ચોપડી મોકલી છે એમાં વર્ણન આપ્યું છે. બેત્રણ દિવસમાં હવે સૉલ્ટ લેઇક સિટી પહોંચીશું, ત્યાં તમારી ટપાલ મળશે.

(ચાલુ) **શાન્તિ**

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ વખતનું પહેલું ઈનામ 'ગ્રામજીવનની વિશ્રાન્તિ' (ચિત્ર નં. ૧) માટે પાલનપુરના ભાઇ રમેશચંદ્ર છોટાલાલને મળે છે. પાત્રની સ્વપરાયણતા, નિશ્ચિંતતા તેમજ પોશાક વગેરેની સ્થાનિકતા સાથે સાફ ફોટોગ્રાફિક નિરૂપણ એ તેના ગુણો છે. બીજું ઇનામ લેનાર 'મારો વીર' (નં. ૬) એ વડોદરાથી પટેલ કાન્તિલાલે મોકલેલું બાલજીવનનું સૂચક અને સુરમ્ય ચિત્ર છે. હાથ ઢાંકનારને નહિ બતાવીને મુખ્ય પાત્રનો કોયડો તે ઉદ્ગારથી પ્રકટ કરી આપ્યો છે. પાત્રના મોં ઉપર, પોતાનો ઉદ્ગાર ખરો છે કે ખોટો તેના જવાબની ઇંતેજારી અને કુતૂહલભર્યો આનંદ સ્પષ્ટ છપાયો છે. આવું ચિત્ર ઘણું મોટું હોય તો ઘરની શોભા અને આનંદમાં વધારો કરે. ત્રીજું ઇનામ નં. ૪ વાળા ચિત્ર 'ઝાંખરાંમાં'માં બતાવેલી ફોટોગ્રાફ લેવાની સમયતત્પરતા માટે આણંદના સન્તુભાઇ કિશોરભાઇને મળે છે. પક્ષીઓની ફોટોગ્રાફી, અને તેમાં યે કાગડા જેવી ચતુર જાતને ઝડપવી, તે ભાગ્યે જ સફળ ઊતરે છે; વળી આવાં ઝડપી ચિત્રોમાં ચિત્ર સાથે તેના વર્ણો ને આકારોનું સમતોલન સાચવવું મુશ્કેલ પડે છે; છતાં આ ચિત્ર બંનેમાં પાર ઊતરે છે. નં. ૨ વાળું ભાઇ પ્રાણલાલ પટેલ (અમદાવાદ)નું ચિત્ર 'પરિશ્રમ' ચિત્રરચનામાં સફળ છે, પણ ભાવ ઉત્પન્ન કરનાર સાધનોની ઊણપવાળું લાગે છે. નં. ૩ એ 'પાટણનો અવશેષ રહેલો કિલ્લાનો ભાગ' છે. પ્રાચીન સ્થળોનાં આવાં ચિત્રો નોંધવામાં સાહિત્ય, કળા અને ઇતિહાસની મોટી સેવા થાય છે. પાટણના ભાઇ શંકરલાલ શાહનું આ ચિત્ર એવી સંપૂર્ણ ઉપયોગિતાવાળું છે. નં. ૭ નું 'ઘર તરફ' નામનું ભાઇ કનુ રાવત (અમદાવાદ)નું ચિત્ર નામનિર્દેશ પ્રમાણે સફળ છે અને ચિત્ર તરીકે કોઇપણ હરીફાઇમાં ઊભું રહે એવું છે, પરંતુ ફોટોગ્રાફિક ગુણ અને આકર્ષણમાં જરા પાછળ પડતું દેખાય છે. નં. ૫ ના ચિત્રમાં પાત્રો મઝાનાં પડ્યાં છે પરંતુ તેમની પ્રવૃત્તિ ચિત્રની ઢબને અનુકૂળ નથી. ભાઇ ઠાકોરદાસ ગાંધીએ રંગુનથી એ મોકલ્યું છે. પણ તેને વિષે એમણે લખ્યું છે તેમ એ બાળકો અરીસામાં જુએ છે એ સમજવું મુશ્કેલ પડે છે. આ છેલ્લાં ચારે ચિત્રોને ઉત્તેજન પારિતોષિક મળે છે.

નોંધપાત્ર ફોટોચિત્રો—ભાઇ રવીન્દ્ર દેસાઇ (રંગુન): તમારૂં બ્રહ્મદેશની બજારનું ચિત્ર સરસ ફોટોગ્રાફી છે, પરંતુ તેમાં ચિત્રયોગ્ય ભાગ તો વચમાં દેખાતી બે ખરીદનારી અને જમણી બાજુનો એક વેચનાર એટલો જ છે. તે રાખીને અમે ફોટો પાછળ બતાવેલી મર્યાદામાં મોટું કરશો તો ખરે બરૂ ચિત્ર બનશે. તમારૂં બીજું ચિત્ર 'પ્રિયવદન' પાડતાં જે પાછળનો પડદો છે તેનો ચતુરાઇથી ઉપયોગ કરો અને પાત્રોને સુરમ્ય નૈસર્ગિક અભિનયમાં રાખો તો ઘણાં ચિત્રો મળવા સંભવ છે. ભાઈ ગોકળદાસ રતનજી (મુંબઇ): તમારૂં 'કચ્છ માંડવીના મછવા' વધુ ચોખ્ખી ફોટોગ્રાફી અને આકૃતિઓનું સ્પષ્ટ તથા મોટું સ્વરૂપ માગે છે. દશ્ય આકર્ષક છે. ભાઇ સી. કુમાર (ખાનપુર): 'પ્રકૃતિ' ચિત્ર માટે તમને સરસ સમય અને સ્થળ મળ્યાં, પણ પાત્રોને યોગ્ય રૂચિકર અભિનયમાં રાખી ન શક્યા તેથી પ્રકટ કરવાને નાલાયક બન્યું. ભાઇ મદનરાય વખારિયા (સુરત): તમે પાડેલું 'અજન્તાનું શિલ્પ' સારી ફોટો-ગ્રાફી કહેવાય, પણ આકર્ષણભરી ગોઠવણ તેમાં નથી. એ સ્થળેથી તો અનેક સુંદર ચિત્રો લેવાની તક મળે તેમ છે. ભાઇ અચ્યુત કાપડિયા (મુંબઇ): તમારા 'લાઇનમૅન'ના ચિત્ર-માં ઉપરનો ખરો કામ કરનારો માણસ જ લેવાયો હોત તો તે છાયાપ્રકાશની નવીનતાભર્યું ચિત્ર બની જાત. ભાઈ જયન્ત મહેતા (પાલનપુર): 'નિર્દોષ' નામના ચિત્રમાં તમે બાળકને રમકડાનું માથું ચાવતું બતાવ્યું તેમાં સુરૂચિ નથી દેખાતી.

બાળકોના વિષયમાં કર્કશ કે ક્રૂર ભાવોની ચિત્રરચના ન શોભે. ભાઇ ધીમતરાય પુરોહિત (પાલનપુર): તમારો 'મુરલીધર' સાથળ સુધી સપ્રમાણ છે, પણ નીચેથી તેના પગ રાંટા છે. એટલો ભાગ ન બતાવો તો ચિત્ર કંઇક ઠીક બનશે એમાં મુરલી રાખવાની ઢબ અને આંખોનું ખેંચાણ બરોબર નથી.

આવતા અંકમાં મુંબાઈમાં ભરાએલા અખિલ હિંદના ફોટોચિત્ર-વિધાયકોની કૃતિઓના પ્રદર્શન ઉપર શ્રી બલવંત ભટ્ટની વિસ્તૃત અને સચિત્ર આલોચના વાંચવાનું ચૂકશો નહિ.



૧ 'ગ્રામજીવનની વિશ્રાન્તિ' (પહેલું ઇનામ); ૨ 'પરિશ્રમ' તથા ૩ 'પાટણનો આરરોય કિલ્લો' (ઉત્તેજના ઇનામ); ૪ 'ઝાંખરાંમાં' (ત્રીજું ઇનામ); ૫ અરીસામાં જોતાં બાળકો (ઉત્તેજના ઇનામ); ૬ 'મારો વીર' (બીજું ઇનામ); ૭ 'ઘર તરફ' (ઉત્તેજના ઇનામ).



બકરાંનું વાઘ

રબારી બકરાંનું વાઘ લઇ કાઠિયાવાડમાંથી ગુજરાત તરફ જતો હતો. વાઘમાં ૨૦૦–૨૫૦ બકરાં હતાં. ઉપરાંત થોડાં ગાડરાં હતાં. સાથે થોડો સામાનઉપાડવા માટે ચારપાંચ ગધેડાં હતાં.

'હેં ભાઈ, આ વાઘ કઇ તરફ લઇ જાઓ છો?'

'બાપુ, કાઠિયાવાડમાં પાણીની તાણ પડી છે એટલે ગુજરાતમાં જાશું. મે આવશે એટલે કાઠિયાવાડમાં પાછા ફરશું.'

'કાઠિયાવાડમાં પાણી તો છે. અમે બધા પીએ છીએ ને બકરાંને પાણી નથી મળતું?'

'નદીકાંઠે રહીએ તો તો પાણી મળે. તળાવ હોય તોય પાણી મળે. પણ કુવાનાં પાણી આટલાં બકરાંને શે પૂરાં થાય!'

'કાઠિયાવાડમાં રંગમતી છે, નાગમતી છે, ઉંડ ને ડોંડી છે, આજી ને ગરધુ છે, ભાદર છે. વળી શેત્રુંજી

ભેંસની જાત્રા

દેડકાની ગાડી,
માંહે બેઠી જાડી
ભેંશ અને પાડી
ગડ ગડ ગાડી.

ન્હાઈ ધોઈ ધોળી
ભેંશ મટી કાળી,
ભાતું ભર્યું પાલી,
જાતરાએ ચાલી.

ગામની ભાગોળે
સગા મળ્યા ટોળે,
તાણતાણી જોવે
ધોધમાર રોવે.

ટેકરા ને ખાડા
ભલે ઊભા આડા,
દેડકા તો જોડે
ઠેકા ઠેકા દોડે.

રેલ મળે રાહે
રાખી દેતા વાંહે,
મોટરનાં ઠોઠાં
પડી જતાં બોઠાં.

કૂદીપડયા જળમાં
પૂગી ગયા પળમાં,
તરી તરી પેટે
દ્વારકાને બેટે.

કુબજાના કાળા
કંથ ત્યાં રૂપાળા,
નંદના ગોવાળા
મંદિરમાં ભાળ્યા.

રાતોરાત જોડી
દેડકાની ગાડી
ભેંશ અને પાડી
ઉપડયા અગાડી.

અમદાવાદી લાડુ
ભરી લીધું ગાડું,
સુરતની ધારી
ખાધી પેટ ફાટી.

રણછોડ રાયા
બધી તારી માયા,
ભકતોને કાજે
ડાકોર બિરાજે.

ઝાંખી ત્યાં કીધી
પરસાદી લીધી,
બામણને સીધાં
દાન કરી દીધાં.

દેડકાની દોડે
આબુ ગડગડે;
ટોચે વસે અંબા
ખરી જગદંબા.

ડુંગરાની ધારે
માતાજીને પારે
ખાઇ પીને હેઠા
વાગોળવા બેઠા.

ભેંશ કહે: 'પાડી
જોડ હવે ગાડી,
ફરફર જાવું
રાત નથી રેવું.'

પાડી કહે: 'માજી
જેમ તમે રાજી.'
દેડકાને છોડી
ગાડે દીધા જોડી.

દેડકા તો ચાલ્યા
નવ રહ્યા ઝાલ્યા,
ગયા કેડે કેડે
દખ્ખણને છેડે.

એવા જોરે દોડયા
શરમાયા ઘોડા,
સૂરજ જ્યાં ઊગ્યા
રામેશ્વર પૂગ્યા.

ગણપતિના બાપા
રામજીએ થાપ્યા
રામેશ્વર નામ.
જાતરાનું ધામ.

જટાધારી જતિ
પારવતી પતિ;
બીલડીમાં મોહ્યા!
ભેંશ કરે જોયા.

રામેશ્વર રે'વું
માથાના ધા જેવું,

ને ઘેલો ને શેત્રુંજી છે; છતા તમારે મન નદીયું ખૂટી ને ગુજરાત જાવું પડે છે? વળી રાજકોટ આગળ સરખાર જેવડું મોટું તળાવ છે. કાઠિયાવાડમાં ને ભાલ-માં ગામડે ગામડે તળાવ છે તોય તમારે તળાવ ખૂટ્યા?'

'બાપુ નદીયું તો છે, પણ ભર ઉનાળે નદીયુંનાં નીર પણ સૂકાઇ જાય; તળાવ પણ સુકાઇ જાય. લોક બધાં વીરડા કરી પાણી ભરતાં હોય ત્યા આટલા બકરાંને શે પાણી પૂરૂં પડે? વળી ઉનાળે વનરાનો પણ સુકાઇ જાય, એટલે બીચારાં અબોલ પ્રાણી ખાય પણ શું? ઉનાળાની શરૂઆતમાં નીકળ્યા છીએ ને બે'ક મહીને ગુજરાત પો'ચશું. ગુજરાતમાં સાબર છે, મહીસાગર છે, નરબદાજી છે, તાપી છે. વળી ચરોતરનો લીલો-તરીવાળો દેશ છે એટલે બીચારાં બકરાં નીરાંતે રહેશે. વરસાદ શરૂ થશે એટલે પાછા કાઠિયાવાડમાં.'

'આમ વારેવારે આવજા કરો તે કરતાં બારે માસ ગુજરાતમા કા નથી રહેતા?'

'મે શરૂ થાય એટલે ગુજરાતમાં ન રહેવાય. ગુજરાતની ભોમ ચીકણી ને માટીવાળી. આથી બકરાં હાલી ન શકે. હાલતાં હાલતાં પગ લપસે ને પડી જાય. પગ ખરી જાય, પગની ખરી પાકે ને સડવા માંડે. બકરાંમાં ઉંટાટિયું પેસે. વાડામાં એક વાર ઉંટાટિયું પેઠું એટલે જાણે મરકી પેઠી. ટપોટપ એક પછી એક બધાં મરવા માંડે. આથી એકાદ મે વરસ્યો કે પાછા વળશું. કાઠિયાવાડનો મુલક ડુંગરાળ, ભોમ બધી કઠણ. વળી મે વરસે એટલે લીલોતરી પણ ઊગી નીકળે ને બકરાં માંદા ય ન પડે. અષાડના મે થાય ત્યાં તો ભાલ-માં થઇને ઝાલાવાડમાં ને શ્રાવણના મે વરસે ત્યાં તો ઝાલાવાડમાંથી પાંચાળ ને હાલાર તરફ પોગી જાઇએ. જો કચ્છથી આવ્યા હોઇએ તો શ્રાવણ ઉતર્યે મોરબી થઇ રણ વીંધી કચ્છ પહોંચી જાઇએ.'

'કચ્છ તો સૂકો દેશ. કચ્છમા રણ. કચ્છમાં નહિ ઝાડ નહિ પાન. કચ્છમાં ખારાં પાણી. કચ્છને કિનારે

લોક બોલે બોબુ
તામિલ તેલુગુ.

કાળા કાળા લોક
જતા થોકેથોક,
મા દીકરી સડકે
લોક ભાગી ભડકે.

આંહી નથી રે'વું
ઝટ ભાગી જાવું.
મન જ્યારે ઊડે
કેમ કરી ગોડે?

ગાડી લઈ પળ્યા
પૂરવમાં વળ્યા.
વાયુ વેગે જાતા
દીકરી ને માતા.

કલકત્તે આવી
ગાડી અટકાવી,
બામણીમાબાસો(વીશી)
રાત કર્યો વાસો.

કુળદેવી કાળી
લાંબી જીભાળી,
રોજ રોજ જાડો
ખાય એક પાડો.

માતાજીને સ્થાન
ગયા કરી સ્નાન,
ભેંશ પડી પાય
માના ગુણ ગાય.

માતાજીના દોરા
માદળીયા વો'ર્યા,
પૂજારીએ દીધા
પૈસા આપી લીધા.

વળતે દિ' વ્હાણે
સવારને ટાણે,
ચોઘડિયું સારૂં
પુરી જવા ધાર્યું.

જગન્નાથ પુરી
ધરમની ધુરી,
જેણે નવ જોયું
જીવતર ખોયું.

મથુરાના મર્કટ
ખરેખરા તર્કટ,
ભાળી ભેંશ ભોળી
ભાતું ગયા ચોરી.

જાડા જાડા ચોબા
પોકરાવે તોબા,
ભેંશ ત્યાંથી ભાગી
ગગડાવી ગાડી.

વિશ્વંભર ધણી
બનારસ ભણી
દોટ દઈ દોડ્યા
દેડકાના ઘોડા.

જતા જતા વાટે
કાશીજીને ઘાટે
સામા મળ્યા સાપ
અરરર બાપ!

દેડકાઓ ડરી
ડ્રાંઉં ડ્રાંઉં કરી,
ગોતે ઊંડા ખાડા
સાપ ફર્યા આડા.

ભૂખ્યાભૂખ્યા ડાંસ
સાપ વાંસોવાસ
ગાડી સાથે મળ્યા
દેડકાને ગળ્યા.

જગ થયું ખારૂં
જીવવું અકારૂં,
ધરમધ્યાન કરવું
કાશીમાં મરવું.

ભાંગી પડી ગાડી;
ભેંશ કહે: 'પાડી
પૂરવનાં પાપ
વેરી થયા સાપ.'

ભામણનાં ટોળાં
થાય રોજ ભેળાં,
પાઈ પાઈ જાચે
ભાગવત વાંચે.

કાશીના પુરાણી
એક આંખ કાણી,
કથા કરે તાણી
સુણે ભેંશ શાણી.

પ્રેમશંકર ભટ્ટ

રેતીના ઢુવા. એવા કચ્છ દેશમાં બકરાં કેમ કરીને રહે?'

'કચ્છ સૂકોભટ્ દેશ ખરો, પણ વરસાદ આવે ત્યારે લીલોતરી ઊગી નીકળે. કચ્છમાં રણ ખરું, પણ ઇ તો કચ્છને કાંઠેકાંઠે. રેતીના ઢુવા ખરા, પણ એમાં યે વરસાદ આવે આવળ ને બોરીંગણી ને મુડદાલ* ની લીલોતરી ને એવું એવું ઊગી નીકળે. પણ કચ્છનું પાણી તો જાણે ઘી જેવું. ઘી ખાઓ ને એ પાણી પીઓ બે ય બરાબર. કચ્છનાં ઢોર ઢાંગાં ને માણસ પણ શરીરે મોળાં કે માયકાંગલા નહિ. કચ્છમાં વાગડનો ભાગ બહુ સારો. વાગડમાં કપાસ સારો પાકે. વાગડમાં લીલોતરી ખૂબ ઊગે. વાગડમાં ઘણા ખેડુ વાડી કરે. વાગડનું પાણી બહુ સારું. કુવા ઉપર કોસનાં મંડાણ કરી ખેડુ વાડી કરે ને શાકભાજી ફળફૂલ ઉગાડે. માલધારી શિયાળો કચ્છમાં કાઢે. શિયાળો ઊતરવા આવે એટલે કાઠિયાવાડમાં આવે. ઉનાળો તપવા માંડે એટલે હાલાર ને ઝાલાવાડ મૂકી ભાલ રસ્તે ગુજરાતમાં ઊતરે.'

'ઠેઠ કચ્છમાંથી રબારી ગુજરાતમાં આવે?'

'કચ્છ તો શું પણ સંધના મુલકથી પણ ગુજરાતમા ઊતરે છે.'

'સિંધની ઉપરવાસ પંજાબ તરફ માલધારી ન જાય?'

'સંધના ઉપરવાસના મુલકના હોય ઇ પંજાબ તરફ જાય ને થરપારકરના રણને આ કાંઠે હોય ઇ ગુજરાતમાં ઊતરે.'

'તમારે તો આમ ને આમ વરસ આખું પગરસ્તે રખડવું પડે ખરું ને? આથી તમારે બીજો કાંઇ ધંધો તો ન થાય. તો પછી તમારું ગુજરાન શે હાલે?'

'અમે બકરાં વેચીને પૈસા મેળવીએ. વળી ચોમાસું ઊતર્યે બકરાંના વાળ કાતરી લઇએ એને કાંતીને દોરડાં ભાંગીએ. ઇ દોરડાંની બળદની રાશ થાય, જોતરાં થાય, ખાટલાનાં વા'ણ થાય. ગાડરાંની ઊન કાંતી ધાબળા પણ વણાવીએ. ધાબળા વેચી પૈસા રળીએ. બકરાંનું દૂધ વેચીએ. ઇ દૂધ માંદાં માણસને ને ખડી રોગવાળાંને, ને બચ્ચાંને માટે બહુ નરવું. ગામડામાં દૂધ વેચીએ ને વાણીઆ વેપારી એનું ઘી કરી લોકવરણને વેચે. વળી અમારી પાસે તાવડી હોય એમાં દૂધ ઊનું કરીને માવો બનાવીને વેચીએ. ઇ માવાની મિઠાઇ થાય.'

'આમ સામટાં બકરાં ગાડરાં હોય એમાંથી કોઇ ખોવાઇ ન જાય કે કોઇ ભૂલું ન પડે?'

'બકરાંગાડરાંનું એક સુખ એ કે ટોળાંથી છુટાં ન પડે. ચરતુંચરતું કોઇ નોખું પડી જાય તો તરત દોડતું ટોળા ભેગું થઇ જાય. ગાડરાં તો એકની પાછળ બીજું એમ હાલ્યાં આવે. અમે પણ એકલદોકલ ન નીકળીએ. બેપાંચ ભાઇ ભત્રીજા સાથે હોય. કોઈ આગળ હાલે, કોઇ વચ્ચે હાલે, કોઇ સહુની પાછળ હાલે. જંગલી જાનવરની ગંધ માણસ કરતાં પશુને વહેલી આવે. જંગલી જાનવરની ગંધ આવે કે તરત બધાં સાવધ થઇને ટોળાં ભેગાં થઇ જાય. અને આજકાલનાં વાઘવરુ તે અમારે મન શા હિસાબમાં! ઇ કુતરાં તો એક કડિયાળી પડે કે ભોં ભેગાં. માથા ઉપર એક ડાંગ પડે તો બીજી ન માગે. હાથ ઉપર ધાબળો વીંટી દીપડાના મોઢામાં જો ખોસીએ ને તે મોઢું ફાટ્યું રહે. સાસ રૂંધાણો કે જમીન ઉપર ઢળી પડે. છુટવાને ઘણાં ય ઝાંવાં નાખે, પંજો મારે, નહોર ભરાવે, પણ આખરે થાકીને હેઠો પડે. પછી એકાદ કડિયાળી ખોપરીમાં વાગી કે ભૂક્કા નીકળી જાય.

વળી બકરાં આઘાંપાછાં થયાં જણાય તો અમારે એક સિસકારે સહુ દોડીને ટોળા ભેગાં થઇ જાય. બકરાં ગાડરાં તો એક સિસકારે થંભી જાય ને એક સિસકારે હાલવા માંડે. ઇ તો જેવો સિસકારો. અમે એકેએક જાનવરને ઓળખી કાઢીએ. એકાદ ઓછું હોય તો તરત અમને ખબર પડી જાય. ખોવાણું કે તરત અડખેપડખે તપાસ કરીએ ને એવો સિસકારો કરીએ કે બકરું હોય ત્યાંથી અમારી પાસે દોડ્યું આવે.'

'બકરું ગમે ઇ લીલોતરી ખાય કે?'

'કહેવત છે કે 'ઊંટ મેલે આકડો ને બકરી મેલે કાંકરો.'' બાકી તો જેવી વનસ્પતિ ખાય એવું દૂધ આપે. ડુંગળી લસણ જેવી ગંધવાળી વનસ્પતિ ચરે તો દૂધમાં એની ગંધ પેસે. બાકી બકરાંનું દૂધ સારું. જીભને જરા ફરસું લાગે. પણ શે'રના લોક ઇ દૂધ ચામાં નાખે તો ભેંસનાં દૂધને ભુલાવે. બકરાં તો આવળ ખાય, બાવળ ખાય, આમલી ખાય, પીપર ખાય, જે ભાળે ઇ ખાય. કપાસિયા પણ ખાય ને ઘઉં બાજરો યે ખાય. જે માણસ ઘેર બકરી પાળે ઇ સવારે અરધો શેર ઘઉં કે કપાસિયા નીરે એટલે બકરી સાંજ પડ્યે કસવાળું ને બમણું દૂધ દે.'

* એક જાતની લીલોતરી.

'તમે આમ ફરતા ફરો છો, તે ખાવાપીવાનું શું?'

'દૂધ, ઘી, માવો વેચી પૈસા મળે એમાંથી અનાજ લઇએ. વળી આડખેપડખેનાં ગામડાંમાં ખબર પડે કે બકરાંનું વાઘ આવે છે એટલે ખેડુ હોય ઇ માગણી કરે કે અમારા ખેતરમાં રાતવાસો કરજો. અમારા ખેતરમાં બપોર આદજો. બકરાંઘેટાંની લીંડી ને મૂતરનું ખાતર બહુ સારૂં. જાણે કાચું સોનું. ઈ ખાતરે બમણું અનાજ પાકે. એક રાત જેના ખેતરમાં રહીએ એનો ધણી પાંચ મણ અનાજ આપે. બપોરાં કરીએ તો બે મણ અનાજ આપે. અનાજ સામટું થાય તો વેચી નાખીએ. અમારી સાથે ત્રણચાર ગધેડા રાખીએ એના ઉપર અમારી બધી ઘરવખરી રહે. જ્યાં રોકાઇએ ત્યાં રોટલો ઘડી ખાઇ લઇએ. અમને સાથે ગધેડાં રાખવાં બહુ પોસાય; કારણકે બકરાંની માફક ગધેડાં પણ ગમે ત્યાં ચરી ખાય, ને વળી લાદીએ એટલો ભાર ઉપાડે. ગધેડાં જેવું પ્રાણી ઘડવા માટે ભગવાનનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો.'

'સાંજ પડયે કોઇ ગામ ન આવે તો રાતવાસાનું શું?'

'અમે ગામમાં રાતવાસો ન કરીએ. સીમમાં જ પડયા રહીએ. ભાણુ ડૂબ્યે જ્યાં હોઇએ ત્યાં રાત રહી જઇએ. રસ્તામાં પણ ગામ આવે તો ગામ સોંસરા ન નીકળીએ; પડખેથી તરીને જઇએ. કાંઈ હટાણું કરવું હોય તો જ એકાદ જણ ગામમાં જઇ આવે.'

'રસ્તામાં કોઇ બકરૂં વીઆય તો?'

'બકરૂં વીઆય એનાં લવારાને નાખીએ ગધેડાંના છાલકામાં ને કાં તો અમારા ખભા ઉપર ઉપાડી લઇએ. કોઇ સાજુંમાંદું થાય તો પણ ખભા ઉપર કે છાલકામાં. અને બકરી તો વરસમાં બે વાર વીઆય. એટલે બાર મહિને બમણાં થઇ જાય. કોઇકોઈ બકરીને એક સાથે એકને બદલે બે બચ્ચાં પણ આવે. બચ્ચું મહિના કે પંદર દિ'નું થાય એટલે વાઘમાં ચાલવા માંડે.'

'તમે પાછા પણ આ જ રસ્તે વળશો કે?'

'હા બાપુ, અમારો તો આ કાયમનો મારગ. જાવું યે આ મારગે ને આવવું યે આ મારગે.'

'ઠીક ત્યારે, રામરામ; તમને બહુ ખોટી કર્યા હો.'

'એમાં શું? અમને તમ સરખાં માણસનો સંગાથ ક્યાંથી? અમે તો જંગલનાં માનવી ને તમે તો શે'રના વસનારા. તમ જેવા ભણેલા માણસ અમારી સાથે આટલી વાત કરે; બાકી કેટલાક ભણેલા તો અમારી સામું યે ન જુએ. ને અમને ઇ ચશ્માવાળા ને ઉજળાં લૂગડાં પે'રી ગોટપિટ કરતા માણસ સાથે વાત કરતાં પણ બીક લાગે. આજ અમારો તમારો આટલો મેળાપ થયો, તે હવે થોડું દૂધ પીતા જાઓ. ને આ થોડો તાજો માવો છે ઇ પણ ચાખતા જાઓ. આટલી અમારી પરોણાગત સ્વીકારો.'

'હજી સાંજ તો પડી નથી ને બકરૂં દોવા દેશે?'

'બકરાં તો જ્યારે દોવો ત્યારે દોવા દે. એક ટાંટિયો પકડીને વાટકામાં શેડ કાઢી લઇએ. ગાય ભેંસની પેઠે સવારસાંજ જ દોવાય એવું નહિ.'

રબારીએ એક બકરીનો પાછલો એક પગ પકડીને વાટકામાં થોડું દૂધ દોહી લીધું. દૂધ તો બહુ સારૂં ને સ્વાદિષ્ટ હતું. સ્હેજ ફરસું હતું. માવો પણ સારો હતો. બીજા માવાને ભુલાવે એવો. થાન ને સીહોરના વખણાતા પેંડામાં બકરાઘેટાંના દૂધનો માવો વપરાય છે ને વાંકાનેરની ચામાં બકરાંનું દૂધ હોય છે એમ સહુ વાત કરે છે એ સાવ ખોટું નહિ હોય.

'આવજો હો ભાઇ, રામરામ.'

'મેં કહ્યું રામરામ.'

વેણીલાલ બૂચ

નવાં પુસ્તકો

અવશેષ: લેખક-'ધૂમકેતુ', સોલએજન્ટ-ગુજરાત સાહિત્ય મંદિર અમદાવાદ, ૧-૪-૦; **તણખા મંડળ પહેલું** (આકર્ષક પૂઠા વાળી ત્રીજી આવૃત્તિ): લેખક તથા પ્રકાશક ઉપર મુજબ, ૧-૮-૦; **સત્યાગ્રહ**: લે. સમાજશાસ્ત્રી, પ્રકાશક-હિન્દુસ્તાન ન્યુસપેપર્સ લિ., કિં. ૦-૧૨-૦; **મહાન વિગ્રહ પછીની જર્મનીમાં કેળવણીની પ્રણાલિ**: લેખક શ્રી ગજાનન ઉ. ભટ્ટના અંગ્રેજી ઉપરથી અનુવાદક-ગિરીશ મયારામ ભટ્ટ, પ્રકાશક-શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર ભાવનગર, કિં. ૦-૧૨-૦; **દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ** (પ્રથમ ખંડ): લેખક-મોહનદાસ કરમચંદ ગાંધી, પ્રકાશક-નવજીવન પ્રકાશનમંદિર અમદાવાદ, ૦-૧૨-૦; **સાગરસમ્રાટ**: જુલે વર્નના પુસ્તક ઉપરથી સંક્ષિપ્ત કરનાર-મૂળશંકર મોહનલાલ ભટ્ટ, પ્રકાશક-શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર ભાવનગર, ૦-૧૨-૦; **નવી ગરબાવળી**: લેખક-ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ, પ્રકાશક-બાલોદ્યાન કાર્યાલય વડોદરા, ૦-૪-૦; **કર્મમાર્ગ**: લે. તથા પ્ર. હરિલાલ બાપુલાલ કાપડિયા, સાંકડીશેરી અમદાવાદ, ૦-૯-૦.



માધુકરી

ખરે વિષમ આ સમો, કુટિલ કાલમુખો કલિ
ભયંકર કરી ભવાં, જીવ પ્રજાળતો સૃષ્ટિનાઃ
પૂજી જડ રૂપો થયા મનુજ શું સ્વયં પત્થરોઃ
ક્રમે અનુજને બધે સકલ સૃષ્ટિ પે આમંતઃ
ભલે પ્રખર હો કલિ ફરી જાગો બધે વહ્નિ શો,
થતો ગયકાલ ગ્રહી યુગ રાઙ ગાઢાસત્યનો.

—રમણલાલ સોની

સ્વ. મટુભાઇ કાંટાવાળા

પ્રભુ! તારાં તેડાં તે શાં અણધાર્યાં
ન્હોતું કોઈ જોતું હતું તુજ વાટ;
પ્રભુ તેં તો સ્વપ્ને બધાં વણસાડ્યાં
ધાકે મારે કાળજે વસમા ઉચાટ.

પ્રસિદ્ધ 'સાહિત્ય' માસિકના નવેમ્બર અંકમાં કવિશ્રી ખબરદારનું 'પ્રભુનાં તેડાં' નામનું એક હૃદયદ્રાવક ગીત છપાયું છે. એ કદાચ એમનું અંતિમ ગીત નીવડે એવી જીવલેણ માંદગી તેઓ ભોગવી રહ્યા છે તેની નીચે તંત્રીનોંધમાં શ્રી મટુભાઇએ ટૂંકુ ટિપ્પણ નોંધી પ્રાર્થના કરી છે કે 'પ્રભુ એમને આરામ આપે.' . . . પણ વિધિના કઠોર વિધાનની કોને ખબર હતી કે એ જ મટુભાઈ માટે એ જ ગીતની પહેલી કડીનું સહસા જ ઉપર મુજબ રૂપાન્તર કરવા જેવો દુઃખદ પ્રસંગ આવી પડશે, અને કવિશ્રી ખબરદાર સાથે આપણે જ ઈચ્છવાનું રહેશે કે પ્રભુ શ્રી મટુભાઇના આત્માને આરામ આપે?

ફાલીફૂલી ફૂલવાડીમાંથી શીળા શેરડા અને છાંયડા દેતાં ઘેરઘટાળાં વૃક્ષો એક પછી એક ગન્ધવતીની ગોદમાં લપાય એવો આ કરુણ કિસ્સો છે. એમના પિતાશ્રી રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળા આજથી બે વર્ષ ઉપર—સંવત ૧૯૯૭ માં બોલતા ચાલતા ને સંપૂર્ણ શુદ્ધિ સાથે એકાએક હરિશરણ થયા હતા, અને ત્યાર પછી છએક મહિને જ એમનું વિશાળ કુટુંબ માતાવિહોણું બની જાય છે! એ 'બા'ની અવસાનનોંધમાં શ્રી મટુભાઇએ 'સાહિત્ય' માં લખેલા શબ્દો હજી તો લીલા છેઃ 'રીબાયા વગર, સ્વાભાવિક રીતે, એ સ્વર્ગવાસી થઇ. જેવું ધન્ય જીવન હતું, તેવું જ ધન્ય મૃત્યુ આવ્યું અમારે હવે શું ઇચ્છવું રહ્યું છે? એવું ધન્ય જીવન ને અંતે એવું ધન્ય મૃત્યુ આવે એ જ બસ અંતરની ઈચ્છા' અને શ્રી મટુભાઇના અંતરની ઇચ્છા, તેમના શબ્દેશબ્દ પ્રમાણે મૂર્તિમંત થએલી આપણે જોઇએ છીએ! પંદરમા નવેમ્બરના બુધવારની સવારે તો પોતે નિયમસર પોતાની મિલમાં જાય છે, કામ પર આરૂઢ થાય છે; અગિયારેકને શુમારે મિલમાં ફરવા નીકળે છે અને ફરતાંફરતાં જ એકાએક 'ફૂંક' નીકળી જાય છે! મજબૂત બાંધો, કદાવર દેહ, નખમાં ય રોગ નહિ, એવા તંદુરસ્ત તેજદાર મટુભાઇનું આમ એકાએક અવસાન થાય છે! ધન્ય જીવન અને 'રીબાયા વગરનો' સ્વાભાવિક ધન્ય સ્વર્ગવાસ! વિરલ પુણ્યાત્માઓનું જ એવું નિર્માણ સર્જાયું હોય છે.

અને શ્રી મટુભાઈ એવા પુણ્યાત્મન્ હતા, 'ધન્ય' હતા. એમનું નિખાલસ હૃદય એટલે નિર્મલ સ્વચ્છ બિલોરી અરીસો. એમના શ્વાસમાં સેવાની સુવાસ હતીઃ એમની કાયા કર્તવ્યની મૂર્તિ હતી. એમના જીવનમાંથી ક્યાંયે ત્યાં શોધી વળોઃ કટુતાનો અંશ સરખો નહિ મળે. જ્યાં નજર નાખશો ત્યાં નરી મધુરતા જ મળશે. પોતે મૂડીદાર હતા, છતાં મૂડીવાદના મદથી તેમના અણુએ અણુ અલિપ્ત હતા. એમના સરખા બધે મિલોના એજન્ટ એક જ દીઠા, જેમણે પોતાના તમામ કામદારો સાથે પાવાગઢનો પ્રવાસ કર્યો હોય. એ જ એ નિખાલસ દિલના મિલ એજન્ટ, જેમણે 'મિલ-ઉદ્યોગ વિરુદ્ધ હાથવણાટ'ની હિમાયત વિષે ઐતિહાસિક બની જાય એવી સરસ નોંધ 'સાહિત્ય'માં લખી હતી. પોતે મિલ એજન્ટ હતા, પણ શુદ્ધ સ્વદેશી; અને 'શુદ્ધ' એટલે વાણી તેવા જ વર્તનવાળા જન્મસંસ્કારી.

જેવા એ સાચા સ્વદેશી હતા એવા જ સાચા ગુજરાતી હતા. એમ.એ.ની પરીક્ષામાં ગુજરાતી ભાષાને સ્થાન મળ્યા પછી ગુજરાતી લઇને એમ.એ. થનાર મટુભાઇ પહેલા હતા. અને ગુજરાતી ભાષા દ્વારા એમ.એ. થનાર મટુભાઇએ કેવળ પરીક્ષામાં ઉત્તીર્ણ થવા પૂરતો જ ગુજરાતી ભાષાનો ઉપયોગ ન કર્યો, પરંતુ છેલ્લા શ્વાસ પર્યંત આગળી એ માતૃભાષાની સેવા, શુદ્ધ ગુર્જર પૂજારી સ્વરૂપે તેમણે બજાવી છે. તેમના તંત્રીપદેથી બબ્બે દાયકા થયાં પ્રકટ થતા 'સાહિત્ય' માસિકને

તો સૌ જાણે છે: એ 'સાહિત્ય'ની નોંધોએ, તેનાં અંગાવલોકનોએ—શ્રી મટુભાઇના વિશિષ્ટ પ્રકારના લાક્ષણિક વ્યક્તિત્વ વડે—ઘણા ઉછરતા લેખકોને માતૃભાષા પ્રત્યે સદ્ભાવ અને ભક્તિ, બીજા કોઇ કરતાં વધારે પ્રમાણમાં ઉત્પન્ન કરાવ્યાં છે. ગુજરાતી ભાષાશૈલી પર જાણ્યેઅજાણ્યે પણ ઇંગ્લિશ લેબાસ ચડી ગયો હોય તો તે મટુભાઇની દૃષ્ટિમાંથી છટકી શકતો જ નહિ. તળપદી ભાષા, સાદી છતાં મધુર શૈલી, વ્યાકરણ અને વિરામચિહ્નો સુધીની વાત લક્ષમાં રાખીને એ 'અંગાવલોકન' કરતા.

માતૃભાષાના એ પરમ પૂજક મટુભાઇની સતત સાહિત્યસેવા સુપ્રસિદ્ધ છે. 'સાહિત્ય' માસિકે જ બધાં માસિકોમાં પહેલ પાડી આપી, કે નિયમિત પ્રકાશન બની શકે છે. કુદરતના ક્રમનિયમ જેટલું જ નિયમિત જીવન જીવનાર અને એ ધન્ય જીવનને જીતનાર મટુભાઇએ 'સંસારલીલા' તથા 'વીતક વાતો' અને 'પ્રેમાનંદનાં જ નાટકો' નામે જે ત્રણ ગ્રંથો લખ્યા છે, તેનું વિશિષ્ટ સ્થાન સાહિત્યસૃષ્ટિમાં છે. સરસ્વતીના એ પૂજારી, ૧૯૧૨માં વડોદરા મુકામે ભરાએલી ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી હતા, અને વડોદરાની સાહિત્યસભાના ખજાનચી ઉપરાંત પ્રમુખને હોદ્દે પણ હતા.

સાહિત્યસૃષ્ટિમાં મટુભાઈ જેવા નિરાડંબરી સાક્ષર હતા તેવા જ સમાજસૃષ્ટિના ચુસ્ત સંસારસુધારક હતા. પોતે સંસારસુધારક ખરા, પણ સુધારાના અન્ધ પૂજક મુદ્દલ નહિ. વડોદરા રાજ્યના છુટાછેડાને લગતા કાયદા સામે, ઇંગ્લિશતાની વાનરનકલી સુધારાઓ સામે અને પવિત્ર આર્ય મહિલાને લાંચ્છન રૂપ લાગે એ જાતની કેળવણી કે સંસ્કાર સામે તેમણે સખ્તમાં સખ્ત વિરોધનો જે નિર્ઘોષ કર્યો છે તેનું સ્મરણ કરનારને પ્રતીતિ થશે કે મટુભાઈ ઝાંઝવાંનાં જળ કે આગિયાનાં તેજ સરખા સુધારાના સમર્થક નહોતા, પણ આર્યાવર્તને છાજતા સંસારની હિમાયત કરનાર સંયમશીલ સુધારક હતા.

સ્વ. મટુભાઇ હતા નગરના ભૂષણ રૂપ નાગરિક, પ્રજાના નમૂનેદાર નેતા અને છતાં નામદાર ગાયકવાડને દિલાસાનો તાર કરવો પડે એટલા રાજપ્રિય હતા. બૅંકના ડિરેક્ટર થવાય, શહેર સુધરાઈના ઉપાધ્યક્ષ થવાય, મુંબઇ યુનિવર્સિટીની સેનેટમાં જવાય, વડોદરા રાજ્યના પ્રજાકીય વિધવિધ હોદ્દા ભોગવાય કે પાટણના પ્રજામંડળના પ્રમુખ થવાય,—એ સઘળું જ બની શકે છે, પણ હોદ્દાને સાંગોપાંગ શોભાવવો-કાતિલમાં કાતિલ કસોટીઓમાંથી અણીશુદ્ધ પાર ઊતરીને તીક્ષ્ણમાં તીક્ષ્ણ ફરજનાં કરજ ફેડવાં, તે જ વસ્તુ સ્મરણીય બને છે; અને એવાં ગૌરવશીલ સ્મરણો મટુભાઇ મૂકતા ગયા છે.

'ગુજરાતી'ના તંત્રીલેખમાં સાચું જ લખ્યું છે કે 'તેઓ આમવર્ગના પ્રતિનિધિ થવામાં ખરું માન સમજતા હતા. એ વર્ગની દાઝ એમને હૈયે સદા ઝગતી હતી; અને શું સાહિત્યસેવામાં કે શું લોકસેવામાં, શું રાજમાન્ય સંબંધોમાં કે શું સામાન્ય લોકસંબંધોમાં એ સ્થાન તેમણે ગૌરવભરી રીતે અંત પર્યંત જાળવ્યું હતું.' વડોદરામાં તો તેઓ 'રાજા પ્રજા વચ્ચે સોનાની સાંકળ–સોનાના પૂલ જેવા હતા, સ્વતંત્ર ખવાસના હોઈ તેઓ પક્ષભેદથી પર હતા. પોતાના સંકટ વખતે પ્રજા તેમની પાસે હક્કપૂર્વક દોડી જતી. સલાહ કે સહાય માટે ગમે તે માણસ તેમને મળી શકતો અને કદી ખાલી પાછો ન આવતો.'

વડોદરામાં જન્મ લીધો (તા. ૧-૧૧-૧૮૮૦) અને વડોદરામાં વનપ્રવેશ કીધો: જીવનની ત્રેપન જેટલી શરદો વડોદરે જ ઝીલી અને વડોદરે જ તેમની નીલમલીલી સંસારવાડી ખીલી. આ રીતે મટુભાઇએ પોતાના જન્મ-વતન-વડોદરાને દીપાવ્યું, માતૃભાષાની અનન્ય ભક્તિ વડે ગુજરાતના માતૃવતનને શોભાવ્યું: સ્વદેશીના વફાદાર પૂજક તરીકે સારા રાષ્ટ્રમંદિરને સમુજ્જ્વલ રાખ્યું: એવા શ્રી મટુભાઇ શ્રીસંપન્ન હતા, મિત્રસંપન્ન હતા, સંસ્કારપૂર્ણ સંતતિસંપન્ન પણ હતા.

ગુજરાતના, ગુજરાતની જનતાના, ગુજરાતી સાહિત્યના, વડોદરા રાજ્યની સમસ્ત પ્રજાના, નિરાડંબરી ને નિરભિમાની, સાદા અને સાચા એ પરમ પ્રભાવશાળી પ્રતિનિધિને વંદન હો. એમના પુણ્યાત્માનું સદૈવ પરમાત્માના હૃદયમાં સ્થાન હો.
('ખડાયતામિત્ર' ઉપરથી) —કેશવ હ. શેઠ

હોડાનગર

જાફરાબાદની પૂર્વે ત્રણ માઈલ દૂર બાબરકોટ નામનું ગામ આવેલું છે. ત્યાં જવા માટે સમુદ્રના કિનારેકિનારે ચાલવું પડે છે. આ કિનારાનો ભાગ રેતીવાળો હોવાથી સમુદ્રનાં મોજાંઓ લાંબે સુધી પથરાઈ વિખરાઈ જાય છે અને કિનારાની જમીનને કુદરતી રીતે બારીક રેતીવાળી, મખમલ જેવી લીસી, સુંવાળી ને પોચી બનાવી મૂકે છે. જાફરાબાદથી બાબરકોટ જતાં બે માઈલ સુધી આવો કિનારો એકસરખો આવે છે. આ રસ્તે ખુલ્લે પગે ચાલવાની ખૂબ મઝા આવે છે; કારણકે સમુદ્રનાં મોજાં કુદરતી રીતે જ આપણા પગ સાથે અથડાઇ ફીણના ગોટેગોટા બનાવતા રેતીવાળા વિશાળ તટ ઉપર એવાં વિચિત્ર રીતે ફેલાઇ જાય છે અને પાછા સમુદ્રના પાણીમાં ભેળાઈ જાય છે કે આપણે આ કુદરતી દેખાવ આખો દિવસ જોયા કરીએ તોપણ તૃપ્તિ થતી નથી. આ કિનારા ઉપર દર વર્ષે દૂરેથી ઉત્તરાયણ સુધી વલસાડ, બીલીમોરા વગેરે ગામોના માછીમારો પોતાનાં વહાણો (કે જેને અહીં હોડા કહેવામાં આવે છે) લઇ માછલાં પકડવા માટે આવે છે. આવાં વહાણો કોઇકોઈ વાર તો લગભગ બસોથી સો સુધીની સંખ્યામાં આવે છે. અહીં તેઓ પોતાનાં કામચલાઉ ઝૂંપડાં બનાવે છે. બધાં વહાણોના માછીઓ ઘણુંકરીને એકીસાથે જ માછલાં પકડવા જાય છે. દસબાર માણસો પણ માંડમાંડ ઊંચકી શકે તેવી મોટી જાળોને લગભગ સાતઆઠ મણના વજનવાળા મોટા પથરો સાથે તેના ચારે છેડા બાંધી દરિયામાં નાખે છે, અને જ્યારે તે માછલાંથી ભરાઇ જાય છે ત્યારે વહાણોમાં ઠાલવી

લે છે. આ પ્રમાણે વહાણો પૂરાં ભરીને કાંઠા ઉપર લાવ્યા બાદ સૌ હારબંધ ઊભા રહી ટોપલા વતી વહાણો ખાલી કરવાના કામમાં લાગી જાય છે. એ ખાલી થયા બાદ માછલાંના નાનામોટા વડ પાડી ખુલ્લા મેદાનમાં થાંભલાઓ સાથે બાંધેલી દોરીઓ ઉપર વળગણીની માફક બબ્બે માછલાંનાં મોં સામસામાં ભરાવી સૂકવવા લટકાવી દે છે, અને સૂકાઈ ગયા પછી તેનાં મોટાં બંડલો બાંધી વહાણો મારફત દેશાવર મોકલવામાં આવે છે. આ માટે મુંબઈ અથવા બીજાં શહેરોમાંથી મુસલમાન વેપારીઓ આવી એ ઝુંપડાંઓ પાસે જ પોતાની દુકાનો ખોલે છે તેમજ હૉટેલો અને બીજી પરચુરણ ચીજોની દુકાનો પણ ખડી થઈ જાય છે, એટલે આ સ્થળનો દેખાવ એક નાના નગર જેવો થઇ રહે છે. આ કારણથી તેને હોડાનગર કહેવામાં આવે છે.

—કેશવલાલ જટાશંકર મહેતા

સમય માપવાનાં સાધનો

માનવી સમયની કિંમત પ્રીછતો થયો ત્યારથી તે આજ સુધીમાં અનેકવિધ પદ્ધતિઓ તેના માપ માટે તેણે યોજી છે. તેમાં મુખ્ય સિદ્ધાન્ત સદોદિત ગતિનો છે. આકાશમાં નિયમિત ભ્રમણ કરતો સૂર્ય, પાણી અથવા રેતીનો ચોક્કસ માપનો પ્રવાહ, સળગતી મીણબત્તી કે તેલનો દીવો, આવાં આવાં જે કંઇ સાધનો ચોક્કસાઈભર્યો સદોદિત ગતિપ્રવાહ આપી શકે તેનો ઉપયોગ માનવીએ વિવિધ દેશોમાં કર્યો છે, અને છેક ઈસ્વીસનની ચૌદમી સદી સુધી તે થતો હતો. આ અંકના છેલ્લા પાનામાં એ સાધનો અનુક્રમે નીચે મુજબ દર્શાવ્યાં છે: ડાબી બાજુ ઉપર પ્રાચીન મિસરવાસીઓની સમય માપવાની પદ્ધતિ દર્શાવેલી છે. તેમાં પૂર્વ-પશ્ચિમ છેડા રહે તેવી રીતે આંકાવાળી એક પટી સવારના પહોરમાં મૂકવામાં આવતી, જેને બરાબર કાટખૂણે આવી રહેલી બીજી પટીનો પડછાયો જેમજેમ સૂર્ય ચડતો જાય તેમતેમ જુદાજુદા આંકાઓ ઉપર પડતો જતો, ને તે મુજબ સમય જાણતા. મધ્યાહ્ને એ પટીને ફેરવીને પશ્ચિમ-પૂર્વ કરી નાખવામાં આવતી અને નમતા જતા સૂર્યનો પ્રકાશ એ રીતે તેના પર પડતો. આ પદ્ધતિમાં આગળ જતાં ફેરફાર થઇને પ્રાચીન યુરોપમાં પ્રચલિત છાયાયંત્ર યોજાયું જેના બે પ્રકાર (ઊભુ તથા આડું) એ જ ચિત્રમાં દર્શાવ્યા છે. સમય માપવાની બીજી પદ્ધતિમાં પાણીના પ્રવાહનો ઉપયોગ થતો તે તો આપણે ત્યાં પ્રચલિત ઘટિકાયંત્ર (ઘડી)થી જાણીતો છે. પાણી ભરેલા વાસણમાં ચોક્કસ માપનું કાણાવાળુ બીજું વાસણ મૂકવાને લીધે કાણામાંથી ધીમેધીમે પાણી ભરાતું જઈ અંતે નાનું વાસણ ડૂબી જાય ત્યારે એક ઘડી પૂરી થએલી ગણાતી અને ત્યાં હાજર રહેલો માણસ વાસણને ખાલી કરીને ફરી તરતું મૂકતો. પ્રાચીન ચીનમાં પણ આ પદ્ધતિ ચાલુ હતી. તેમાં સુધારો થઇને પશ્ચિમના દેશોમાં, છેલ્લા ચિત્રમાં બતાવ્યા મુજબના આંકાવાળા વાસણની યોજના થઈ, જેમાં પ્રવેશતા પાણીની રેખાથી દર્શાવાતા આંકા પ્રમાણે સમયનું માપ જણાતું. જમણી તરફથી બીજા ચિત્રમાં જણાવેલી પદ્ધતિ જરા જુદા પ્રકારની છે, જેમાં પાણી પ્રવેશવાને બદલે વાસણમાંથી નીકળી જઇને તેની સપાટીની ઊતરતી જતી રેખા વડે કલાકના આંકા દર્શાવાતા જાય છે.

૧૨૦ વર્ષનાં માતા ગંગાનાથ

ક્વચિત જ સાંભળવામાં આવતી આટલી મોટી ઉંમરનાં આ માતા ગંગાનાથ હાલ લાઠીમાં વસે છે, પણ એમનું જન્મસ્થાન તો મારવાડ. સંવત ૧૮૬૯માં જોધપુરમાં એમનો જન્મ થયો હતો.



આઠ વર્ષની ઉંમરે એમના ભાઈનું પાણીમાં ડૂબવાથી મૃત્યુ થયું એ પ્રસંગે એમનું ચિત્ત આ સંસાર પરથી ઉઠાડી મૂક્યું અને જોધપુર પાસેની નાથબાવાની જગ્યામાં જઈ કુમળી વયે ગુરુજ્ઞાન મેળવી આજીવન અવિવાહિત રહેવાનો એમણે નિરધાર કર્યો તથા સંસારત્યાગની દીક્ષા લીધી. જોધપુરમાં એમણે ઘણાં વરસ વીતાવ્યાં અને પછી અમદાવાદમાં માણેકચોકમાંની નાથબાવાની જગ્યામાં આવી વાસ કર્યો. તેઓ કહે છે કે એ વેળા સાબરમતીનો પૂલ બંધાતો હતો. ત્યાર બાદ સં. ૧૯૫૦ લગભગમાં તે લાઠી ગયાં અને સ્વ. રાજકવિ કલાપીના આગ્રહથી ત્યાં જ રહ્યાં. ત્યાં એમણે નદીકિનારે જગ્યા બંધાવી આપી ત્યાં ગંગાનાથ ગાયો રાખતાં અને ગોપાલન કરતાં પાછળથી શરીર વૃદ્ધ થવાથી એ પ્રવૃત્તિ એમણે છોડી દીધી છે અને હાલ એ જગ્યાની પરસાળમાં પથારી રાખે છે ને પ્રભુભક્તિમાં જીવન ગાળે છે.

લાઠીના આજના વૃદ્ધોને પૂછતાં કહે છે કે એમણે માતાને હંમેશાં આ જ સ્થિતિમાં જોયાં છે અને એમના દેખાવ કે કાંતિમાં કદી ફેર થયો નથી. એમણે આજ સુધી અયાચક વ્રત પાળ્યું છે—ભીક્ષા કદી માગી નથી—અને આપમેળે એમનું ગુજરાન નભ્યા કર્યું છે. એમની તંદુરસ્તી એકધારી સારી જ રહ્યા કરી છે. ખોરાકમાં ઘઉંની બાફેલી ઘુઘરી કે બાજરીજુવારના રોટલા, ચટણી ને છાશ લે છે. ચા પ્રત્યે એમને તિરસ્કાર છે. આંખોનું તેજ હજુ સુધી સારું છે. બોલતાં થાક જણાતો નથી. દિવસરાત મળીને એકાદ કલાકની ઊંઘ ભાગ્યે જ લે છે એમ કહે છે. તેઓ જણાવે છે કે અવિવાહિત અને ભક્તિમય જીવન એ એમના આટલા અદ્ભુત આરોગ્યની કૂંચી છે, અને સૌને બ્રહ્મચર્યનું મહત્ત્વ ખાસ ઠસાવે છે.

—ધૈર્યચંદ્ર બુદ્ધ




કોઇ સારા પ્રાણી-સંગ્રહસ્થાનમાં જ હોઇ શકે એટલી વિવિધ જાતનાં ૪૮ પ્રાણીઓ 'કુમાર'ના આ આવડા પાનામાં સમાયાં છે. તમે એમને ઓળખી શકો છો? આવતા અંકમાં એમનાં નામની યાદી આપીશું દરમ્યાન તમે પ્રયત્ન તો કરો.

એક જણને કોઇ માણસ વિષે ખૂબ ગાળો ને ગુસ્સાપૂર્વક બોલતો સાંભળી લિંકને તેને કહ્યું કે આમ બખાળા કાઢવા કરતાં તમારો રોષ તેને ઉદ્દેશીને એક પત્રમાં લખી કાઢો. પેલાએ એવો કાગળ લખી લિંકનને વંચાવતાં તેણે તેમાં ઊતરેલી કડકાઇનાં વખાણ કર્યાં. લખનારે ખુશ થઇને પૂછ્યું, 'હવે આ એને મોકલવો કેવી રીતે?' 'મોકલવો?'– લિંકને પૂછ્યું: 'હું તો કદિ એવા કાગળ મોકલતો નથી. માત્ર એ રીતે મનનું ઝેર કાઢી નાખું છું, ને એથી ઘણો લાભ થાય છે.'

અનેકાર્થી શબ્દ: **રંજક**=ખુશ કરનારૂં; થોડુંક; રંગરેજ; બંદુકના કાન ઉપર મૂકવાનો દારૂ; ઉશ્કેરણી; હીંગળોક.

વીંછીના ડંખ પર ડુંગળીનો રસ લગાડવા ઉપરાંત થોડો પાવાથી ફાયદો થશે. કોઈ પણ ઝેર સામે એ ટક્કર ઝીલે છે. હડકાયું કુતરૂં કરડયું હોય ત્યાં પણ ડુંગળીનો રસ પાવાથી ઝેર ચડતું અટકે છે.

એવી ગણતરી કાઢવામાં આવી છે કે નરી આંખે આકાશમાં માત્ર બે હજાર જ તારા ગણી શકાય છે.



દેશોમાં દેખાતી પ્રાણી-આકૃતિ: જાપાન 'દરિયાઈ ઘોડા' નામની માછલી જેવો છે.

મીઠા લીમડાનાં પાંદડાંની રાખ કણજિયા તેલમાં કાલવી ગડગુમડ ઉપર ચોપડવાથી તરત ફાયદો થાય છે.

પહોળા મોંની શીશીમાં બે ભાગ ગ્લિસરિન અને એક ભાગ પાણી થોડાં ગુલાબજળનાં ટીપાં સાથે મેળવી રાખીને ચાઠાં ઉપર દિવસમાં બે ત્રણ વાર લગાડતા રહેવાથી શરીર પરના ગમે તેવા સાદા ડાઘ નાબૂદ થશે.

આપણે કોઇને ઘેર જઇને તેને બોલાવવા હોય તો જેમ હાંક પાડીએ છીએ, વિલાયતમાં ઘંટડીનું બટન દબાવે છે, તેમ જાપાનમાં બારણે જઇને તાળી પાડવાનો રિવાજ છે. તાળી સાંભળીને ધરધણી આવે અને બારણું ઉઘાડે.



દુનિયામાં સૌથી લાંબી (૯૬") મૂછોવાળા લાડીના આહિર દેશૂરભાઇની પિછાન 'કુમાર'ના સત્તરમા અંકમાં આવી ગઇ છે. શિકાગોના આ વર્ષના જગતમેળાના પ્રદર્શન માટે ખાસ આમંત્રણથી તે ગએલા. ત્યાં તેમનું મગજ એ દેશનાં વૈભવ સમૃદ્ધિ જોઇને અસ્થિર થઇ ગયું અને પાછા ફરતાં ભરદરીએ સ્ટીમરમાંથી ભુસ્કો મારી તેમણે આપઘાત કર્યો.



સમય માપવાનાં સાધનો: ડાબી બાજુથી: ઉપર–પ્રાચીન મિસરવાસીઓનું છાયાયંત્ર; નીચે તથા પડખે–તે પછીના કાળનાં છાયાયંત્રો; ચિત્ર ૪થું–પાણીમાં છિદ્રવાળું વાસણ મૂકીને સમય માપવાનું ઘટિકાયંત્ર; છેલ્લું ચિત્ર–એ જ પદ્ધતિનું પણ સુધારેલું આંકાવાળુ ઘટિકાયંત્ર: ચિત્ર પાંચમું–વાસણમાંથી પાણી નીકળી જઇને સમયના માપનો આંક બતાવતું યંત્ર. આ યંત્રોને લગતી વિસ્તૃત વિગતો માટે આ અંકની માધુકરીમાં આ જ નામનો લેખ જુઓ. બીજાં સાધનોનાં ચિત્રો આવતા અંકે